અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો સુદ ૩ | અંક : ૬૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ભારતને સેમિકન્ડક્ટરનું હબ બનાવવાનું પીએમનું સપનું

### ભારત-સિંગાપોર દ્વિપક્ષીય સહયોગ વધારવા માટે સેમિકન્ડક્ટર પર ધ્યાન કેન્દ્રિત કરીને અદ્યતન ઉત્પાદનને પ્રોત્સાહન આપવા સંમત થયા હતા





। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના સિંગાપોરના સમકક્ષ લોરેન્સ વોંગ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કર્યા બાદ સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે સિંગાપોરની અગ્રણી કંપનીઓમાંની એકની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેઓએ આ મહત્વપૂર્ણ ઉદ્યોગમાં સહકારની રીતો પર ચર્ચા કરી. છેવટે, સેમિકન્ડક્ટર શું છે, જેના માટે પીએમ મોદી ભારતને હબ બનાવવા માંગે છે? તમને આ પણ કહેશે. પરંતુ પહેલા જાણી લો કે પીએમ મોદી વોંગના આમંત્રણ પર બે દિવસીય સિંગાપોરની મુલાકાતે છે.

ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બંને નેતાઓએ AEM હોલ્ડિંગ્સ લિમિટેડની મુલાકાત લીધી હતી જ્યાં તેઓને વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં કંપનીની ભૂમિકા, તેની કામગીરી અને ભારત માટેની તેની યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. વિદેશ મંત્રાલય (MEA) ના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર માહિતી આપી, "અદ્યતન ઉત્પાદન ક્ષેત્રે સંબંધોને પ્રોત્સાહન આપવું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને (સિંગાપોરના) વડા પ્રધાન લોરેન્સ વોંગે આજે સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે સિંગાપોરની અગ્રણી કંપની AEM હોલ્ડિંગ્સ લિમિટેડની મુલાકાત લીધી હતી. સિંગાપોર સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રી એસોસિએશને દેશમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના વિકાસ અને ભારત સાથે સહકારની તકો વિશે માહિતી આપી હતી. "ભારતમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ વિકસાવવાના અમારા પ્રયાસોને ધ્યાનમાં રાખીને અને આ ક્ષેત્રમાં સિંગાપોરની કુશળતાને ધ્યાનમાં રાખીને, બંને પક્ષોએ દ્વિપક્ષીય સહયોગને વિસ્તૃત કરવાનો નિર્ણય લીધો છે," તેમણે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે પીએમ મોદી ભારતને સેમિકન્ડક્ટર હબ બનાવવા માંગે છે. ભારત-સિંગાપોર મંત્રી સ્તરીય રાઉન્ડ ટેબલ દરમિયાન, બંને પક્ષો દ્વિપક્ષીય સહયોગ વધારવા માટે સેમિકન્ડક્ટર પર ધ્યાન કેન્દ્રિત કરીને અદ્યતન ઉત્પાદનને પ્રોત્સાહન આપવા સંમત થયા હતા, નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ઈકોસિસ્ટમ પાર્ટનરશીપ પર એમઓયુને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. સિંગાપોરના પીએમ વોંગને ૧૧ સપ્ટેમ્બરે ગ્રેટર નોઈડામાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. જયસ્વાલે AEMમાં કામ કરતા સિંગાપોરના તાલીમાર્થીઓ અને ભારતીય ઈજનેરો સાથેની વાતચીત પર લખ્યું, જેમણે AEM હેઠળ ભારતની મુલાકાત લીધી છે." બંને નેતાઓ દ્વારા કંપનીની મુલાકાત આ ક્ષેત્રમાં સહકાર માટે બંને પક્ષોની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મોદીએ તેમની સાથે AEM હોલ્ડિંગ્સ લિમિટેડની મુલાકાત લેવા બદલ પ્રમુખ વોંગની પ્રશંસા કરી હતી. વડાપ્રધાન મોદીએ સિંગાપોરની સેમિકન્ડક્ટર કંપનીઓને ૧૧ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન ગ્રેટર નોઈડામાં યોજાનાર સેમિકોન ઈન્ડિયા પ્રદર્શનમાં ભાગ લેવા માટે પણ આમંત્રણ આપ્યું હતું. બ્રુનેઈની મુલાકાત પૂર્ણ કરીને મોદી સિંગાપુર પહોંચી ગયા છે. સેમિકન્ડક્ટર અર્ધચાલક છે. આજકાલ, સેમિકન્ડક્ટરનો ઉપયોગ સ્માર્ટ ફોન, સ્માર્ટ કમ્પ્યુટિંગ, સ્માર્ટ ટીવી વગેરે સહિત અન્ય તમામ ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં થાય છે. આ સેમિકન્ડક્ટર્સ સિલિકોન, જર્મેનિયમ, ગેલિયમ આર્સેનાઈડ વગેરેમાંથી બનાવવામાં આવે છે જે હવાના મુક્ત પ્રવાહને મંજૂરી આપે છે અથવા તેને પાછળ ધકેલે છે. તેઓ ઉત્તમ ઈન્સ્યુલેટર તરીકે પણ કામ કરે છે. તે ચોક્કસ પરિસ્થિતિઓમાં ઈલેક્ટ્રોનને તેની અંદર વહેવા દે છે. તેનો ઉપયોગ મેમરી ઉપકરણો, માઈક્રોપ્રોસેસર્સ અને CMOS સેન્સરમાં થાય છે.

## ન્યૂઝ બ્રિફ

### ભગવંત માન સરકારે પંજાબમાં વીજળી સબસિડી હટાવી દીધી



। (એજન્સી) ચંદીગઢ, તા.૫ ।

પંજાબમાં આમ આદમી પાર્ટીને મોટો આંચકો લાગ્યો છે. ભગવંત માન સરકારે વીજળી પરની સબસિડી હટાવી દીધી છે. ગુરુવારે પંજાબ કેબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં અનુક્રમે ૬૧ પૈસા અને ૯૨ પૈસા પ્રતિ લીટરનો વધારો કરવામાં આવ્યો હતો. આ સાથે ૭ કિલોવોટ સુધીના ઘરેલું વીજ ગ્રાહકો માટે ઉપલબ્ધ સબસિડીવાળી વીજળી યોજના પણ પાછી ખેંચી લેવામાં આવી છે. મુખ્યમંત્રી ભગવંત માનની અધ્યક્ષતામાં મળેલી મંત્રી પરિષદની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

### હરિયાણામાં ૨૪ કલાકમાં ધડાધડ ૨૦ રાજીનામા પડ્યા

। (એજન્સી) । ચંદીગઢ, તા.૫ ।

ભાજપે બુધવારે હરિયાણાની ૯૦ વિધાનસભા બેઠકોની ચૂંટણી માટે ૬૭ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. પરંતુ આ યાદી જાહેર થયા બાદ ભાજપને તેના નેતાઓની નારાજગીનો પણ સામનો કરવો પડ્યો છે. ઘણા નેતાઓએ પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. કેટલાકે અપક્ષ તરીકે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. ઉર્જા મંત્રી રણજીત સિંહ ચૌટાલા અને ધારાસભ્ય લક્ષ્મણ દાસ નાપા સહિત ઘણા નેતાઓએ ટિકિટ ન મળવા પર નારાજગી વ્યક્ત કરીને પક્ષ છોડવાની જાહેરાત કરી છે. જુઓ અત્યાર સુધી કયા નેતાઓએ પક્ષ સાથે છેડો ફાડ્યો છે. લક્ષ્મણ નાપાઃ રતિયાના ધારાસભ્યએ ટિકિટ ન મળવાના કારણે ભાજપમાંથી રાજીનામું આપ્યું છે.

### ખાલિસ્તાની પક્ષે એકાએક ટેકો પાછો ખેંચી લીધો

## કેનેડા પર આવી પડ્યું મોટું ધર્મ સંકટ! જસ્ટિન ટ્રૂડોની ખુરશી ખતરામાં

। (એજન્સી) ટોરન્ટો, તા.૫ ।



કેનેડામાં રાજકીય સંકટ ઊભું થયું છે. કેનેડાની ભારત વિરોધી જસ્ટિન ટ્રૂડો સરકાર સંકટમાં આવી ગઈ છે. ખાલિસ્તાનીઓના ટેકાથી ચાલતી ટ્રૂડો સરકારને ખાલિસ્તાની પક્ષે એકાએક ટેકો પાછો ખેંચી લેતા સરકાર લઘુમતીમાં આવી ગઈ છે. કેનેડામાં ટૂંક સમયમાં ચૂંટણી આવી રહી છે ત્યારે એ પહેલાં જ ખાલિસ્તાનવાદીઓના પક્ષે ટ્રૂડો સરકારને આંચકો આપ્યો છે. કેનેડા ખાલિસ્તાનીઓની તરફેણ કરીને ભારત સામે શિંગડાં ભેરવનાર કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોને ત્યાંના ખાલિસ્તાની નેતાએ મોટો ઝટકો આપ્યો છે. ટ્રૂડોની સરકારને મોટો ઝટકો આપતા તેમના મુખ્ય સહયોગી જગમીત સિંહની ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (NDP) એ લિબરલ પાર્ટીને આપેલું સમર્થન પાછું ખેંચી લીધું છે. તે આગામી સામાન્ય ચૂંટણીના એક વર્ષ પહેલા ટ્રૂડોની લઘુમતી સરકારને જોખમમાં મૂકી દીધી છે. પાર્ટીએ બુધવારે બપોરે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલા એક વીડિયોમાં આ જાહેરાત કરી હતી. આ જોડાણ જૂન ૨૦૨૫ની ચૂંટણી સુધી ચાલવાનું હતું. ટ્રૂડોની લઘુમતી સરકારને સત્તામાં રહેવામાં મદદ કરનારા ખાલિસ્તાનવાદી પક્ષ એનડીપીના વડા જગમીતસિંહે કેનેડાના વડાપ્રધાન પર કોર્પોરેટ લાલચ સામે ઝૂકી જવાનો આક્ષેપ કર્યો હતો. જગમીત સિંહે દાવો કર્યો હતો કે ઉદારમતવાદીઓએ લોકોને નિરાશ કર્યા છે. "જસ્ટિન ટ્રૂડોએ વારંવાર સાબિત કર્યું છે કે તે હંમેશાં કોર્પોરેટ દબાણને વશ થઈ જાય છે. તેઓ કેનેડિયનો તરફથી બીજી તકને લાયક નથી. આગળ એક બીજી, એનાથી પણ મોટી લડાઈ છે. ખાલિસ્તાનવાદી એનડીપીના પ્રવક્તાના જણાવ્યા અનુસાર આ સમર્થન પારત લેવાની વિચારણા છેલ્લા બે અઠવાડિયાથી કરવામાં આવી રહી હતી. કેનેડાના સીબીસી ન્યૂઝે એક વરિષ્ઠ સરકારી સૂત્રને ટાંકીને અહેવાલ આપ્યો છે કે વડાપ્રધાનના કાર્યાલયને ઈટીમાં બપોરે ૧૨:૪૭ વાગ્યે જાણ કરવામાં આવી હતી, જ્યારે જગમીતસિંહે ઈટી પર બપોરે ૧૨:૫૫ વાગ્યે વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. જગમીતસિંહે એમ પણ કહ્યું છે કે તેમની પાર્ટી એનડીપી ચૂંટણી માટે તૈયાર છે.

### આ કેસમાં ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ચુકાદો આવશે

## સીએમ અરવિંદ કેજરીવાલના જામીન ઉપર સુપ્રીમ કોર્ટે ચુકાદો અનામત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।



સુપ્રીમ કોર્ટે ગુરુવાર (૫ સપ્ટેમ્બર ૨૦૨૪)ના રોજ દિલ્હી દારૂ નીતિ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન પર ચુકાદો અનામત રાખ્યો છે. આ કેસમાં ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ચુકાદો આવશે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરુવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે કથિત દારૂ કૌભાંડમાં સીબીઆઈએ લગભગ બે વર્ષ સુધી તેમની ધરપકડ કરી નહોતી અને જ્યારે ઈડી દ્વારા દાખલ કરાયેલા મની લોન્ડરિંગ કેસમાં જામીન મળ્યા ત્યારે ૨૬ જૂને ધરપકડ કરી. તેમના વકીલ અભિષેક સિંઘવીએ કોર્ટને જણાવ્યું કે ધરપકડ પહેલાં સીબીઆઈએ તેમને કોઈ નોટિસ આપી નહોતી. વકીલ અભિષેક મનુ સિંઘવીએ સુપ્રીમ કોર્ટને દિલ્હીના મુખ્યમંત્રી માટે જામીનની વિનંતી કરતા કહ્યું કે અરવિંદ કેજરીવાલ એક બંધારણીય પદના પદાધિકારી છે અને તેમના ભાગી જવાનો કોઈ ખતરો નથી. આના પર એસવી રાજુએ કહ્યું કે કાયદામાં કોઈ ખાસ વ્યક્તિ નથી હોતી, બધા સામાન્ય માણસ હોય છે. એસજી રાજુએ સુપ્રીમ કોર્ટને કહ્યું, "મને જણાવવામાં આવ્યું છે કે કોર્ટે પણ ચાર્જશીટનું સંજ્ઞાન લીધું છે. એનો અર્થ એ છે કે પ્રથમ દૃષ્ટિએ કેસ બને છે. આજે જો માનનીય જસ્ટિસ સીએમ કેજરીવાલને જામીન આપે છે તો તે હાઈકોર્ટ માટે મનોબળ તોડનારી બાબત હશે." કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે અહીં સવાલ એ છે કે શું જામીનના કેસમાં અમારે આટલો લાંબો સમય સુનાવણી કરવી જોઈએ? શું સામાન્ય લોકોને પણ આટલો સમય મળે છે?

### છેવટે માની શરદ પવારની વાત

## CM પદ પર દાવો કરતી ઉદ્ધવ સેનાનું કોંગ્રેસ-શરદ પવાર આગળ સરેન્ડર

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।



ઉદ્ધવ ઠાકરેની શિવસેના યુબીટીએ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી પહેલા મુખ્યમંત્રી પદ પર દાવો કર્યા બાદ પાછીપાની કરી છે. કોંગ્રેસ અને શરદ પવાર જૂથે ઠાકરેને દાવાને મહત્વ ન આપતા છેવટે પાર્ટીના નેતા સંજય રાઉતે મુખ્યમંત્રી પદ અંગે મહત્વની ટિપ્પણી કરી છે. રાઉતે કહ્યું કે, મહાવિકાસ અઘાડી (MVA)ના મુખ્યમંત્રી પદના ઉમેદવાર અંગે ચૂંટણી બાદ પણ વાતચીત થઈ શકે છે. સંજય રાઉતે કહ્યું કે, 'મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે એમવીએના મુખ્યમંત્રી પદના ચહેરા અંગે ચૂંટણી બાદ પણ વાતચીત થઈ શકે છે. હાલ અમારું લક્ષ્ય રાજ્યમાંથી ભ્રષ્ટ વર્તમાન સરકારને હટાવવાનું છે.' આ પહેલા શરદ પવારે કહ્યું હતું કે, હાલ એમવીએને મુખ્યમંત્રી પદ માટે ચહેરો જાહેર કરવાની કોઈ જરૂર નથી. આ અંગેનો નિર્ણય ચૂંટણી પરિણામો બાદ સંખ્યાબળના આધારે લઈ શકાય છે. ગઈકાલે પવારે આપેલા નિવેદન બાદ આજે સંજય રાઉતે કહ્યું કે, 'પવાર સાહેબ ૧૦૦ ટકા સત્ય કહી રહ્યા છે. આ (મહાયુતિ) ત્રણ પક્ષોની સરકાર છે અને મહારાષ્ટ્રમાં એમવીએને જ બહુમતી મળી રહી છે. અમારું પ્રથમ કામ વર્તમાન સરકારને હટાવવાનું છે. અમે પછી કોઈપણ સમયે મુખ્યમંત્રી પદ અંગે વાત કરી શકીએ છીએ.' રાઉતના નિવેદન બાદ એવું લાગી રહ્યું છે કે, તેમની પાર્ટીએ મુખ્યમંત્રી પદના દાવા પરથી પાછીપાની કરી છે. આ ઉપરાંત શિવસેના નેતા આદિત્ય ઠાકરેએ બુધવારે કહ્યું હતું કે, એમવીએના સાથી પક્ષો વચ્ચે મુખ્યમંત્રી પદ અંગે કોઈપણ મતભેદ નથી.

### ખરાબ વર્તનના કારણે રાજીનામું આપવાની માંગ કરી

## SEBI ચેરપર્સન માધબીની મુશ્કેલી વધી, કર્મચારીઓ જ રસ્તા પર ઊતર્યા

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।



માર્કેટ રેગ્યુલેટર સેબીના ચેરપર્સન માધબી પુરી બુચ હિન્ડનબર્ગ, કોંગ્રેસ, સહકર્મચારીઓ સહિત ત્રણેય બાજુથી ભીંસમાં આવી ગયા છે. સેબીના કર્મચારીઓએ આજે સેબીના હેડ ક્વાર્ટર ખાતે માધબી વિરૂદ્ધ દેખાવો કર્યા હતા. તેમજ તેમના ખરાબ વર્તનના કારણે રાજીનામું આપવાની માંગ કરી હતી. આજે મુંબઈમાં સેબીની ઑફિસ સમક્ષ ૨૦૦ જેટલા કર્મચારીઓએ વિરોધ પ્રદશનો કર્યા હતા. અગાઉ નાણા મંત્રાલયને માધબીના દુર્વ્યવહાર અંગે પત્ર પણ લખ્યો હતો. સેબીના કર્મચારીઓએ થોડા કલાકો સુધી દેખાવો કર્યા બાદ પાછા ઑફિસમાં કામ પર લાગ્યા હતા. સેબીએ ગઈકાલે બુધવારે કર્મચારીઓ દ્વારા માધબીના દુર્વ્યવહારનો દાવો ખોટો ઠેરવ્યો હતો. જેની વિરૂદ્ધ આજે કર્મચારીઓએ દેખાવો કરી સંકેત આપ્યો હતો કે, "આ વિરોધ પ્રેસ કોન્ફરન્સની આડમાં સશસ્ત્ર સજ્જ ટોચના મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવતી કવાયત સામે અસંમતિ અને એકતા દર્શાવવાના હેતુથી છે." સેબીના કર્મચારીઓએ સેબી સમક્ષ તાત્કાલિક ધોરણે સેબીના કર્મચારીઓ વિરૂદ્ધ જુઠ્ઠાણું ફેલાવી રહ્યા હોવાની પ્રેસ રિલિઝ પાછી ખેંચી લેવા અને માધબીનું રાજીનામું લેવા માંગ કરી છે. સેબીના અધિકારીઓએ નાણા મંત્રાલય સમક્ષ ફરિયાદ કરી છે કે, માધબી પુરી બુચના નેતૃત્વ હેઠળ કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ખાતે ટોક્સિક વર્ક કલ્ચરનો અનુભવ થઈ રહ્યો છે. જેમાં તેની ઉગ્ર ભાષા, કઠોર વચનો, અવાસ્તવિક લક્ષ્યો નક્કી કરવા અને માઈક્રો મેનેજિંગનું વધુ પ્રમાણ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. બીજી બાજુ પ્રેસ રિલિઝમાં સેબીએ જણાવ્યું હતું કે સેબીના વડા વિરૂદ્ધ કરવામાં આવેલા દાવાઓ ઊંચા પગાર ભથ્થાની માંગ અને હાંસલ કરેલા લક્ષ્યોની ખોટી જાણ તથા નિર્ણય લેવામાં વિલંબના કારણે થઈ રહ્યા છે. કેટલાક "બહારના તત્ત્વો"એ તેના કર્મચારીઓને ઉશ્કેર્યા હતા કે તેમના પર કામગીરી અને જવાબદારીનું ઉચ્ચ ધોરણો સાથે પાલન કરવાનું દબાણ હોવું જોઈએ નહીં. જો કે, સેબીએ આ બહારના તત્ત્વો વિશે કોઈ માહિતી આપી નથી.

### અગ્નિવીરોને ટૂંકમાં સરકાર મોટી ભેટ આપી શકે છે

## સૈન્યમાં જળવાઈ રહેવાની મુદત સહિત પગાર-ભથ્થાં પણ બદલાઈ શકે છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સૈન્યમાં જવાની તૈયારી કરી રહેલા અગ્નિવીરોને ટૂંક સમયમાં સરકાર મોટી ભેટ આપી શકે છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ૪ વર્ષના સમયગાળા બાદ સૈન્યમાં અગ્નિવીરોને જાળવી રાખવાની મુદત વધારવામાં આવી શકે છે. હાલના નિયમો પ્રમાણે ૨૫% અગ્નીવીરો સેવામાં જળવાઈ રહે છે. જોકે, આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં નથી કહેવામાં આવ્યું. આ સિવાય પણ અગ્નિ પથ યોજનામાં અનેક ફેરફાર થઈ શકે છે. સરકારે વર્ષ ૨૦૨૨માં અગ્નિપથ યોજનાનું એલાન કર્યું હતું. એક અહેવાલ પ્રમાણે સરકાર અગ્નિપથ યોજનામાં કેટલાક ફેરફાર કરવાની યોજના બનાવી રહી છે. આ હેઠળ હવે વધારે અગ્નિવીરોને સૈન્યમાં રિટેન કરવામાં આવશે. આ ઉપરાંત તેમના પગાર-ભથ્થાંમાં પણ ફેરફાર કરવામાં આવી શકે છે. જોકે, હજું રક્ષા મંત્રાલયે સત્તાવાર નિવેદન જારી નથી કર્યું. એવું કહેવામાં આવી રહ્યું છે કે, યોજનાના લાભ અને વ્યવસ્થાને શ્રેષ્ઠ કરવા માટે ફેરફાર કરવામાં આવી શકે છે. અહેવાલમાં રક્ષા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓનો હવાલો આપી જણાવ્યું કે, અગ્નિવીરોને સેવામાં જાળવી રાખવાની મુદત અંગે ચર્ચા ચાલું છે.

## ન્યૂઝ બ્રિફ

### ઉશ્કેરાયેલા લોકોનો પ્રમુખ અને સ્ટેન્ડિંગ ચેરમેન ઉપર હુમલો

। (એજન્સી) કલોલ, તા.૫ ।

જિલ્લાના કલોલ નગરપાલિકામાં મારામારીની ઘટના બનતાં ચકચાર મચી જવા પામી છે. પાલિકામાં વિકાસ કામોના રિ ટેન્ડરિંગને લઈ વિવાદ સર્જાયો હતો. ત્યાર બાદ ઉશ્કેરાયેલા લોકોએ એકાએક મારામારી શરૂ કરી દીધી હતી. ટેબલ પર ચડી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનનો ટપલીદાવ કર્યો અને કોર્પોરેટરના પતિને ફડાકા ઝીંક્યા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર કલોલ નગરપાલિકામાં વિકાસના કામોના રિ-ટેન્ડરિંગને લઈ વિવાદ સર્જાયો હતો. સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કરેલા કામોનું ફરીથી રી-ટેન્ડરિંગ કરતા વિવાદ થયો હતો. આ વિવાદ એટલો ઉગ્ર બની ગયો કે, વાત મારામારી સુધી પહોંચી ગઈ હતી. રિ-ટેન્ડરિંગની માંગણી કરનાર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પ્રકાશ વર્ગડેનો ઉધડો લીધો હતો અને પ્રશ્નો કર્યા હતા કે, તમે રિ-ટેન્ડરિંગ કેમ માગ્યું તમે વિકાસ કામમાં કેમ રોડા નાખો છો. તેમ કહીને ઉગ્ર સૂત્રોચાર કરવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં દેખાયું હતું કે, હાજર લોકોએ મારામારી કરી હતી અને ખુરશી પણ ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. લોકોનું કહેવું છે કે,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પ્રકાશ વર્ગડે સહિતના હોદ્દેદારો સાથે ઉગ્ર બોલાચાલી બાદ લોકોએ ટપલીદાવ શરૂ કરી દીધો હતો, જ્યારે કોર્પોરેટરના પતિને ફડાકાવાળી કરી હતી.

### ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાની રાજકારણમાં થયેલી એન્ટ્રી

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ રાજકારણમાં પ્રવેશ કર્યો છે. તેઓ ભારતીય જનતા પાર્ટીના સભ્ય બન્યા છે. જાડેજાના પત્ની રીવાબા જાડેજા ગુજરાતના જામનગરના ભાજપના ધારાસભ્ય છે. રીવાબાએ તાજેતરમાં જ જાડેજા વિશે સોશિયલ મીડિયા દ્વારા માહિતી શેર કરી હતી. તેમણે એક પોસ્ટ દ્વારા જણાવ્યું કે રવિન્દ્ર જાડેજાએ ભાજપ નું સભ્યપદ લીધું છે. જાડેજાએ તાજેતરમાં T20 વર્લ્ડ કપ ૨૦૨૪ બાદ આ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. રવિન્દ્ર જાડેજાએ પત્ની રીવાબા સાથે અનેક વખત પ્રચાર કર્યો છે. ચૂંટણી દરમિયાન તેઓ પત્ની રીવાબા સાથે ભાજપ માટે પ્રચાર કરતા જોવા મળ્યા હતા. તેણે ઘણા રોડ શો પણ કર્યા. જાડેજાના પત્ની રીવાબા જામનગર ઉત્તર બેઠક પરથી ધારાસભ્ય છે. હવે રવિન્દ્ર જાડેજાએ ભાજપનું સભ્યપદ લીધું છે. રીવાબાએ X પર એક પોસ્ટ શેર કરી છે. આ દ્વારા તેમણે જણાવ્યું કે રવિન્દ્ર જાડેજા ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સભ્ય બની ગયા છે. T20 વર્લ્ડ કપ ૨૦૨૪ બાદ રીવાબા અને રવિન્દ્ર જાડેજાએ ટીમ ઈન્ડિયા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. ટીમ ઈન્ડિયા માટે જાડેજાનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું છે. તેનો આંતરરાષ્ટ્રીય રેકોર્ડ સારો રહ્યો છે. જાડેજાએ T20 વર્લ્ડ કપ ૨૦૨૪ પછી T20 ઈન્ટરનેશનલ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી.

#### અભિયાન બે મહિના સુધી ચલાવવામાં આવશે

# બનાસકાંઠામાં ભાજપનો ૧૧.૨૫ લાખ સભ્યો બનાવવાનો લક્ષ્યાંક

। (એજન્સી) બનાસકાંઠા, તા.૫ ।

સદસ્યતા અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લા ભાજપ દ્વારા જિલ્લામાં ''સદસ્યતા અભિયાનનો જિલ્લા અધ્યક્ષ કીર્તિસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ સભ્ય તરીકે ડો. રેખાબેન હિતેષભાઈ ચૌધરીને પ્રાથમિક સભ્ય બનાવીને જિલ્લામાં અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ભાજપ જિલ્લા મીડિયા ઈન્ચાર્જ રશ્મિકાન્ત મંડોરાના જણાવ્યા મુજબ આ અભિયાન સપ્ટેમ્બર અને ઓક્ટોબર એમ બે મહિના સુધી ચલાવવામાં આવશે.

જિલ્લા ભાજપ પ્રમુખ કીર્તિસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે પ્રથમ તબક્કામાં અભિયાન ૧૫ સપ્ટેમ્બર સુધી સૌ આગેવાન સાંસદ, ધારાસભ્યો, મંડળના જિલ્લાના પ્રદેશના પદાધિકારીઓ પોત પોતાના બુથની અંદર આ સદસ્યતા અભિયાનનું કામ કરી અનેક લોકોને જોડશે. સમગ્ર જિલ્લાની અંદર ૨૫૫૮ જેટલા બુથ છે તે તમામની અંદર તમામ ધર્મ, જાતિ જ્ઞાતિ અને તમામ ક્ષેત્રના ભારતીય જનતા પાર્ટીને સમર્થન આપ વા વાળો વર્ગ, મોદીજી ને માનવા વાળો વર્ગ છે. આ તમામ લોકોને ભારતીય જનતા પાર્ટીમાં જોડવાનું કામ અમારા આગેવાનો કરશે.

જિલ્લાની તમામ વિધાન સભામાં સવા લાખ સદસ્યોને જોડવાનો લક્ષાંક છે જયારે જિલ્લામાં કુલ સવા અગિયાર લાખ લોકોને જોડવાનો લક્ષ્યાંક છે. પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ગોરધન ઝડફીયાએ જણાવ્યું હતું કે, આગામી ૧૭ તારીખે નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ છે અને ૨૫મી તારીખે પંડિત દિન દયાલજીની જન્મ જયંતી હોવાથી આ દિવસોમાં અમે સદસ્યતા અભિયાન અંગે વિશેષ અભિયાન કરી લક્ષ્યાંક પૂર્ણ કરી ભાજપને મજબૂત બનાવવાનો સોનેરી અવસર છે. સદસ્યતા અભિયાનમાં જોડાવવા ૮૮૦૦૦૦૨૦૨૪ નંબર પર મિસ કોલ કરવાથી લિંક મેળવી જે વિગત ભરશો તેમાં તમે પ્રાથમિક સભ્ય બની શકશો. જે વ્યક્તિ સો પ્રાથમિક સભ્ય બનાવશે તે જ વ્યક્તિ સો રૂપિયા ભરી નમો એપમાં ડોનેટ કરી સક્રિય સભ્ય બની શકશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભાજપના સભ્ય બનીને સૌ લોકો ગૌરવ અનુભવે છે અને સોશિયલ મીડિયામાં શેર કરે છે. અભિયાનના શુભારંભ કાર્યક્રમમાં પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશલ્યા કુંવરબા પરમારની ખાસ ઉપસ્થિતિ સાથે જિલ્લા ભાજપના મહામંત્રી કનુભાઈ વ્યાસ, સંજયભાઈ બ્રહ્મભટ, શ્રેયાંસભાઈ પ્રજાપતિ, અભિયાનના જિલ્લા ઈન્ચાર્જ પ્રવિણસિંહ રાણા, અમૃતભાઈ દેસાઈ, પૂર્વ સંસદ, પૂર્વ ધારાસભ્યો, જિલ્લા, તાલુકા અને મંડળોના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બનાસકાંઠા જિલ્લા ભાજપ દ્વારા ''સદસ્યતા અભિયાન'' અંતર્ગત પત્રકાર પરિષદનું આયોજન કરી પત્રકારો સમક્ષ અભિયાનની વિસ્તૃત માહિતી જિલ્લા પ્રમુખ કીર્તિસિંહ વાઘેલાએ આપી હતી.

#### ડેમ સંપૂર્ણ ભરાતા નયનરમ્ય નજારો જોવા મળ્યો

## ૨૦૧૯ બાદ ફરી એકવાર ઓવરફ્લો થયો સુખભાદર ડેમ

### સુખભાદર ડેમ પૂર્ણ સપાટીએ ભરાતા ડેમના ૪ દરવાજા એક-એક ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા



। (એજન્સી) બોટાદ, તા.૫ ।

સુખભાદર ડેમ બોટાદના લોકો માટે જીવાદોરી સમાન છે. હાલ ઉપરવાસમાં સારો વરસાદ વરસતા ડેમ છલકાયો હતો. હાલ ડેમ છલકાવવાને કારણેડેમના ૪ દરવાજા ૧-૧ ફૂટ સુધી ખોલાયા હતા, સલામતીના ભાગરૂપે ત્રણ જિલ્લાના ૨૦ ગામોને કરાયા એલર્ટ કરાયા હતા.સુખભાદર ડેમ વર્ષ ૨૦૧૯માં પૂર્ણ સપાટીએ ભરાયો હતો. રાણપુર અને અમદાવાદના ધંધુકા પંથક વચ્ચે જીવાદોરી સમાન સુખભાદર ડેમ પૂર્ણ સપાટીએ ભરાતા ડેમના ૪ દરવાજા એક-એક ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા. ડેમ સંપૂર્ણ ભરાતા નયનરમ્ય નજારો જોવા મળ્યો હતો. સાવચેતીના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા ૨૦ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

સુખભાદર ડેમ અંગે બોટાદ જિલ્લા કાર્યપાલક ઈજનેર જેશીંગભાઈ સુવરે લોકલ ૧૮ને જણાવ્યું હતું કે, 'વર્ષ ૧૯૮૮માં સુખભાદર ડેમનું બાંધકામ પૂર્ણ કરાયું હતું. આ ડેમની ક્ષમતા ૧૪૫૮ એમ.સી.એફ.ટી છે. આ ડેમ બોટાદ, અમદાવાદ અને સુરેન્દ્રનગરનાએ ગામોને સિંચાઈ પૂરી પાડે છે, તેમજ ૭૦ કિલોમીટરનો વિસ્તાર આવરે છે. ડેમ ૨૦ દરવાજાથી ઓપરેટ કરવામાં આવે છે, જે પૈકી હાલ ૪ દરવાજા ખોલાયા છે. ૨૫૮૯ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. પોલીસ જવાનો તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીના કર્મયોગીઓ રાઉન્ડ ધ ક્લોક અહીં તૈનાત કરવામાં આવ્યા છે. આ ડેમ વર્ષ ૨૦૧૯માં પૂર્ણ સપાટીએ ભરાયો હતો. ત્યારબાદ હવે ૨૦૨૪માં આ ઘટનાનું પુનરાવર્તન થયું છે.'

સુખભાદર ડેમ ઓવરફ્લો થવાને પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ત્રણ જિલ્લાના નીચાણવાળા ૨૦ ગામોને એલર્ટ કરાયા હતા. જે પૈકી બોટાદ જિલ્લાના નાનાભડલા, લિંબોડા, દેરડી, દેવળીયા, સાંગણપુર, ગધાળીયા, હાંસલપુર, કિનારા, પાટણા, રાણપુર સહિતના ગામોને, અમદાવાદ જિલ્લાના અડવાળ, ધંધુકા, ગલસાણા, ગુંજાર, જાળીયા, મોરશીયા, વાગડ, વાસણા ગામોને તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના મોટાભડલા, ચોરવીરા સહિતના ગામોને એલર્ટ કરાયા છે.

### રાજકોટમાં હીરાસર એરપોર્ટની દીવાલ તૂટ્યા પછી ખેતરોમાં પાક ધોવાઇ ગયા

। (એજન્સી) રાજકોટ, તા.૫ ।

રાજકોટના હીરાસરમાં રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટની દીવાલ તૂટી ગયા પછી, એરપોર્ટનું પાણી આસપાસના ખેતરોમાં પાણી વહી જતાં પાક અને જમીનનું ધોવાણ થઈ ગયું છે. જેના કારણે લોમા કોટડી ગામના ખેડૂતો દ્વારા વળતરની માગ કરવામાં આવી છે. લોમા કોટડી ગામનાં સરપંચે સ્થાનિક ધારાસભ્ય સમક્ષ વળતર આપવા માટે રજૂઆત કરી છે. આ સાથે જ રાણાભા વશરામભા ગઢવીના ખેતરમાં થયેલા નુકસાન બાબતે એરપોર્ટ ઓથોરિટીના અધિકારીને પણ વળતર આપવા માટે રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, લોમા કોટડી ગામમાં અતિભારે વરસાદ થવાથી અમારા ગામમાં ખેડૂતોના પાકોને ભારે એવું નુકશાન થયું છે. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટની અંદર પાણી ભરાવાથી તેની દિવાલ તૂટી ગઈ હતી અને તેના કારણે આજુબાજુમાં આવેલ ખેડૂતોની જમીનનું ધોવાણ થઈ ગયું છે તેમજ આખેઆખો પાક નિષ્ફળ ગયો છે. ખેડૂતોએ જે શાકભાજીનુ વાવેતર કર્યું હતું તે શાકભાજીનો પાક પણ ભારે વરસાદ થવાથી બળી ગયો છે તેમજ પાક બગડી ગયો છે. આર્થિક રીતે ખેડૂતો ૫ હોંચી વળી શકે તેમ ન હોવાથી તાત્કાલિક સર્વે કરાવવા તેમજ અમુક ખેડૂતોની જમીનનુ મોટા પાયે ધોવાણ થયુ છે તેને આર્થિક સહાય વળતર આપવા માંગણી છે.

### મુન્દ્રામાંથી વધુ એક વાર સાડા ત્રણ કરોડની સોપારીની દાણચોરી પકડાઇ

। (એજન્સી) ભૂજ, તા.૫ ।

મુન્દ્રા કસ્ટમની એસઆઈઆઈબી શાખાને મળેલી બાતમીના બાદ મુંદરા કસ્ટમના પ્રિન્સિપલ કમિશનર કે. એન્જિનિયરની સૂચનાથી કસ્ટમની આ સતર્ક બ્રાન્ચ દ્વારા કરાયેલી તપાસમાં બે મોટા ૪૦ ફૂટ સાઈઝના કન્ટેનરમાં સંપૂર્ણપણે સોપારીની ગુણીઓ ભરેલો જથ્થો મળી આવ્યો હતો.ખરેખર દુબઈથી આવતો અને કંડલા કાસેઝ (કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન)ના એક યુનિટમાં જતો હોવાનું આયાતકાર દ્વારા ડિક્લેર કરાયું હતું અને જથ્થામાં પીવીસી રેઝિન એટલે કે, પ્લાસ્ટિકના દાણા દર્શાવાયેલા હતા, પરંતુ આ મિસ ડિક્લેરેશન કેસમાં બે કન્ટેનરમાં કુલ ૫૩ ટન વજનની સોપારી મળી આવી હતી. આ સાથે જ ફરી એકવાર સોપારીની દાણચોરી હજુ કોઈ ડર વિના ચાલુ હોવાનું ફલિત થયું હતું.જાણકાર સૂત્રોએ જણાવ્યું હતું કે, મૂળ તો શ્રીલંકા અને વિયેતનામ જેવા દેશોમાં સોપારી થાય છે, પરંતુ દુબઈથી સોપારી લઈ આવવામાં તંત્રને છેતરવા માટે દર વખતે નવી-નવી મોડેસ ઓપરેન્ડી અપનાવવામાં આવે છે.

### સાબરકાંઠામાં ચોરો શિવલિંગ જ ઉઠાવી ગયો

। (એજન્સી) સાબરકાંઠા, તા.૫ ।

મંદિરમાંથી ચોર દાનપેટીની ચોરી કરતા હોય કે ભગવાનના દાગીનાની ચોરી કરતા હોય તેવા અનેક કિસ્સાઓ સામે આવ્યા છે, પરંતુ હવે ખુદ ભગવાનની ચોરીનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હવે આ કળિયુગમાં ભગવાન પણ સલામત નથી. સાબરકાંઠાના વડાલીમાં હૃદય હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે. સાબરકાંઠામાં શિવલિંગની ચોરી થઈ છે. વડાલીના કુબાધરોલ પાસે આવેલા શેરશંભુ મહાદેવ મંદિરમાંથી શિવલિંગની ચોરી થઈ હતી. મંદિર પરિસરમાંથી શિવલિંગ ગાયબ થવાથી ભક્તોમાં રોષ જોવા મળી રહ્યો છે. સાબરકાંઠામાં ચોરોએ શિવલિંગને પણ મચક ન આપી. વડાલીના કુબાધરોલ પાસે આવેલા શેરશંભુ મહાદેવ મંદિરમાં ચોરીની ઘટના બની છે. ચોરોએ મંદિરમાંથી શિવલિંગની ચોરી કરી હતી. વડાલીના કુબાધરોલ પાસે આવેલા શેરશંભુ મહાદેવ મંદિર પરિસરમાંથી એક શિવલિંગ ગુમ થયું છે. ત્યારે શિવલિંગની ચોરીથી ભક્તોમાં રોષ ફેલાયો હતો. શ્રાવણના છેલ્લા સોમવારે રાત્રે ચોરોએ શિવલિંગની ચોરી કરી હતી. ત્યારબાદ ગ્રામજનોએ ચોરી અંગે વડાલી પોલીસને જાણ કરી હતી. આના પગલે પોલીસ તરત જ હરકતમાં આવી ગઈ છે.

### વડોદરામાં પુર બાદ મોટી સંખ્યામાં પુર અસરગ્રસ્તોને ચામડીના રોગ થયા

। (એજન્સી) વડોદરા, તા.૫ ।

વડોદરામાં આવેલ પુરમાં અનેક વિસ્તારના લોકો ૨થી ૩ દિવસ પાણીમાં રહ્યા, લોકોના ઘર પાણીમાં ડૂબ્યા હતા. આ ઉપરાંત અનેક વિસ્તારમાં પહેલા માળ સુધી મકાનો ડૂબ્યા હતા. લોકો ૩ દિવસ સુધી ઘરમાં અને અઠવાડિયા સુધી પાણીમાં અવરજવર કરતા લોકોના પગમાં ફંગસ થવા લાગ્યા છે. આંગળીઓ વચ્ચે અને પગ તળિયે છાલા પડી ગયા ચામડી ઉતરી રહી છે. પલળેલા જ કપડા લોકોએ ૨થી ૩ દિવસ પહેરી રાખતા પગ અને કમ્મરના ભાગે ફંગસ થતા શહેરની ખાનગી અને સરકારી હોસ્પિટલમાં મળી ૨૫ હજારથી વધુ લોકો ચામડીની બીમારીની સારવાર લઈ રહ્યા છે. આ અંગે સ્કિન સ્પેશિયાલિસ્ટ કહી રહ્યા છે કે પૂર બાદ ચામડીના દર્દીઓ ડબલ થઈ જવા પામ્યા છે. ૨૦૦ જેટલી ખાનગી હોસ્પિટલમાં રોજના ૪૦ થી ૫૦ દર્દીઓ આવી રહ્યા છે. શહેરની સરકારી હોસ્પિટલમાં પણ ખૂબ મોટી સંખ્યામાં દર્દીઓ પહોંચી રહ્યા છે. ડોક્ટરે કહ્યું કે, લોકો પલળેલા પગને ગરમ પાણીથી ધોઈ આંગળીઓ પણ સાફ કરે ત્યાં તેલ અથવા ક્રીમ લગાવે. ૨ થી ૩ દિવસપલળેલાકપડાંગરમપાણીમાંપલાળીધોવે,શક્યહોયગંદા પાણીમાં ચાલવાનું ટાળી ડોક્ટરની સલાહ લે તે જરૂરી છે.

### GSCIIFCLમાં ગેરકાયદેસર રીતે ડાયરેક્ટર બન્યા કૌશિક વેકરિયા : કોંગ્રેસ

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદમાં ગુજરાત સ્ટેટ કોઓપરેટિવ હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ ગેરકાયદેસર અને નિયમોથી વિપરીત જઈ સભાસદ થઈ ડિરેકટર બનેલા કૌશિકભાઈ કાંતિભાઈ વેકરીયા સામે કાયદેસરની કાનૂની કાર્યવાહી કરવા વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ માંગ કરી છે. આ અંગે તેમણે રજીસ્ટ્રાર સહકાર મંડળીને પત્ર લખીને જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિ હાઉસીંગ મંડળીમાં સભ્ય ત્યારે જ બની શકે તેઓ પોતે ત્યાં મકાન ધરાવતા હોય અને તેનાં ઉદ્દેશો પ્રમાણે કામગીરી કરતા હોય, કૌશિકભાઇ વેકરીયાના કેસમાં મંગળ સોસાયટી, બટારવાડી અમરેલી ખાતે આવેલી છે, જૂની સોસાયટી છે ૧૪ મકાનો છે, અને પોતે રૂમ.૨૫૦/- ભરીને સભ્ય બનીને ચૂંટણી લડવા આવ્યા છે. હકીકતમાં તેઓ ત્યાં સભ્ય છે જ નહી, માત્ર સાહિત્ય ઉભુ કર્યુ હોય તેવું લાગી રહ્યું છે. આ અંગે તેમણે જણાવ્યું હતું કે ગૃહ, મંડળીના ઓડિટમાં રજીસ્ટર દસ્તાવેજથી મિલ્કત તબદીલ નામફેર કર્યાનાં કિસ્સાઓ ધ્યાનમાં આવે તો તેવા લેખો સહિતની વિગતોની સ્ટેમ્પ ડ્યુટીમાં પણ પુરી રકમ વપરાયેલ છે કે કેમ ? સરકારના મહેસૂલ વિભાગ, ગાંધીનગર તરફથી વિજીલન્સ ટીમની નિમણૂંક કરવામાં આવેલ છે.

## વિશેષ

#### શ્રેષ્ઠ મનુષ્યના નિર્માણની જવાબદારી શિક્ષકની છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યના ૨૮ શિક્ષકોને 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' અર્પણ

। (માહિતી) ગાંધીનગર ।

એક શિક્ષક સમર્પણભાવથી, પ્રામાણિકતાપૂર્વક પોતાના કર્તવ્યનું પાલન કરે, તો સમાજમાં મોટું પરિવર્તન આવી શકે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરતાં કહ્યું હતું કે શિક્ષકની શક્તિ અપરંપાર છે. શિક્ષણથી મોટું પવિત્ર કર્મ બીજું કોઈ નથી. આ સૃષ્ટિમાં શ્રેષ્ઠ મનુષ્યના નિર્માણની જવાબદારી શિક્ષકની છે. શિક્ષક રાષ્ટ્ર નિર્માતા, સમાજ નિર્માતા અને પરિવાર નિર્માતા છે. સુખ અને શાંતિનો આધાર શિક્ષક છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના ટાગોર હૉલ ખાતે શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત ભવ્ય સમારોહમાં રાજ્યના ૨૮ શિક્ષકોનું 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક'થી સન્માન કર્યું હતું. તદુપરાંત, મુખ્યમંત્રી જ્ઞાનસાધના શિષ્યવૃત્તિ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશિપ મેળવનારા ૧૦ લાભાર્થી વિદ્યાર્થીઓને પણ પ્રતીકાત્મકરૂપે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ અવસરે શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

૩૫ વર્ષ સુધી ગુરુકુલના આચાર્ય તરીકે વિદ્યાર્થીઓને શિક્ષણ, સંસ્કાર અને સ્વાસ્થ્યની શિક્ષા આપનાર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના પુસ્તક 'કેળવે તે કેળવણી'માં લખ્યું છે કે, જો શિક્ષક



પોતાના કર્તવ્યનું યોગ્યતાપૂર્વક પાલન ન કરે તો તે પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે ઘાતક પુરવાર થાય. તેમણે શિક્ષકોને માત્ર પરિચયાત્મક જ્ઞાનને બદલે આચરણમાં-અનુસરણમાં આવી શકે એવું જ્ઞાન આપ વાનો અનુરોધ કરતાં કહ્યું કે, અહિંસા અને સત્ય જેવા સદગુણોનું જ્ઞાન એ રીતે અપાય કે તે જીવનનું અભિન્ન અંગ બને, આભૂષણ બને.

મહર્ષિ ઉદ્દાલક અને રાજા અશ્વપતિ કૈકેયના પ્રસંગનું ઉદાહરણ આપતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે શિક્ષકો-આચાર્યો-ગુરુજનોના પ્રતાપે રાજા કૈકેયના રાજ્યમાં એક પણ ચોર, વ્યસની, અભણ, દુરાચારી કે કંજૂસ વ્યક્તિ ન હતી. એક પણ ઘર એવું ન હતું, જ્યાં સવાર-સાંજ હોમહવન ન થતા હોય. શિક્ષકો રાજ્યમાં આવી સ્થિતિનું નિર્માણ કરવાની સમર્થતા ધરાવે છે. તેમણે એમ પણ કહ્યું કે નાનામાં નાનું બાળક પણ બધું જ સમજે છે. તેની સમજણશક્તિ અને ગ્રહણશક્તિ અમાપ છે. હવનના સમિધ જેવાં પ્રગટવા માટે તત્પર બાળકોને વિદ્યાપુંજ જેવા અગ્નિસ્વરૂપ આચાર્ય-ગુરુજન પ્રજ્વલિત કરે, તેમના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે. અધ્યાપકો પર મોટી જવાબદારી છે. પ્રધાનમંત્રી 'આત્મનિર્ભર' અને 'વિકસિત ભારત'ના નિર્માણ માટે પ્રયત્નશીલ છે ત્યારે શિક્ષકો પણ શ્રેષ્ઠ માનવ નિર્માણના મિશનમાં લાગી જાય તો આપણે 'વિશ્વગુરુ ભારત' બનાવી શકીશું એમ કહીને રાજ્યપાલશ્રીએ શ્રેષ્ઠ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

#### મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણ માટેની પેઢીનું ઘડતર કરી રહેલા શિક્ષકોની કાર્યનિષ્ઠાની સરાહના શિક્ષક સન્માનના આ અવસરે કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૧મી સદી જ્ઞાનની સદી છે અને તેનું નેતૃત્વ ભારત કરશે તેવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યક્ત કરેલા વિશ્વાસને ચરિતાર્થ કરવાનું દાયિત્વ શિક્ષકો નિભાવી રહ્યા છે તેનું વિશેષ ગૌરવ આ પ્રસંગે કર્યું હતું.

''સામર્થ્યવાન ગુરુ, જ્ઞાન અને શિક્ષા-દીક્ષાથી વિદ્યાર્થીને તેજોમય બનાવીને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકે છે'' તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે શિક્ષક સાથે બાળક પોતાનો મોટાભાગનો સમય વિતાવે છે ત્યારે બાળકની જિજ્ઞાસાવૃત્તિ સંતોષવી એ શિક્ષકોનું દાયિત્વ બને છે. એટલું જ નહીં, બાળકની જિજ્ઞાસાવૃત્તિ અને જ્ઞાન-કુતૂહલને સંતોષવા માટે સમયાનુકૂળ વ્યવસ્થા સાથે પોતાને પણ અપડેટ-સજ્જ રાખવાની જવાબદારી શિક્ષકોની છે તેમ શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. ''શિક્ષક ક્યારેય નિવૃત્ત થતો નથી, તેની અંદરનું શિક્ષકત્વ સતત જાગૃત રહે છે'' તેમ તેમણે શિક્ષક સમુદાયની સુદીર્ઘ સેવાપ રાયણતાને પ્રોત્સાહિત કરતાં ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આપણી પ્રાચીન વલ્લભી, તક્ષશિલા, નાલંદા જેવી પ્રાચીન વિદ્યાપીઠોની વિરાસત તથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ગુગલ જેવા આધુનિક આયામોના સમન્વયથી 'વિરાસત ભી, વિકાસ ભી'ના વડાપ્રધાનશ્રીના મંત્રને સાકાર કરવામાં ગુજરાતની અગ્રેસરતાની ભૂમિકા આપી હતી. આ સંદર્ભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વિદ્યાર્થીનો શિક્ષણ અને શિક્ષક પ્રત્યેનો આદર, શિક્ષકનું સમર્પણ અને શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે પોતીકાપણા-અપનાપનની ત્રિવેણીથી ગુજરાતે જ્ઞાન-કૌશલ્ય, શિક્ષા-દીક્ષા ક્ષેત્રને નવી ઊંચાઈઓ આપી છે.

તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશિપમાં ઘડાયેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ને ઉજ્જ્વળ અને વિકસિત ભારતના નિર્માણમાં ઉદ્દીપક ગણાવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે શિક્ષણની દિશા બદલવાના જે અભિયાનો વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ચલાવ્યા છે, તેમાં કન્યા કેળવણી અભિયાન, શાળા પ્રવેશોત્સવ, મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ, ટીચર્સ યુનિવર્સિટી વગેરેની સફળતામાં શિક્ષક સમુદાયના મહત્ત્વપૂર્ણ યોગદાનને બિરદાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સમાજ જીવનમાં મૂલ્યનિષ્ઠ ઘડતરનું અને રાષ્ટ્ર નિર્માણનું ઉમદા કાર્ય શિક્ષકોના વ્યવસાય-પ્રોફેશનમાં છે તેને ગુરુવર્યો સુપેરે નિભાવશે તેવો વિશ્વાસ એવોર્ડ વિજેતા અને સૌ શિક્ષક સમુદાયને અભિનંદન પાઠવતાં વ્યક્ત કર્યો હતો.

#### શિક્ષણમંત્રીશ્રી

શિક્ષણમંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે સરસ્વતીના સાધક એવા રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોને આવકારતાં કહ્યું હતું કે શિક્ષક સમાજની શ્રેષ્ઠ મૂડી છે. જેમની યાદમાં સમગ્ર દેશ આજે શિક્ષક દિવસ ઉજવે છે તે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતના રાષ્ટ્રપતિ બન્યા તે પહેલાં એક શિક્ષક જ હતા. શિક્ષકમાં શિક્ષણને ઉજાગર કરવાનું સામર્થ્ય હોય છે. તેમણે જણાવ્યું કે શિક્ષક એ શિક્ષણની સાથે બાળકોને નૈતિક મૂલ્યોનું શિક્ષણ આપી ઉત્તમ નાગરિકનું પણ ઘડતર કરે છે. સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં શિક્ષક અને શિક્ષણની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે. આ માટે તેમણે કહ્યું કે આપણા રાજ્યપાલ જ્ઞાનમૂર્તિના શ્રેષ્ઠ શિક્ષકનું ઉદાહરણ છે. જેમના જ્ઞાનનો લાભ રાજ્યને મળી રહ્યો છે. મંત્રીશ્રીએ કહ્યું કે સંકલ્પથી સિદ્ધિ થકી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવેલ ભારતને વિશ્વગુરુ બનાવવા સ્વપ્નને સાકાર કરવા આપણે સૌ કટિબદ્ધ બનીએ તેમ તેમણે ઉમેર્યું હતું.

### ન્યુઝ બોક્ષ

## કુંભમાં યોજાનાર શાહી સ્નાન નામ ગુલામીનું પ્રતીક



। (એજન્સી) પ્રયાગરાજ,તા.૫ ।

અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ રવિન્દ્ર પુરીએ કુંભમાં યોજાનારા શાહી સ્નાનનું નામ બદલવાની માંગ કરી છે. રવિન્દ્ર પુરી કહે છે કે શાહી એક ઉર્દૂ શબ્દ છે, આ નામ મુગલોએ આપ્યું હતું અને તે ગુલામીનું પ્રતીક છે. તેમણે કહ્યું છે કે હવે સનાતન ધર્મ પ્રમાણે તેનું નામ શાહીસ્નાન નહીં પણ રાજસી સ્નાન હોવું જોઈએ. રવિન્દ્ર પુરીનું કહેવું છે કે અખાડા પરિષદની બેઠકમાં આ મુદ્દો ઉઠાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અખાડા પરિષદમાં ૧૩ અખાડા છે. જાન્યુઆરી ૨૦૨૫માં યુપીના પ્રયાગરાજમાં મહાકુંભનું આયોજન થવાનું છે. મહાકુંભમાં ૧૪મી જાન્યુઆરીએ મકરસંક્રાંતિ, ૨૯મી જાન્યુઆરીએ મૌની અમાવસ્યા અને ૩જી ફેબ્રુઆરીએ વસંતપંચમીના રોજ શાહી સ્નાન થશે. શાહી સ્નાનને અમૃતસ્નાન તરીકે ગણવામાં આવે છે જેમાં આચાર્ય મહામંડલેશ્વર, મહંત અને અખાડાઓના નાગા સાધુઓ શાહી સ્નાન કરે છે અને આ પરંપરા સદીઓ જૂની છે. અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ રવિન્દ્ર પુરીએ કહ્યું કે શાહી એક ઉર્દૂ શબ્દ છે. તેમણે કહ્યું કે રાજસી એ 'દેવ વાણી' શબ્દ છે જે સમૃદ્ધ સનાતની પરંપરાઓનું પ્રતીક છે.

## ૨૪ કલાકમાં બે વંદે ભારત ટ્રેનોને દેશ વિરોધીઓએ નિશાન બનાવી



। (એજન્સી) પટણા,તા.૫ ।

દેશમાં વિવિધ સ્થળોએ તોફાની તત્વોમાં સુધરવાના આસાર દેખાઈ રહ્યાં નથી. છેલ્લા ૨૪ કલાકમાં ૨ વંદે ભારત ટ્રેનો પર પથ્થરમારાની ઘટનાઓ સામે આવી છે. પહેલી ઘટના બુધવારે રાત્રે બની હતી જ્યારે લખનૌ પટના વંદે ભારત પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. બીજી ઘટના ગુરુવારે સવારે પ્રકાશમાં આવી જ્યારે રાંચીથી પટના જતી વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો. બુધવારે રાત્રે બદમાશોએ લખનઉથી પટના જતી વંદે ભારત ટ્રેન પર ભારે પથ્થરમારો કર્યો હતો. પથ્થરમારાને કારણે ટ્રેનના સી-૫ કોચનો કાચ તૂટી ગયો હતો. મળતી માહિતી મુજબ, વારાણસી સ્ટેશનથી ટ્રેન ઉપડ્યા બાદ આ ઘટના બની હતી. આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા થઈ હોવાના અહેવાલ નથી.

## શિમલામાં ગેરકાયદે મસ્જિદ નિર્માણ પર ભારે હોબાળો



। (એજન્સી) શિમલા, તા.૫ ।

હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં ગેરકાયદે બની રહેલી મસ્જિદને લઈને હોબાળો મચી ગયો છે. અહેવાલો અનુસાર સંજૌલી, શિમલામાં બનેલી ગેરકાયદે મસ્જિદ સંબંધિત વિવાદ વધી રહ્યો છે અને રાજ્યની સુખવિંદર સિંહ સુખુ સરકારમાં મંત્રી અનિરુદ્ધ સિંહે ગેરકાયદે બાંધકામને તાત્કાલિક હટાવવાની માંગ કરી છે. શિમલાના ચૌરા મેદાનમાં હિન્દુ સંગઠનોના લોકો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. સંજૌલીમાં જ્યાં મસ્જિદ બનેલી છે તેની આસપાસના વિસ્તારોમાં ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ મસ્જિદ સંજૌલીમાં બજારની બાજુમાં બનાવવામાં આવી છે અને તેના બે માળ ગેરકાયદે છે. મસ્જિદ ગેરકાયદે હોવાથી તેને તોડી પાડવાની માંગ ઊઠી છે. ઉલ્લેખનીય છે કે આ રવિવારે જ અહીં પ્રદર્શન થયું હતું અને હવે આ મામલાએ જોર પકડ્યું છે. આવી સ્થિતિમાં સરકારે સંજૌલીમાં ૫ કિમીની ત્રિજ્યામાં પોલીસ દળને તૈનાત કર્યું છે જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને.

### બ્રુનેઈના સુલતાન સાથે મુલાકાત કર્યા બાદ પીએમ મોદીએ કહ્યું...

# 'અમે એકબીજાની લાગણીઓનું સન્માન કરીએ છીએ..'

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રુનેઈની તેમની મુલાકાતના બીજા દિવસે બુધવારે સુલતાન હસનલ બોલ્કિયા સાથે તેમના મહેલમાં મુલાકાત કરી હતી. આ બેઠક બાદ પીએમ મોદીએ કહ્યું કે અમે એકબીજાની ભાવનાઓનું સન્માન કરીએ છીએ.આ બેઠક બાદ પીએમ મોદીએ કહ્યું કે બ્રુનેઈના સુલતાન દ્વારા કરવામાં આવેલા ઉષ્માભર્યા સ્વાગત અને આતિથ્ય માટે હું તમારો અને સમગ્ર શાહી પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. સૌ પ્રથમ, ૧૪૦ કરોડ ભારતીયો વતી, હું તમને અને બ્રુનેઈના લોકોને આઝાદીની ૪૦મી વર્ષગાંઠ પર હૃદયપૂર્વક અભિનંદન આપું છું. આપણી વચ્ચે સદીઓ જૂના સાંસ્કૃતિક સંબંધો છે. બંને દેશો વચ્ચેના સંબંધો દિવસેને દિવસે



વધુ મજબૂત બની રહ્યા છે. આજે પણ, ભારતના લોકો ૨૦૧૮ માં આપણા પ્રજાસત્તાક દિવસે મુખ્ય અતિથિ તરીકે તમારી ભારતની મુલાકાતની યાદોને ખૂબ જ ગર્વથી યાદ કરે છે.તેમણે કહ્યું કે મને ખુશી છે કે મને મારા ત્રીજા કાર્યકાળમાં બ્રુનેઈની મુલાકાત લેવાનું સૌભાગ્ય મળ્યું. આ એક સુખદ સંયોગ છે કે બંને દેશો હાલમાં તેમની દ્વિપક્ષીય ભાગીદારીની ૪૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છે. ભારત અને બ્રુનેઈ વચ્ચેના સંબંધો ગાઢ બની રહ્યા છે. બ્રુનેઈ ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી અને ઈન્ડો પેસિફિક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભાગીદાર હોવાના કારણે અમારા માટે ઉજ્જવળ ભવિષ્યની ગેરંટી છે.પીએમ મોદી બ્રુનેઈના સુલતાનને તેમના આલીશાન મહેલમાં મળ્યા હતા. આ મહેલ વિશ્વનો સૌથી મોટો મહેલ છે, જે ૨૦ લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલો છે અને તેમાં ૧,૭૦૦ રૂમ અને ૨૨ કેરેટનો સોનાનો ગુંબજ છે. બોર્નિયો ટાપુ પર સ્થિત બ્રુનેઈ સિક્કિમ અને ત્રિપુરા જેવા ભારતીય રાજ્યો કરતાં નાનું છે, પરંતુ તેના સુલતાનની અપાર સંપત્તિ અને વૈભવી જીવનશૈલીએ વારંવાર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે.

### ૧૯૬૨માં જાહેર કરાયેલ કટોકટીની સ્થિતિ હજુ પણ ત્યાં કાર્યરત



બ્રુનેઈના સુલતાનનું નામ હસનલ બોલ્કિયા છે, જેની ગણતરી વિશ્વના સૌથી અમીર લોકોમાં થાય છે. બ્રુનેઈને વર્ષ ૧૯૮૪માં બ્રિટનથી આઝાદી મળી હતી. સુલતાન ઉમર અલી સૈફુદ્દીનેં ૫ ઓક્ટોબર ૧૯૬૭ના રોજ બ્રુનેઈના રાજા બન્યા. હવે હસનલ બોલ્કિયા લગભગ ૫૯ વર્ષથી અહીં ગાદી સંભાળી રહ્યા છે. બ્રુનેઈમાં ૮૦ ટકા મુસ્લિમો છે. મુસ્લિમ વસ્તીનું આ પ્રમાણ ઈન્ડોનેશિયા કરતા ઘણું ઓછું છે, જે બ્રુનેઈ કરતા ઘણો મોટો દેશ છે. આઝાદી પછી બ્રુનેઈમાં વિરોધને મંજૂરી આપવામાં આવી નથી અને આવો કોઈ પ્રભાવશાળી નાગરિક સમાજ નથી. ૧૯૬૨માં જાહેર કરાયેલ કટોકટીની સ્થિતિ હજુ પણ ત્યાં કાર્યરત છે.

### મોહમ્મદ યુનુસે ફરી ભારતને આપી ચીમકી

# યુનુસે શેખ હસીનાની રાજકીય ટિપ્પણીઓને અયોગ્ય ગણાવી

### મોહમ્મદ યુનુસે ભારતને બંને દેશો વચ્ચેના સંબંધોનો ઉલ્લેખ કરી શેખ હસીનાને ચૂપ કરાવવા જણાવ્યું છે

। (એજન્સી) ઢાકા, તા.૫ ।

બાંગ્લાદેશની વચગાળાની સરકારના પ્રમુખ મોહમ્મદ યુનુસે શેખ હસીનાની ટિપ્પણીઓ પર ફરી એક વાર નિશાન સાધ્યું છે. આ દરમિયાન તેમણે ભારત માટે પણ ચીમકી આપતા શબ્દો ઉચ્ચાર્યા છે. તેમણે ભારતમાં રોકાયેલા શેખ હસીનાની રાજકીય ટિપ્પણીઓને અયોગ્ય ગણાવી આવા નિવેદનોને ભારત સાથે એક 'અમૈત્રીપૂર્ણ સંકેત' ગણાવ્યો છે. તેમણે ભારતને બંને દેશો વચ્ચેના સંબંધોનો ઉલ્લેખ કરી શેખ હસીનાને ચૂપ કરાવવા જણાવ્યું છે. મીડિયા એજન્સી સાથે વાત કરતાં યુનુસે કહ્યું કે, 'પૂર્વ વડાપ્રધાન શેખ હસીના ભારતમાં બેસી જે પ્રકારની રાજકીય ટિપ્પણીઓ કરી રહી છે તે અયોગ્ય છે. જ્યાં સુધી બાંગ્લાદેશ ભારત સાથે તેમના પ્રત્યાર્પણ



અંગે વાત ન કરે, ત્યાં સુધી હસીનાએ ચૂપ રહેવું જોઈએ. આ ભારત સાથે પણ એક અમૈત્રીપૂર્ણ સંકેત છે. બંને દેશો વચ્ચે સંબંધ હવે નીચલા સ્તરે છે. ભારતે શેખ હસીનાને ચૂપ કરાવવા જોઈએ નહીંતર આ સંબંધો વધુ લથડી શકે છે.' શેખ હસીનાની બાંગ્લાદેશ વાપસી પર વાત કરતાં તેમણે કહ્યું કે, 'જો ભારત શેખ હસીનાને ત્યાં સુધી પોતાની પાસે રાખવા માંગે છે જ્યાં સુધી બાંગ્લાદેશ સરકાર તેમને પરત ન બોલાવે, તો ભારતે શેખ હસીનાને ચૂપ કરાવવું પડશે. તેમને ત્યાં (ભારત) આશ્રય આપવામાં આવ્યું છે અને તેઓ ત્યાંથી પ્રચાર કરી રહ્યા છે. તે (હસીના) સામાન્ય સંજોગોમાં ત્યાં નથી ગયા, લોકોના વિદ્રોહ અને ગુસ્સા બાદ દેશ છોડી દીધું છે. હવે તે ત્યાં બેસીને નિવેદન આપે આ કોઈને ગમતું નથી. આ અમારા અને ભારત માટે સારૂં નથી. શેખ હસીનાને બાંગ્લાદેશ પરત લાવી તેમના પર સૌની સામે કાયદાકીય કાર્યવાહી કરવી પડશે.' મોહમ્મદ યુનુસે આ દરમિયાન કહ્યું કે, બાંગ્લાદેશ ભારત સાથે મજબૂત દ્વિપક્ષીય સંબંધોને મહત્ત્વ આપે છે, પરંતુ નવી દિલ્હીએ આવામી લીગ સિવાયના તમામ રાજકીય પક્ષોને ઈસ્લામિક રૂપમાં દર્શાવતી વિચારધારાથી આગળ વધવું જોઈએ.

### કિમ જોંગ ઉને ફરી બર્બરતા બતાવી

# પૂર અને ભૂસ્ખલન રોકવામાં નિષ્ફળ રહેલા ૩૦ અધિકારીઓને ફાંસી આપી : રિપોર્ટ

। (એજન્સી) ઉત્તર કોરિયા, તા.૫ ।

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને તાજેતરમાં દેશમાં મોટા પ્રમાણમાં પૂર અને ભૂસ્ખલનને રોકવામાં નિષ્ફળતા બદલ ૨૦ થી ૩૦ અધિકારીઓને મૃત્યુદંડની સજા ફટકારી હતી. આ પૂરમાં લગભગ ૪,૦૦૦ લોકોના મોત થયા હતા અને ૧૫,૦૦૦થી વધુ લોકોએ ભાગવું પડ્યું હતું. દક્ષિણ કોરિયાના મીડિયા અનુસાર, કિમે ભ્રષ્ટાચાર અને ફરજમાં બેદરકારીના આરોપસર અધિકારીઓને મૃત્યુદંડનો આદેશ આપ્યો હતો. ટીવી ચોસુનના અહેવાલ મુજબ પૂર પ્રભાવિત વિસ્તારમાં ૨૦થી ૩૦ અધિકારીઓને એકસાથે ફાંસી આપવામાં આવી હતી. આ પહેલા મીડિયામાં સમાચાર આવ્યા હતા કે કિમે આ અધિકારીઓને કડક સજાની જાહેરાત કરી છે. પરંતુ હવે ફાંસીનો મામલો સામે આવી રહ્યો છે. જો કે જે અધિકારીઓને ફાંસી આપવામાં આવી છે તેમના નામનો ખુલાસો કરવામાં આવ્યો નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પૂર પછી અધિકારીઓને ડર હતો કે તેમનો વારો ક્યારે આવશે. ગયા મહિને કિમે પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું



હતું. આ દરમિયાન કિમે એવા અહેવાલોને નકારી કાઢ્યા હતા જેમાં કહેવામાં આવ્યું હતું કે પૂરના કારણે દેશભરમાં હજારો લોકોના મોત થયા છે. આ પહેલીવાર નથી જ્યારે કિમે કથિત નિષ્ફળતા માટે ફાંસીની સજાનો આદેશ આપ્યો હોય. અહેવાલો અનુસાર, ૨૦૧૯ માં, ઉત્તર કોરિયાના પરમાણુ રાજદૂત કિમ હ્યોક ચોલને કિમ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે યુએસ સાથે શિખર સંમેલન ન કરવા બદલ ફાંસી આપ વામાં આવી હતી. ઉત્તર કોરિયામાં જાહેરમાં ફાંસીની લાંબી પરંપરા છે. કોરિયા ટાઈમ્સ અનુસાર, રોગચાળા પહેલા, દર વર્ષે સરેરાશ ૧૦ ફાંસીની સજા કરવામાં આવતી હતી, પરંતુ ગયા વર્ષે આ સંખ્યા વધીને ઓછામાં ઓછી ૧૦૦ થઈ ગઈ હતી.



સિંગાપોરમાં ઔપચારિક સ્વાગત દરમિયાન મુલાકાતીઓની પુસ્તક પર હસ્તાક્ષર કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી. આ સાથે સિંગાપોરના વડાપ્રધાન લોરેન્સ વૉંગ ઉપસ્થિત રહ્યા હતા.

# જો તમને ભારત પસંદ ન હોય તો અહીં કામ બંધ કરી દો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હી હાઈકોર્ટે ન્યુઝ એજન્સી ANIની માનહાનીની અરજી પર વિકિપીડિયાને નોટિસ જારી કરી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા અગાઉના આદેશમાં ANIના 'વિકિપીડિયા પેજ' પર અપ માનજનક સુધારા કરનારા સબ્સ્ક્રાઈબર્સની માહિતી જાહેર કરવાની સૂચના આપવામાં આવી હતી, જેનું પાલન થયું નથી. વિશ્વભરના વ્યક્તિત્વ અને ઘટનાઓ વિશે વિસ્તૃતમાં માહિતી આપતી વેબસાઈટ વિકિપીડિયાને દિલ્હી હાઈકોર્ટે સખત ઠપકો આપ્યો છે. કોર્ટે ન્યૂઝ એજન્સી ANIની વિગતો આપતા પેજમાં સુધારા કરવા મામલે વિકિપીડિયાને કોર્ટ દ્વારા સૂચના આપવામાં આવી છે. બેન્ચે કહ્યું કે 'જો તમને ભારત પસંદ ન હોય તો અહીં કામ બંધ કરી દો. અમે સરકારને કહીશું કે ભારતમાં વિકિપીડિયાને બ્લોક કરી દો.' આ મુદ્દે હાઈકોર્ટે વિકિપીડિયાને માનહાનીની નોટિસ જારી કરી છે અને પૂછ્યું છે કે, શા માટે તેમણે બેન્ચના આદેશનું પાલન ન કર્યું. ન્યૂઝ એજન્સી ANIએ વિકિપીડિયા વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો.

### હવે આંખોના નંબર ઉતરી જશે !

# ભારતમાં પહેલીવાર "બેતાલા"માંથી મુક્તિ આપે તેવા આઈડ્રોપ શોધાયા

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

મુંબઈની ફાર્માસ્યુટિકલ કંપનીએ એક નવો આઈ ડ્રોપ બનાવ્યો છે. જેનાથી હવે માત્ર આઈડ્રોપ નાખીને જ ચશ્માના નંબર હટી જશે. Entod ફાર્માસ્યુટિકલ્સે PresVu નામના આંખના ટીપાં જાહેર કર્યા છે. આ ટિપા પ્રેસ્બાયોપિયાની એટલે કે બેતાલાના દર્દીઓના સારવાર માટે તેનો ઉપયોગ થશે છે. પ્રેસ્બાયોપિયા એ બેતાલાની સમસ્યા છે જે ઉંમર સાથે થાય છે. આમાં, નજીકની વસ્તુઓ અસ્પષ્ટ દેખાય છે. આ સમસ્યા સામાન્ય રીતે ૪૦ વર્ષની ઉંમર પછી શરૂ થાય છે. ભારતમાં લગભગ ૧.૦૯ અબજથી ૧.૮૦ અબજ લોકો આ સમસ્યાથી પીડાય છે. ત્યારે હવે બેતાલા માત્ર આઈડ્રોપથી ઠીક કરી શકાશે. PresVu આઈ ડ્રોપને ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) દ્વારા મંજૂરી આપવામાં આવી છે. અગાઉ, સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) ની નિષ્ણાત સમિતિએ તેની ભલામણ કરી હતી. કંપનીનો દાવો છે કે ભારતમાં આ પ્રકારનો આ પ્રથમ આંખનો ડ્રોપ




છે જે પ્રેસ્બિયોપિયાની સારવાર માટે બનાવવામાં આવ્યો છે. આ ૪૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે છે જેઓ ચશ્મા પહેરવા માંગતા નથી. PresVu આંખના ટીપાંમાં ખાસ ફોર્મ્યુલાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કંપનીનું કહેવું છે કે તેનો ઉપયોગ ન માત્ર ચશ્માથી છુટકારો મેળવવામાં મદદ કરશે પરંતુ આંખોમાં ભેજ પણ જાળવી રાખશે. તેનાથી આંખોને આરામ મળશે. ડોકટર ધનંજય બખલે કહે છે કે PresVu આઈ ડ્રોપ એ આંખની સારવારના ક્ષેત્રમાં એક મોટી સિદ્ધિ છે. તેમનું કહેવું છે કે આ આંખનો ડ્રોપ પ્રેસ્બાયોપિયાથી પીડિત લાખો લોકો માટે ફાયદાકારક સાબિત થશે. તે કોઈપણ સર્જરી વગર આંખોની રોશની સુધારે છે. PresVu આઈ ડ્રોપ્સની સૌથી ખાસ વાત એ છે કે તેમાં એડવાન્સ ડાયનેમિક બફર ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ કારણે, આ આઈ ડ્રોપ આંખોના પીએચ સ્તર અનુસાર પોતાને અનુકૂળ કરે છે. લાંબા સમય સુધી ઉપયોગ કરવામાં આવે તો પણ તે સુરક્ષિત રહે છે. ઈર્હદ્ધ ફાર્માસ્યુટિકલ્સના CEO, નિખિલ કે મસુરકર કહે છે કે PresVu માત્ર એક પ્રોડક્ટ નથી, તે એક એવો ઉપાય છે જે લાખો લોકોના જીવનને બહેતર દ્રષ્ટિ પ્રદાન કરીને સુધારી શકે છે. ડૉક્ટર આદિત્ય સેઠી કહે છે કે PresVu આંખના ડ્રોપ્સના ઉપયોગથી માત્ર ૧૫ મિનિટમાં નજીકની દ્રષ્ટિ સુધરે છે. પ્રેસ્બાયોપિયાની સમસ્યાથી પીડિત લોકો માટે આ એક સારો વિકલ્પ છે. આ આઈ ડ્રોપ ઓક્ટોબરના પ્રથમ સપ્તાહથી બજારમાં ઉપલબ્ધ થશે. ૪૦ થી ૫૫ વર્ષની વયના લોકો જેઓ પ્રેસ્બાયોપિયાથી પીડાય છે તેઓ ડૉક્ટરની સલાહ પર આ આંખના ડ્રોપનો ઉપયોગ કરી શકે છે. તેની કિંમત ૩૫૦ રૂપિયા રાખવામાં આવી છે.

### રેપ અને મર્ડર કેસમાં પીડિતાના પિતાનો મોટો ખુલાસો

# એક પોલીસ અધિકારીએ તેમને ચૂપ રહેવા માટે પૈસાની ઓફર કરી હતી

### કોલકાતા રેપ મર્ડર કેસ પીડિતાના પિતાએ જણાવ્યું હતું કે કેસનો અંત લાવવા પોલીસે ઉતાવળમાં લાશનો અંતિમ સંસ્કાર કર્યો હતો

। (એજન્સી) કોલકાતા, તા.૫ ।

કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં બળાત્કાર અને હત્યાના કેસમાં એક સનસનીખેજ ખુલાસો થયો છે. બુધવારે હડતાળ પર બેઠેલા જુનિયર ડોક્ટરો સાથે મીડિયા સાથે વાત કરતા પીડિતાના પિતાએ કહ્યું કે, પોલીસે ઉતાવળમાં લાશનો અંતિમ સંસ્કાર કર્યો અને તેને શાંત રાખવા માટે પોલીસે તેને લાંચની ઓફર કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે પોલીસ શરૂઆતથી જ કેસને બંધ કરવાનો પ્રયાસ કરી રહી હતી, એટલા માટે અમને પોસ્ટમોર્ટમ પહેલા મૃતદેહને જોવા દેવામાં આવ્યો ન હતો. જ્યારે મૃતદેહ અમને સોંપવામાં આવ્યો, ત્યારે એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ અમને પૈસાની ઓફર કરી, જેને અમે તરત જ ના પાડી દીધી. બુધવારે જ કોલકાતામાં હજારો મહિલાઓએ પીડિતાને ન્યાય મેળવવા માટે 'રિક્લેમ ધ નાઈટ' નામની ફૂટ માર્ચ કાઢી હતી. આ માર્ચ અંતર્ગત, વિરોધ કરી રહેલા ડૉક્ટરોએ લોકોને રાત્રે ૯




વાગ્યે તેમના ઘરની લાઈટ બંધ કરવા માટે આહવાન કર્યું હતું, જે અંતર્ગત લોકોએ રાત્રે તેમના ઘરની લાઈટ બંધ કરીને આ કેન્ડલ માર્ચમાં ભાગ લીધો હતો આ અભિયાન અંતર્ગત રાજભવનની લાઈટો પણ બંધ કરવામાં આવી હતી. જ્યારથી કોલકાતા બળાત્કાર અને હત્યાનો મામલો પ્રકાશમાં આવ્યો ત્યારથી કોલકાતા સહિત દેશભરમાં ભારે વિરોધ શરૂ થયો હતો, જેમાં ડોક્ટરો સહિત લોકો પીડિતા માટે ન્યાયની માંગ કરી રહ્યા છે. કોલકાતામાં આ વિરોધ હજુ પણ ચાલુ છે. મંગળવારે, કોલકાતામાં જુનિયર ડોકટરોના એક પ્રતિનિધિમંડળે શહેર પોલીસ કમિશનર વિનીત ગોયલને હાથથી બનાવેલ કૃત્રિમ કરોડરજ્જુ સોંપી હતી.

## તંત્રી લેખ...

# સુકન્યા સમૃદ્ધિ યોજનામાં મોટા ફેરફાર કરવામાં આવ્યા

દીકરીઓના ભવિષ્યને આર્થિક સુરક્ષા આપવા માટે, લોકપ્રિય સરકારની સુકન્યા સમૃદ્ધિ યોજનામાં એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે, જે તમારા માટે જાણવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. દીકરીના ભણતર અને લગ્ન માટે નાણાંની વ્યવસ્થા કરવા સક્ષમ આ યોજનામાં હવે માત્ર માતા-પિતા અથવા કાનૂની વાલી જ દીકરીનું ખાતું ઓપરેટ કરી શકશે. જો આમ ન થાય તો આ એકાઉન્ટ બંધ થઈ શકે છે. અમને SSY યોજનાના નિયમોમાં ફેરફાર વિશે વિગતવાર જણાવો...કેન્દ્રની નરેન્દ્ર મોદી (PM નરેન્દ્ર મોદી) સરકારે દીકરીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૧૫માં સુકન્યા સમૃદ્ધિ યોજના (SSY યોજના) શરૂ કરી હતી. આ સરકારી યોજના હેઠળ માત્ર ૨૫૦ રૂપિયામાં ખાતું ખોલાવી શકાય છે. સરકાર આના પર મજબૂત વ્યાજ પણ આપી રહી છે, જે ૮.૨ ટકા છે. આ એક લાંબા ગાળાની રોકાણ યોજના છે, જે દીકરીઓને કરોડપતિ બનાવવા માટે લોકપ્રિય છે.દીકરીના ભવિષ્ય માટે જંગી ભંડોળ એકત્ર કરવા માટે આ યોજનામાં કરાયેલા નવીનતમ નિયમમાં ફેરફાર વિશે વાત કરતાં, તે ખાસ કરીને આવા સુકન્યા ખાતાઓ પર લાગુ કરવામાં આવશે જે નેશનલ સ્મોલ સેવિંગ્સ સ્કીમ્સ (NSS) હેઠળ ખોલવામાં આવે છે. નવા નિયમ મુજબ, જો કોઈ પુત્રીનું SSY એકાઉન્ટ કોઈ એવી વ્યક્તિ દ્વારા ખોલવામાં આવ્યું છે જે તેના કાયદેસર વાલી નથી, તો તેણે આ એકાઉન્ટ કુદરતી માતાપિતા અથવા કાનૂની વાલીને ટ્રાન્સફર કરવું પડશે. જો આમ ન કરવામાં આવે તો તે ખાતું બંધ કરી શકાય છે. રિપોર્ટ અનુસાર, સ્કીમમાં આ ફેરફાર ૧ ઓક્ટોબર, ૨૦૨૪થી અમલમાં આવશે.SSY યોજના એટલી લોકપ્રિય છે તેનું કારણ આ યોજનામાં રોકાણ પર મળતું વ્યાજ પણ છે. આ સ્કીમ જાન્યુઆરી-માર્ચ ૨૦૨૪ના ત્રિમાસિક ગાળા માટે ૮.૨ ટકાનું ઉત્તમ વ્યાજ ઓફર કરી રહી છે. સુકન્યા સમૃદ્ધિ યોજના લાંબા ગાળાની રોકાણ યોજના છે, જે તમારી પુત્રીને ૨૧ વર્ષની થાય ત્યારે કરોડપતિ બનાવી શકે છે. જો તમે તેની ગણતરી પર નજર નાખો તો, જો તમે ૫ વર્ષની ઉંમરે તમારી પુત્રીના નામ પર SSY ખાતું ખોલો છો અને તેમાં વાર્ષિક ૧.૫ લાખ રૂપિયાનું રોકાણ કરો છો, તો જ્યારે તમારી પુત્રી ૨૧ વર્ષની થશે ત્યારે ૬૯ લાખ રૂપિયાથી વધુ હશે. તેના ખાતામાં રકમ એકઠી કરવામાં આવી હશે.

# મમતા બેનરજીએ વળતો દાવ ખેલીને વિધાનસભામાં નવું એન્ટિ રેપ બિલ પસાર કરાવ્યું

કોલકાતાની આર.જી કર મેડિકલ કોલેજ અને હૉસ્પિટલમાં ટ્રેઈની ડૉક્ટર પર રેપ કરીને હત્યા કરવાના મુદ્દે દેશભરમા હજુય આક્રોશ છે. ભાજપે આ મુદ્દાને ચગાવ્યો છે ને પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીને ભીંસમાં લેવા માટે પૂરી તાકાત લગાવી રહ્યો છે ત્યારે મમતા બેનરજીએ વળતો દાવ ખેલીને વિધાનસભામાં નવું એન્ટિ રેપ બિલ પસાર કરાવ્યું છે. મમતાનાં દાવા પ્રમાણે આ બિલમાં બળાત્કારને લગતા કેસોમાં કાયદાને વધુ કડક કરવામાં આવ્યા છે અને માત્ર ૧૦ દિવસમાં ફાંસીની સજાનો અમલ કરાશે. મમતાએ બનાવેલો નવો કાયદો ખરેખર બળાત્કારને રોકી શકશે કે નહીં તે વાત કરીશું પણ પહેલાં બિલમાં ખરેખર શું છે અને આ બિલ દ્વારા મમતાએ કેવો રાજકીય દાવ ખેલ્યો છે તેની વાત કરી લઈએ. બંધારણીય રીતે મમતા બેનરજીની સરકાર આવો કાયદો પસાર ના કરી શકે કેમ કે રાજ્ય સરકાર પાસે આ પ્રકારના કાયદા બનાવવાની સત્તા નથી. મમતાએ એ છતાં વિધાનસભામાં આ કાયદો પસાર કરાવીને મોદી સરકારને સીધો પડકાર ફેંક્યો છે ને વાસ્તવમાં ભેરવી દીધી છે. 'અપરાજિતા વુમન એન્ડ ચાઈલ્ડ (પશ્ચિમ બંગાળ ક્રિમિનલ લો અમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૪' નામના મમતા બેનરજી સરકારના નવા બિલમાં ભારતીય ન્યાય સંહિતા (BNS), ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યૂઅલ એક્ટ (POCSO)માં સુધારા કરવાની વાત છે. ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૬૪, ૬૬, ૬૮, ૭૦, ૭૧, ૭૨, ૭૩ અને ૧૨૪માં મહિલાઓ સામે અપરાધ કરતા ગુનેગારો માટે સજાની જોગવાઈ છે. અપરાજિતા એક્ટમાં આ તમામ કલમોમાં સુધારાની દરખાસ્ત કરવામાં આવી છે. આ સિવાય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૧૯૩ અને ૩૪૬ તેમજ પોક્સો એક્ટની કલમ ૪, ૬, ૮, ૧૦ અને ૩૫માં સુધારાની દરખાસ્ત છે. આ સુધારા દ્વારા મહિલાઓ અને બાળકો સામેના તમામ જાતીય અપરાધોને કોગ્નિઝેબલ અને બિનજામીનપાત્ર બનાવવામાં આવ્યા છે. મતલબ કે, બળાત્કાર સહિતના મહિલાઓ પરના અત્યાચારના ગુનાઓમાં પોલીસ વોરંટ વગર પણ આરોપીની ધરપકડ કરી શકે છે અને તેને જામીન નહીં મળે. આ બિલમાં બળાત્કાર સહિતના તમામ જાતીય અપરાધ માટે ફાંસી એટલે કે મૃત્યુદંડની જોગવાઈ છે. મોદી સરકારે લાગુ કરેલા નવા ભારતીય ન્યાય સંહિતા કાયદામાં બળાત્કાર માટે ફાસીંની સજાની જોગવાઈ છે પણ બળાત્કારને લગતા તમામ ગુનાઓમાં મૃત્યુદંડની જોગવાઈ નથી. અપરાજિતા એક્ટમાં કેન્દ્ર સરકારના કાયદા પોલીસ તપાસ અને ટ્રાયલ પૂર્ણ કરવાની સમયમર્યાદા ઘટાડી દેવામાં આવી છે. નવા કાયદા હેઠળ રેપ કેસની તપાસ ૩૬ દિવસમાં પૂરી કરવાની રહેશે. પીડિતા કોમામાં જાય અથવા મૃત્યુ પામે તો ૧૦ દિવસની અંદર દોષિતને ફાંસી આપવામાં આવશે. આ કાયદા પ્રમાણે, પોલીસને મહિલાને લગતો અપરાધ થયો છે તેની એફઆઈઆર નોંધાય તેના ૨૧ દિવસની અંદર તપાસ પૂરી કરવી પડશે. ૨૧ દિવસમાં તપાસ પૂરી ન થાય તો કોર્ટ વધુ ૧૫ દિવસનો સમય આપી શકે છે પણ આ માટે પોલીસે લેખિતમાં મોડું થવાનું કારણ જણાવવું પડશે. ભારતીય ન્યાય સંહિતામાં પોલીસે બે મહિનામાં તપાસ પૂરી કરવાની છે. બે મહિનામાં તપાસ પૂરી નહીં થાય તો વધુ ૨૧ દિવસનો સમય આપવામાં આવી શકે છે. બંગાળ સરકારના બિલમાં એવી પણ જોગવાઈ છે કે મહિલાઓ અને બાળકો સાથે સંબંધિત અપરાધોના મામલામાં ચાર્જશીટ દાખલ થયાના એક મહિનામાં ટ્રાયલ પૂર્ણ કરવાની રહેશે જ્યારે ભારતીય ન્યાય સંહિતામાં બે મહિનાનો સમય છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪માં બળાત્કાર માટે ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજાની જોગવાઈ છે કે જેને આજીવન કેદ સુધી વધારી શકાય છે. આજીવનનો અર્થ દોષિત જીવિત રહે ત્યાં સુધી જેલમાં જ રહેશે. દંડની જોગવાઈ પણ છે. બંગાળ સરકારના બિલમાં આજીવન કેદની જોગવાઈ છે અને ફાંસીની સજા અને દંડની જોગવાઈ પણ છે. ન્યાય સંહિતમાં રેપ પછી મર્ડરની સજા ઓછામાં ઓછી ૨૦ વર્ષની જેલ છે કે જેને ઉંમરકેદ સુધી વધારી શકાય છે અને ખાસ કિસ્સામાં મોતની સજાની પણ જોગવાઈ છે. બંગાળ સરકારના બિલમાં દોષિતને મૃત્યુની સજા ફટકારવામાં આવે એવી જોગવાઈ છે. ન્યાય સંહિતાની કલમ ૭૦(૧) પ્રમાણે, કોઈ મહિલા પર ગેંગરેપ થાય તો બધા દોષિતોને ઓછામાં ઓછી ૨૦ વર્ષની સજા થશે.

**આપણે ખરેખર ભાગ્યશાળી છીએ કે આપણને ભારતમાં જન્મ મળ્યો છે, અને ભગવાન ભોળાનાથ જેવા ભગવાન મળ્યા છે**

# આદિદેવ શંકરાચાર્ય દ્વારા કેદારનાથ મંદિરનું નિર્માણ થયું છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**હિન્દુ ધર્મમાં ચારધામની યાત્રાનું ખૂબ મહત્વ છે, અને એ હિસાબે હિન્દુ હોવાને નાતે મેં પણ ચારધામ યાત્રા કરી છે, દરેક તીર્થનું પોત પોતાનું એક મહત્વ હોય છે, પરંતુ કેદારનાથની યાત્રાનો બહુ આલ્હાદક અનુભવ રહ્યો હતો, કારણ ઉંમર ઘણી નાની હતી,અને બરફના એ પહાડમાં લસરી લસરી ઉતરવાની મજા હજી પણ યાદ છે.**

શ્રાવણ પૂરો થઈ ગયો પરંતુ શિવાલય તો હજી ઘણાં છે, કોઈમાં સ્થાનનું મહત્વ હોય તો, કોઈમાં શિવલિંગનો ઈતિહાસ હોય, તો કોઈમાં જે તે વ્યક્તિ દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હોય, તેનું મહત્વ હોય. હિમાલયના કેદાર દ્રુમ પર્વત પર સ્થિત એવા કેદારનાથનો ઈતિહાસ અને શિવલિંગ બંને અન્ય કથા કરતા તદ્દન જુદા છે, અને હિન્દુ ધર્મના મુખ્ય ચાર તીર્થ ધામ પૈકીનું એક તીર્થ કેદારનાથ પણ ગણવામાં આવે છે, તો આજે આપણે કેદારનાથ વિશે વાત કરીશું. બારે બાર જ્યોતિર્લિંગમાં કેદારનાથનો જ્યોતિર્લિંગ સર્વોત્તમ ઊંચાઈ પર આવેલું છે. દ્વાદશ જ્યોર્તિલિંગમાં સમુદ્રતળથી ૩૫૮૧ મીટરની સર્વાધિક ઊંચાઈએ આવેલું જ્યોર્તિલિંગ એટલે કેદારનાથ.હિમાલયની રુદ્ર હિમાલય પર્વતમાળામાં ચૌખમ્બા ગ્લેશિયર પાસે આવેલ છે. યમુનોત્રી, ગંગોત્રી, બદરીનાથ અને કેદારનાથની પ્રખ્યાત ચારધામ યાત્રા પૈકીનું એક એવું કેદારનાથ શ્રદ્ધાળુઓની દ્રઢ આસ્થાનું પ્રતીક છે. કેદારનાથમાં શિવજીનું સ્વરૂપ ત્રિકોણાકાર અથવા બળદની ખુંધના આકારનું છે, જે અન્ય ૧૧ જ્યોર્તિલિંગો કરતાં તદ્દન જુદું જ છે. કેદારનાથનું મંદિર ચારે બાજુ પર્વતની વચ્ચે આવેલું છે, એટલે કે કેદારનાથ ધામ દરેક બાજુએથી પહાડો ઘેરાયેલું છે. એક તરફ ૨૨ હજાર ફૂટ ઉંચા કેદારનાથ, બીજી તરફ ૨૧,૬૦૦ ફૂટ ઉંચા ખર્ચકુંડ અને ત્રીજી તરફ ૨૨,૭૦૦ ફૂટ ઉંચો ભરતકુંડ. કેદારનાથ ધામ દેશના બાર જ્યોતિર્લિંગોમાં સર્વોચ્ચ કેદારેશ્વર જ્યોતિર્લિંગ છે. મંદાકીની, મધુગંગા ક્ષીરગંગા, સરસ્વતી અને સ્વર્ણગૌરી. આમ અહીં પાંચ નદીઓનો પણ સંગમ થાય છે. ચૌરીબારી હિમનદનાના કુંડમાંથી નીકળતી મંદાકીની અલકનંદા આજે પણ છે. ચૌખમ્બા ગ્લેશિયરમાંથી નીકળતી મંદાકિની નદી, બરફાચ્છાદિત પહાડો, કડકડતી ઠંડી, સુસવાટા મારતા ઠંડા પવનો, ધીમો વરસાદ અથવા બરફના ઝીણા કરા , સૂર્યનારાયણની ખૂબ જ ઓછી હાજરી અને સતત વાદળોથી ઢંકાયેલા રહેતા આકાશ વચ્ચે વસેલા શિવજીનું સ્થળ એટલે કેદારનાથ. દ્વાદશ જ્યોતિર્લિંગોની યાત્રામાં કેદારનાથની યાત્રાને એટલે જ અઘરી યાત્રા કહેવામાં આવે છે. શિવજીએ ગંગાજીનું અવતરણ સર્વપ્રથમ મંદાકિની સ્વરૂપે કરાવ્યું હોવાનું માનવામાં આવે છે. કેદારનાથ અંગેની પૌરાણિક કથા અનુસાર જોઈએ તો, કેદારનાથ જ્યોર્તિલિંગ અંગે બે મુખ્ય કથાઓ પ્રચલિત છે. પ્રથમ કથા દ્વાપરયુગની શરૂઆતમાં થયેલા મહાભારતની છે. મહાભારતનાં યુદ્ધમાં કૌરવો સામે વિજય મેળવ્યાં બાદ પાંડવોને લાગ્યું, કે આ યુદ્ધમાં પોતાનાથી બ્રહ્મહત્યા, ગૌહત્યા થઈ છે, અને



પાંડવોએ જ પોતાનાં ભાઈ ભાંડુઓને હણ્યાં છે. આમ પોતાનાથી મોટું પાપ થઈ ગયું હોવાનું માનતા પાંડવો મહર્ષિ વેદવ્યાસ પાસે જઈને પોતાની સમસ્યા જણાવે છે. મહર્ષિ વેદવ્યાસ આ પાપના પ્રાયશ્ચિત માટે પાંડવોને હિમાલયમાં ભગવાન શિવના દર્શન કરવા જવાનું કહે છે. વ્યાસજીની સલાહ માનીને પાંચ પાંડવો અને દ્રૌપદી હિમાલયમાં શિવજીનાં દર્શનાર્થે નીકળી પડે છે. બીજી તરફ ભગવાન શિવજી પાંડવોની કસોટી કરતાં હોય તેમ દર્શન આપતા નથી. પાંડવો ફરતાં ફરતાં ગુપ્તકાશી પાસે આવે છે, અને આ સ્થળે સહદેવ અને નકુલને એક વિચિત્ર પ્રકારનો બળદ નજરે ચડે છે, આથી તેને પકડવા તેની પાછળ દોડે છે. પાંડવો બળદ રૂપે રહેલાં શિવજીને ઓળખી લે છે, આથી શિવજી ભૂગર્ભમાં જતા રહે છે, પરંતુ પાંડવોમાં ભીમ તેમની પીઠની ખૂંધને પકડી પાડે છે. કથા એવી છે કે બળદની પીઠની ખૂંધનો ભાગ જે સ્થળે દેખાયો તે કેદારનાથ, હાથ દેખાયા તે તુંગનાથ ,ચહેરો દેખાયો તે રુદ્રનાથ , પેટનો ભાગ દેખાયો તે મદદ્રમહેશ્વર અને વાળ દેખાયા તે સ્થળ એટલે કલ્પેશ્વર, બળદના સ્વરૂપે રહેલા શિવજી અને ભીમ વચ્ચે જે ખેંચાખેંચ ચાલી, તેમાં બળદના શીર્ષનો ભાગ નેપાળમાંથી નીકળ્યો, જેને આપણે પશુપતિનાથ તરીકે જાણીએ છીએ. ઐતિહાસિક મહત્વ ધરાવતાં કેદારનાથ વિશે બીજા ત્રણ ચાર રહસ્યો પણ જાણવા મળે છે, છ મહિના સુધી મંદિર સંપૂર્ણપણે બંધ રહે છે છતાં દિપક પ્રજ્વલિત રહે છે, બીજુ મંદિરની સ્વચ્છતા પણ એવી ને એવી જ હોય છે, એટલે કે મંદિર જ્યારે બંધ કરવામાં આવે ત્યારે, મંદિરનું ગર્ભગૃહ જે સ્થિતિમાં હોય એ જ સ્થિતિમાં છ મહિના પછી પણ જોવા મળે છે. આ ઉપરાંત યુગોના અંતર પ્રમાણે ૧૪મી સદી પછી એક યુગ કે કલ્પનો એક ગાળો એવો રહ્યો એમાં ૪૦૦ વર્ષ સુધી આ શિવાલય બરફમાં દટાઈ ગયું હતું, અને ૪૦૦ વર્ષ બાદ ધીરે ધીરે બરફનું ગ્લેશિયર સરી જતા ફરી પાછું શિવાલય એટલે કે કેદારનાથ મંદિર નજરે ચડ્યું. આ ઉપરાંત હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટવાના કારણે હોનારત થઈ હતી, છતાં આઠમી સદીમાં બનાવેલું આ મંદિર અડીખમ ઊભું હતું. હિન્દુ ધર્મના પ્રણેતા એવા ભગવાન આદિદેવ શંકરા ચાર્ય દ્વારા આ મંદિરનું નિર્માણ થયું એવી પણ એક લોકવાયકા છે. કેદારનાથ મંદિરના દર્શન બહુ જ દુર્લભ છે, કેદારનાથનું મંદિર વર્ષમાં છ મહિના ખુલ્લું રહે છે, અને બાકીના છ મહિના મંદિર બરફથી ઢંકાયેલું રહે છે. દર વર્ષે અખાત્રીજની આસપાસ , મે મહિનામાં મંદિરના કમાડ ખૂલે છે અને ઓક્ટોબર નવેમ્બરમાં ભાઈબીજના દિવસે મંદિરના કમાડ બંધ થાય છે. મંદિરના કમાડ ખૂલવાની તારીખ કેદારનાથ મંદિરના મુખ્ય પૂજારી અને સહયોગીઓ દ્વારા મહાશિવરાત્રિ પર્વ પર ઉખીમઠમાં નક્કી કરવામાં આવે છે. દર્શનાર્થીઓ માટે કેદારનાથ મંદિરના દ્વાર સવારે ૬.૦૦ કલાકે ખુલે છે, અને બપોરે ૨.૦૦ કલાકે બંધ થાય છે.બપોરે ૩.૦૦ કલાકે મંદિર પુનઃ ખુલે છે, અને રાત્રે ૮.૦૦ કલાકે બંધ થાય છે. દર્શનાર્થીઓ સવારે ૯.૦૦ થી બપોરે ૨.૦૦ કલાક સુધી ગર્ભગૃહમાં પ્રવેશીને પૂજા કરી શકે છે. બપોર પછીના સમયમાં ગર્ભગૃહમાં પ્રવેશી શકાતું નથી . ત્યારબાદ જે ૪.૦૦ કલાકે ભોગ અર્પણ કરવામાં આવે છે. સાંજે ૫.૦૦ કલાકથી મંદિરમાં શૃંગાર દર્શન થાય છે. રક્ષાબંધનના આગલા દિવસે શ્રાવણી અન્નકૂટ મેળો પણ મંદિરમાં યોજાય છે , જેમાં જ્યોર્તિલિંગને રાંધેલા ભાતથી શણગારવામાં આવે છે અને તે ભાતને પ્રસાદ તરીકે શ્રદ્ધાળુઓમાં વહેંચી દેવામાં આવે છે. મંદિર બંધ થવાના અંતિમ દિવસે ભાઈબીજે વિશેષ સમાધિપૂજા કરાવવામાં આવે છે . મંદિરની પૂજાવિધિ કેદારનાથ મંદિરમાં સવારની અને સાંજની એમ બે ભાગમાં જુદા જુદા પ્રકારની પૂજા થાય છે. સવારની પૂજા કુલ આઠ પ્રકારની છે. જેમાં મહાભિષેક પૂજા, રુદ્રાભિષેક પૂજા , લઘુરુદ્રાભિષેક, ષોડશોપચાર , અષ્ટોપચાર , પંચોપચાર આખા દિવસની પૂજા , અનુપ્રાતઃકાલીન પૂજાનો સમાવેશ થાય છે . કેદારનાથ જ્યોર્તિલિંગની વિશેષતા કેદારનાથ જ્યોર્તિલિંગની વિશેષતા એ છે કે તેમાં અન્ય જ્યોર્તિલિંગોમાં હોય છે, તેવું શિવલિંગ નથી, પરંતુ તે પિરામિડ આકારનો વિશાળ પથ્થર છે . શ્રદ્ધાળુઓ આ જ્યોર્તિલિંગને ઘી લગાવે છે અને તેને આલિંગન આપે છે. આ ઉપરાંત બિલીપત્ર , જળ અને દૂધ પણ ચડાવવામાં આવે છે. શ્રદ્ધાળુઓ ગંગોત્રીથી ગંગાજળ લઈને કેદારનાથ જ્યોતિર્લિંગ પર તેનો અભિષેક કરે છે. પંચકેદારયાત્રા માનવશરીર પાંચ તત્ત્વોનું બનેલું છે, જેને પંચમહાભૂત કહે છે. ભારતીય વિચારધારામાં ' પાંચને વિશિષ્ટ સ્થાન મળેલું છે. કેદારનાથ ક્ષેત્રમાં કેદારનાથ સહિતના કુલ પાંચ વિશિષ્ટ સ્થાનની ગણના વિશ્વના સર્વશ્રેષ્ઠ સૌંદર્ય સ્થળો પૈકીના એક તરીકે થાય છે.

**ગાયત્રીને શ્રાપ આપ્યો કે તારા ઘણા સાંઢ(આખલા)પતિ હશે, તું મૃત્યુલોકમાં ગાય બનીશ, પુહપવ તીને શ્રાપ આપ્યો કે તારી જગ્યા ગંદકીમાં હશે**

# આજે ભાદરવા સુદ ત્રીજ એટલે કેવડાત્રીજ માતા દુર્ગાએ બ્રહ્માજી, ગાયત્રી અને કેવડાને કેમ શ્રાપ આપ્યો, પસ્તાવો કેમ થયો...?



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**બ્રહ્મા વગર જીવ ઉત્પત્તિનું બધું કાર્ય અસંભવ છે બ્રહ્મેકાળે કહ્યું તેને પરત બોલાવી લો હું તેને દર્શન નહિ આપું, ત્યારે દુર્ગાએ પોતાની શબ્દ શક્તિથી ગાયત્રી નામની કન્યા ઉત્પન્ન કરી તથા તેને બ્રહ્મા ને પાછા લઈ આવવા અંગે કહ્યું, ગાયત્રી બ્રહ્માજીની પાસે ગઈ પરંતુ બ્રહ્માજીએ સમાધિ લગાવેલ હતી જેથી તેમને કોઈ આભાસ જ ન થયો કે કોઈ આવ્યું છે, ત્યારે આદિકુમારીએ ગાયત્રીને ધ્યાન દ્વારા બતાવ્યું કે બ્રહ્માના ચરણ સ્પર્શ કર.**

આજે ભાદરવા સુદ ત્રીજ એટલે કેવડા ત્રીજ તેનું મહાત્મ્ય જોઈએ તો ભારતીય સંસ્કૃતિમાં ધર્મ ધર્મ સ્થાનો ગ્રંથોનું આગવું મહત્વ છે. દુર્ગાએ બ્રહ્માજીને કહ્યું કે અલખ નિરંજન તમારો પિતા છે પરંતુ તે તમને દર્શન નહિ આપે. બ્રહ્માએ કહ્યું કે હું દર્શન કરીને જ પાછો આવીશ. માતાએ પૂછ્યું કે જો તને દર્શન ના થયા તો શું કરીશ? બ્રહ્માએ કહ્યું કે હું પ્રતિજ્ઞા કરું છું કે જો પિતાજીના દર્શન નહીં થાય તો તમારી સામે નહીં આવું. આમ કહીને બ્રહ્માજી વ્યાકુળ થઈને ઉત્તર દિશા તરફ ચાલી ગયા, જ્યાં અંધારું જ અંધારું છે. ત્યાં બ્રહ્મા એ ચાર યુગ સુધી ધ્યાન લગાવ્યું પરંતુ કંઈ પણ પ્રાપ્તિ થઈ નહિ.કાળે આકાશ વાણી કરી કે જીવ ઉત્પત્તિ કેમ નથી કરી? ભવાનીએ કહ્યું કે તમારો જ્યેષ્ઠ પુત્ર બ્રહ્મા જિદ કરીને તમારી શોધમાં ગયો છે. બ્રહ્મા વગર જીવ ઉત્પત્તિનું બધું કાર્ય અસંભવ છે બ્રહ્મેકાળે કહ્યું તેને પરત બોલાવી લો હું તેને દર્શન નહિ આપું. ત્યારે દુર્ગાએ પોતાની શબ્દ શક્તિથી ગાયત્રી નામની કન્યા ઉત્પન્ન કરી તથા તેને બ્રહ્મા ને પાછા લઈ આવવા અંગે કહ્યું. ગાયત્રી બ્રહ્માજીની પાસે ગઈ પરંતુ બ્રહ્માજીએ સમાધિ લગાવેલ હતી જેથી તેમને કોઈ આભાસ જ ન થયો કે કોઈ આવ્યું છે. ત્યારે આદિકુમારીએ ગાયત્રીને ધ્યાન દ્વારા બતાવ્યું કે બ્રહ્માના ચરણ સ્પર્શ કર. ત્યારે ગાયત્રીએ એવું જ કર્યું. બ્રહ્માજીનું ધ્યાન ભંગ થયું તો ક્રોધ વશ બોલી ઉઠ્યા કે કોણ પાપણ છે? જેણે મારું ધ્યાનભંગ કર્યું છે. હું તને શ્રાપ આપીશ. ગાયત્રીએ કહ્યું કે મારો દોષ નથી પહેલા મારી વાત સાંભળો પછી શ્રાપ આપજો મને તો માતા એ તમને પાછા લઈ આવવા માટે કહ્યું છે કારણ કે તમારા વગર જીવ ઉત્પત્તિ થઈ શકતી નથી. બ્રહ્માએ કહ્યું કે હું કઈ રીતે જઉં? પિતાજીના દર્શન થયા નથી, આમ ખાલી જઉં તો મારી મજાક થશે. અગર તમે માતા જી એમ કહી દો કે બ્રહ્માને પિતા ના દર્શન થયા છે,જે મેં પોતાની આંખે જોયું છે તો તમારી સાથે આવીશ. ત્યારે ગાયત્રીએ કે તમે મારી સાથે સંભોગ (સેક્સ-રતિ ક્રીડા) કરશો તો જ હું તમારી ખોટી સાક્ષી આપીશ. ત્યારે બ્રહ્મા એ વિચાર્યું કે પિતાના દર્શન થયા નથી,આમ જ જઉં તો માતાની સામે જવામાં શરમ આવશે, બીજો કોઈ ઉપાય દેખાયો નહિ, પછી ગાયત્રી સાથે રતિક્રીડા કરી, ત્યાર પછી ગાયત્રી એ કહ્યું કે એક બીજો સાથી પણ કેમ ન ઊભો કરીએ ? બ્રહ્માએ કહ્યું કે વિચાર ખૂબ જ સારો છે. ત્યારે ગાયત્રીએ શબ્દ શક્તિથી એક કન્યા (પુહુપવતી નામની) ઉત્પન્ન કરી તથા તેને બંને જણા એ કહ્યું કે તમે જુબાની આપજો કે બ્રહ્માએ દર્શન કર્યા છે. ત્યારે પુહુપવતીએ કહ્યું કે હું શા માટે ખોટી જુબાની આપું હા, અગર બ્રહ્મા મારી સાથે રતિક્રીડા (સંભોગ) કરે તો જુબાની આપી શકું છું.ગાયત્રીએ બ્રહ્માને સમજાવ્યા (ઉકસાવ્યા - પ્રેરિત કર્યા) કે બીજો કોઈ ઉપાય નથી ત્યારે બ્રહ્માએ પુહુપવતી સાથે પણ સંભોગ કર્યો. આમ ત્રણેય મળીને આદિ માયા



(પ્રકૃતિ)ની પાસે ગયા બન્ને દેવીઓએ ઉપરોક્ત શરત એટલા માટે રાખી હતી કે અગર બ્રહ્મા માતાની સામે અમારી ખોટી જુબાની અંગે કહી દેશે તો માતા અમને શ્રાપ આપી દેશે. એટલા માટે તેને પણ દોષી બનાવી દીધો. અહીંયા મહારાજ ગરીબદાસજી કહે છે કે''દાસ ગરીબ યહ ચૂક ધુરો ધુર'' :-આ કાળ (બ્રહ્મ)ના લોકમાં આ બુરાઈ પ્રારંભથી જ હતી તથા અહીં કાળના લોકમાં દેવતાઓ પણ બુરાઈથી દૂર રહી શક્યા નથી. જેમ કે વિષ્ણુજીએ જાલંધર રાક્ષસની પતિવ્રતા પત્ની તુલસીની સાથે છેતરપિંડી (દગો) કરીને તેની સાથે સંભોગ ક્રિયા કરીને તેના પતિ વ્રતાનો ભંગ કર્યો ભગવાન શિવે પણ શ્રી વિષ્ણુ દ્વારા મોહિની રૂપ ધારણ કરવા પર તેની સાથે સંભોગ કરવાના ઉદ્દેશથી તેનો હાય પકડ્યો તેના કારણથી શ્રી શિવનું શુક્ર (વીર્ય) સ્ખલિત થઇ (નીકળી ગયું. શ્રી વિષ્ણુજી પોતાના વાસ્તવિક રૂપ માં પ્રગટ થઈ ગયા. બ્રહ્માએ વેદોમાં વાંચ્યું કે યજુર્વેદ પાંચમંત્ર એક અગ્નઃ તનુઃ અસિ.જેનો અર્થ છે પરમેશ્વર તેજોમય શરીરયુક્ત છે. વિષ્ણુવેત્વા સોમસ્ય તનુઃઅસિનો અર્થ છે - સર્વનું પાલન કરવાને માટે તે અવિનાશી પરમાત્માનું શરીર છે. એટલા માટે બ્રહ્માએ તે બંને સ્ત્રી ઓને સમજાવી દીધુંહતું કે તમો કહેજો કે પરમાત્મા માનવ જેવા તેજોમય શરીર ધારી છે. ત્યારે માતાએ બ્રહ્માને પૂછ્યું, શું તને તારા પિતાના દર્શન થયા ? બ્રહ્માએ કહ્યું, હા મને પિતાજીના દર્શન થયા.તે મનુષ્ય જેવા તેજો મય શરીરયુક્ત છે. દુર્ગાએ કહ્યું કે સાક્ષી બતાવ.ત્યારે બ્રહ્માએ કહ્યું આ બન્નેની હાજરીમાં સાક્ષાત્કાર થયો છે. દેવીએ બન્ને છોકરીઓને પૂછ્યું કે શું તમારી સામે બ્રહ્મનો સાક્ષાત્કાર થયો છે ત્યારે બંનેએ કહ્યું હા, અમે અમારી આંખોથી જોયા છે. પછી ભવાની પ્રકૃતિ)ને શંકા ઉત્પન્ન થઈ કે મને તો બ્રહમે કહ્યું હતું કે હું કોઈને દર્શન નહિ આપું, પરંતુ આ લોકો કહે છે કે દર્શન થયા છે. ત્યારે અષ્ટનગીએ ધ્યાન લગાવ્યું અને કાળ જ્યોતિ નિરંજનને પૂછ્યું કે આ લોકો શું કહી રહ્યા છેકે જ્યોત નિરંજનજી એ કહ્યું કે આ ત્રણેય જૂઠ્ઠ બોલી રહ્યા છે.ત્યારે માતા કહ્યું, તમે જૂઠ્ઠ બોલી રહ્યા છો. આકાશવાણી થઈ કે એમને કોઈ દર્શન થયા નથી આ સાંભળીને બ્રહ્માએ કહ્યું કે માતાજી હું પ્રતિજ્ઞા કરીને શોધ કરવા ગયો પરંતુ પિતા બ્રહ્મના દર્શન થયા નહિ. તમારી પાસે આવવામાં શરમ લાગતી હતી. એટલા માટે અમે જૂઠ્ઠું બોલી દીધું, ત્યારે માતા દુર્ગાએ કહ્યું કે હવે હું તમને શ્રાપ આપું છું.બ્રહ્મા ને શ્રાપ તારી પૂજા જગત માં નહિ થાય. આગળ તારા જે વંશ જ થશે તે ખૂબ પાખંડ કરશે. જૂઠ્ઠી વાત બનાવીને જગતને ઠગશે.ઉપરથી તો કર્મ કાંડ કરતા દેખાશે અને અંદરથી વિકાર કરશે પુરાણોને વાંચીને કથા સંભળાવ્યા કરશે, પરંતુ પોતાને જ્ઞાન નહિ હોય કે સદ્ ગ્રંથોમાં વાસ્તવિકતા-સાચું શું છે,છતાં પણ માનવશ તથા ધન પ્રાપ્તિ માટે ગુરુ બનીને અનુયાયી ઓને લોક વેદશાસ્ત્ર વિરુદ્ધ દંત કથા સંભળાવ્યા કરશે.દેવી-દેવતા ઓની પૂજા કરીને તથા કરાવીને, બીજાઓની નિંદા કરીને કષ્ટ પર કષ્ટ (દુઃખ) ઉઠાવશે. જે તેમના અનુયાયી હશે તેમને પરમાર્થ નહિ બતાવે. દક્ષિણા માટે જગતને ગુમ રાહ કરતા રહેશે-ગેરમાર્ગે દોરતા રહેશે. પોતાની જાતને સૌથી શ્રેષ્ઠ માનશે બીજાઓને નીચા સમજશે જ્યારે માતાના મોંએ(મુખ)થી આ સાંભળ્યું તો બ્રહ્મા મૂર્છિત બેભાન થઈને જમીન પર ઢળી પડ્યા. ઘણા સમય બાદ ભાનમાં આવ્યા. ગાયત્રીને શ્રાપ આપ્યો કે તારા ઘણા સાંઢ(આખલા)પતિ હશે. તું મૃત્યુલોકમાં ગાય બનીશ. પુહપવ તીને શ્રાપ આપ્યો કે તારી જગ્યા ગંદકીમાં હશે. તારાં ફૂલોને કોઈ પૂજામાં અર્થે ઉપયોગ નહિ કરે. આ ખોટી જુબાનીના કારણે તારે આ નરક ભોગવવું પડશે. તારું નામ કેવડા-કેતકી પડશે. (હરિયાણામાં કુસોધી કહેવાય છે, જે ગંદકી (કુડિયો) વાળી જગ્યા એ થાય છે)આ પ્રમાણે ત્રણેયને શ્રાપ આપી દીધા પછી માતા ભવાનીને ખૂબ જ પસ્તાવો થયો. વાચક ચાહક મિત્રો કેટલીક એવી વાતો જે જાણવા સમજવા જેવી લાગે તે અહીં રજૂ થાય છે. બ્રહ્મા ગાયત્રી કેવડાને માતા દુર્ગા એ પહેલા તો જીવ વગર વિચારે મન-કાળ નિરંજનના પ્રભાવથી ખોટાં કાર્યો કરી નાખે છે, જ્યારે આત્મા (સત્પુરુષનો અંશ)ના પ્રભાવથી તેને જ્ઞાન થાય છે તો પછળથી પસ્તાવવું પડે છે. જે પ્રમાણે માતા-પિતા પોતાનાં બાળકોને નાની અમથી ભૂલ માટે ક્રોધવશ થઈને ફટકારે છે - ગુસ્સે થાય છે,પરંતુ પાછળથી ખૂબ પસ્તાય છે. આ જ પ્રક્રિયા મન કાળ નિરંજનના પ્રભાવથી તમામ જીવોમાં ક્રિયાવાન થઈ રહી છે હા અહિંયા એક વાત વિશેષ છે કે નિરંજન(કાળબ્રહ્મ)એ પણ પોતાનો કાયદો બનાવી રાખ્યો છે કે અગર કોઈ જીવ કોઈ દુર્બળ જીવને સતાવશે તો તેને તેનો બદલો આપવો પડશે. જ્યારેઆદિ ભવાની(પ્રકૃતિ અષ્ટનગી)એબ્રહ્મા ગાયત્રી તથા પુહુપવતીને શ્રાપ આપ્યો તો અલખ નિરંજન બ્રહ્મ કાળ)એ કહ્યું કેહે ભવાની(પ્રકૃતિ) આ તમે સારું નથી કર્યું.હવે હું (નિરંજન) તને શ્રાપ આપું છું કે દ્વાપર યુગમાં તારા પણ પાંચ પતિ હશે.(દ્રૌપદી) જ આદિ માયાનો અવતાર થઈ છે. જ્યારે આ આકાશવાણી સાંભળી તો આદિ માયાએ કહ્યુંકે હે જ્યોતિનિરંજન કાળ હું તારા વશમાં પડી છું તું જે ઈચ્છે તે કરી લે.વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ભાદરવા સુદ ત્રીજ એટલે કેવડા ત્રીજની શુભકામના સાથે અસ્તુ.

### ફિલ્મ 'ફક્ત પુરુષો માટે' બીજા અઠવાડિયે અડીખમ

# ગુજરાતી ફિલ્મની ઐતિહાસિક આશરે ૬.૬૫ કરોડની કમાણી

## દર્શકોએ જેવો પ્રતિસાદ 'ફક્ત મહિલાઓ માટે' ફિલ્મને આપ્યો હતો, ના કરતાં પણ સારો પ્રતિસાદ 'ફક્ત પુરુષો માટે' ફિલ્મને મળી રહ્યો છે

ગુજરાતી દર્શકોએ જેવો પ્રતિસાદ 'ફક્ત મહિલાઓ માટે' ફિલ્મને આપ્યો હતો, ના કરતાં પણ સારો પ્રતિસાદ 'ફક્ત પુરુષો માટે' ફિલ્મને મળી રહ્યો છે. જય બોડાસ અને પાર્થ ત્રિવેદીએ ડિરેક્ટ કરેલી તેમજ યશ સોની, મિત્ર ગઢવી અને એશા કંસારા જેમાં મુખ્ય રોલમાં છે એવી આ ફિલ્મ હાલ સફળતાપૂર્વક થિએટરમાં ચાલી રહી છે. તેમાં અમિતાભ બચ્ચન, દર્શન જરિવાલા અને આરતી પટેલ જેવા કલાકારો પણ મહત્વના રોલમાં છે. જન્માષ્ટમીની રજાઓ દરમિયાન રિલીઝ થયેલી આ ફિલ્મે પહેલા અઠવાડિયે જ ૫ કરોડની કમાણી કરી લીધી હતી. બીજા અઠવાડિયા દરમિયાન અને વીકેન્ડમાં પણ આ પારીવારિક ફિલ્મને દર્શકોએ સારો સાથ આપ્યો છે. બીજા વીકેન્ડમાં ફિલ્મે ૧.૬૦ કરોડની કમાણી કરી છે, તેની સાથે દસ દિવસ બાદ ફિલ્મ ૬.૬૫ કરોડે પહોંચી ગઈ છે. હાલ જો હિન્દી ફિલ્મોની વાત આવે તો ત્રણ અઠવાડિયાથી 'સ્ત્રી ૨' થિએટરમાં ચાલી રહી છે, તે સિવાય કોઈ સારી ગુજરાતી ફિલ્મ છેલ્લાં થોડાં દિવસોમાં હજુ રિલીઝ થઈ નથી, તેથી આ અઠવાડિયા દરમિયાન પણ આ ફિલ્મ પાસે ધીમી પણ સ્થિર ગતિએ કમાણી કરવાની તક છે. જો હજુ બે અઠવાડિયા સુધી આ ફિલ્મ ધીમી ગતિએ થિએટરમાં ચાલે અને વર્ડ ઓફ માઉથ પબ્લિસિટીનો લાભ મળે તો સરળતાથી ૮ થી ૧૦ કરોડ સુધી પહોંચી જવાની શક્યતા છે. મોટા ભાગની ગુજરાતી ફિલ્મો હાલ ઓટીટી રિલીઝ પર આધારીત થઈ ગઈ છે. તેમની મોટા ભાગની આવક ટેલિવિઝન અને ઓટીટી રાઈટ્સ પરથી જ થતી હોય છે. ત્યારે કોઈ ફિલ્મ થિએટર રિલીઝમાંથી ૪-૫ કરોડની પણ આવક કરે તો એ કોઈ નાની વાત નથી. જોકે, જે લોકો આ ફિલ્મ જોઈ ચૂક્યા છે તેમના મતે એક ગંભીર મુદ્દાને અને સામાજિક પ્રશ્નને કોમેડીમાંથી ધીરે ધીરે કટાક્ષ અને છેલ્લે સ્પષ્ટ મેસેજ સાથે રજૂ કરીને ઓડિયન્સને પ્રભાવિત કરી દીધું છે. તેથી લોકોને કોમેડી સાથે કટાક્ષ કરતી એક સારી ફિલ્મ જોવા મળી રહી છે. જેને કારણે હજુ આ સપ્તાહ દરમિયાન પણ ફિલ્મ ચાલશે, તેવો મત નિષ્ણાતો રજૂ કરી રહ્યાં છે.




### ફિલ્મો ૧૯૯૦ અને ૨૦૧૩ના વર્ષમાં હિટ રહી હતી

# 'આશિકી' ટાઈટલથી ટી-સિરીઝ બીજી કોઈ પણ ફિલ્મ બનાવી શકશે નહીં

રોમેન્ટિક-મ્યૂઝિકલ ફિલ્મની કેટેગરીમાં આગવી ઓળખ ઊભી કરનારી 'આશિકી'ના ટાઈટલ બાબતે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. રાહુલ રોય અને અનુ અગ્રવાલ સાથેની 'આશિકી'નું પ્રોડક્શન વિશેષ ફિલ્મ્સના બેનર હેઠળ થયું હતું. વિશેષ ફિલ્મ્સ પાસે આ ટાઈટલના ટ્રેડમાર્ક રાઈટ્સ હોવા છતાં ટી-સિરીઝ દ્વારા 'આશિકી' ટાઈટલ સાથેની ફિલ્મ બનાવવા કવાયત ચાલતી હતી. ફિલ્મના ટાઈટલ મામલે વિવાદ વધતાં મામલો દિલ્હી હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો, જ્યાં ટી-સિરીઝને હાલ 'આશિકી' નામથી ફિલ્મ નહીં બનાવવા નિર્દેશ અપાયા છે. 'આશિકી' ટાઈટલ સાથેની ફિલ્મો ૧૯૯૦ અને ૨૦૧૩ના વર્ષમાં હિટ રહી હતી. કોર્ટે નોંધ્યુ હતું કે, 'આશિકી' ટાઈટલનો ઉપયોગ ટી-સિરીઝ દ્વારા થાય તો તેનાથી લોકોને કન્ફ્યુઝન થઈ શકે છે અને 'આશિકી' બ્રાન્ડ ઢીલી બની શકે છે. વિશેષ ફિલ્મ્સે ૨૦૧૩માં 'આશિકી' અને ૨૦૧૪માં 'આશિકી કે લિયે' ટ્રેડમાર્ક રજિસ્ટર્ડ કરાવ્યા હતા. વિશેષ ફિલ્મ્સ અને ટી-સિરીઝની ભાગીદારીથી અગાઉ 'આશિકી' ફિલ્મો બની હતી. તેથી કોઈ પણ પ્રોડક્શન હાઉસે અન્ય કંપની સંમતિ વગર ફિલ્મ બનાવવી જોઈએ નહીં તેવા અવલોકન સાથે કોર્ટે ટી-સિરીઝને આ ટાઈટલથી ફિલ્મ નહીં બનાવવા નિર્દેશ આપ્યા હતા. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ જસ્ટિસ સંજીવ નરુલાએ આ કેસમાં ચુકાદો આપતાં કહ્યું હતું કે 'આશિકી' ટાઈટલનો ઉપયોગ માત્ર એક પ્રસંગે જ થતો નથી પરંતુ તે એક જાણીતી અને સફળ ફિલ્મ ફ્રેન્ચાઈઝી છે. આજ તકે નિર્માતા મુકેશ ભટ્ટ સાથે આ અંગે ખાસ વાતચીત કરી હતી. મુકેશ ભટ્ટના પ્રોડક્શન હેઠળ બનેલી ફિલ્મ 'આશિકી' ૧૯૯૦ની સુપરહિટ ફિલ્મોમાંથી એક છે. તે સમયે ફિલ્મના હીરો રાહુલ રોય અને હિરોઈન અનુ અગ્રવાલની જોડી ચાહકોને ખૂબ જ પસંદ આવી હતી. આ સિવાય ફિલ્મના ગીતોને પણ ઘણો પ્રેમ મળ્યો હતો. આજે પણ આ ગીતો ચાહકોના મનમાં છવાયેલા છે. હાલમાં જ મુકેશ ભટ્ટે દિલ્હી હાઈકોર્ટમાં 'આશિકી' શબ્દના ઉપયોગ પર પ્રતિબંધ લગાવવા માટે અરજી કરી હતી. આ કેસમાં નિર્ણય તેની તરફેણમાં આવ્યો હતો. આ સાથે T-Series અને અન્ય પાર્ટીઓ તેમના પ્રોજેક્ટ્સમાં આ શબ્દનો ઉપયોગ કરી શકશે નહીં. તેમને હવે 'તુ આશિકી હૈ' અથવા 'તુ હી આશિકી હૈ' જેવા શીર્ષકોનો ઉપયોગ કરવાની મંજૂરી નથી. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ જસ્ટિસ સંજીવ નરુલાએ આ કેસમાં ચુકાદો આપતાં કહ્યું હતું કે 'આશિકી' ટાઈટલનો ઉપયોગ માત્ર એક પ્રસંગે જ થતો નથી પરંતુ તે એક જાણીતી અને સફળ ફિલ્મ ફ્રેન્ચાઈઝી છે.




# 'ધ બકિંગહમ મર્ડર્સ' કોમી અશાંતિ ફેલાવનારી હત્યાનો ભેદ ખુલશે

## ફિલ્મના ટ્રેલરમાં કરીના કપૂરના જટિલ સંબંધો, રહસ્યો અને આરોપ પ્રતિ આરોપની ઘૂંચવણભરી ઝાળ બિછાયેલી જોવા મળે છે

કરીના કપૂરની હંસલ મહેતાએ ડિરેક્ટ કરેલી ફિલ્મ 'ધ બકિંગહામ મર્ડર્સ'નું ટ્રેલર લોંચ થઈ ચૂક્યું છે. જેમાં કરીના એવા ડિટેક્ટિવનાં લીડ રોલમાં છે, જે અસલી ખૂનીની શોધમાં છે. આ ફિલ્મનું ટ્રેલર મંગળવારે લોંચ કરવામાં આવ્યું છે. છેલ્લાં કેટલાંક સમયથી આ ફિલ્મ અંગે જે પ્રકારની ઉત્સુકતા ઊભી કરવામાં આવી છે, તેને ધ્યાનમાં રાખીને ટ્રેલર પરથી કરીના તેના પર બિલકુલ ખરી ઉતરતી હોય તેવું જણાય છે.'ધ બકિંગહામ મર્ડર્સ' ૧૩ સપ્ટેમ્બરે થિએટરમાં રિલીઝ થશે. આ ટ્રેલર ૨ મિનિટ અને ૩૪ સેકન્ડનું છે. જેની શરૂઆત કેટલીક ઈન્ટેન્સ પૂછપરછ સાથે થાય છે, જેમાં કરીને દરેક શંકાસ્પદ વ્યક્તિને પૂછતી હોય છે કે તેઓ ૧૪ નવેમ્બરે ક્યાં હતાં. કરીના જસમીક બામરા નામની ડિટેક્ટિવનો રોલ કરી રહી છે. ટ્રેલર પરથી એવું જાણવા મળે છે કે ઈશપ્રિત કોહલી નામનો એક બાળક ગાયબ થઈ ગયો છે, ત્યારે શહેરમાં કોમી અશાંતિની સ્થિતિ સર્જાઈ હોય છે. ત્યાર બાદ ઈશપ્રિતના મૃત્યુ સાથે એક મુસ્લિમ કિશોરનું નામ જોડાય છે, ત્યારે શહેરમાં હિંસા ફાટી નીકળે છે, તેનાથી કરીના એટલે કે ડિટેક્ટિવ બામરાની જવાબદારી વધી જાય છે. ફિલ્મના ટ્રેલરમાં જટિલ સંબંધો, રહસ્યો અને આરોપ પ્રતિ આરોપની ઘૂંચવણભરી ઝાળ બિછાયેલી જોવા મળે છે. તેમાં કરીનાને કેટલાંક શંકસ્પદ લોકાના ઉગ્ર વર્તનનો સામનો કરવો પડે છે, વચ્ચે તે પણ હારેલી, તૂટેલી કે ભાવુક થયેલી દેખાય છે. સાથે તે કઈ રીતે રહસ્યો ખોલે છે, એક એક પગલાંથી આગળ વધે છે અને ખૂની સુધી પહોંચે છે. આ જોઈને ફિલ્મ દર્શકોને અનેક વળાંકો સાથે જકડી રાખશે તે તો નક્કી જ છે. આ ફિલ્મ કરીના કપૂર ખાન અને એકતા કપૂર દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. રાઘવ રાજ કક્કડ, અસીમ અરોરા અને કશ્યપ કપૂર દ્વારા તેનો સ્ક્રીનપ્લે લખવામાં આવ્યો છે. આ ફિલ્મમાં કરીના ઉપરાંત રણવીર બ્રાર, એશ ટંડન, કિથ એલન જેવા કલાકારો જોવા મળશે. આ ફિલ્મનું ગીત 'સાડા પ્યાર તૂટ ગયા' રિલીઝ થઈ ચૂક્યું છે. જેમાં જેઝ બામરા એક નાઈટ ક્લબમાં નાચતાં પોતાનું માનસિક સંતુલન ગુમાવીને ભાવુક થઈ જતી જણાય છે. આ ફિલ્મ હિન્દી અને અંગ્રેજી બંને ભાષામાં ડબ કરવામાં આવી છે અને બંને ભાષામાં રિલીઝ કરવામાં આવશે. ઓક્ટોબર ૨૦૨૩માં આ ફિલ્મનું ૬૭મા બીએફઆઈ લંડન ફિલ્મ ફેસ્ટિવલમાં સ્ક્રિનિંગ થઈ ચૂક્યું છે. કરીના કપૂર ખાનની ફિલ્મ 'ધ બકિંગહામ મર્ડર્સ'નું ટ્રેલર આજે રિલીઝ કરવામાં આવ્યું છે. 'ધ બકિંગહામ મર્ડર્સ'ના ટ્રેલરમાં કરીના કપૂર ખાન શાનદાર દેખાઈ રહી છે. કરીના કપૂર ખાન ફરી એકવાર સ્કીન પર વર્ચસ્વ જમાવવા માટે તૈયાર છે. આજે ૩ સપ્ટેમ્બરે કરીના કપૂર ખાનની મર્ડર મિસ્ટ્રી ફિલ્મ 'ધ બકિંગહામ મર્ડર્સ'નું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. 'ધ બકિંગહામ મર્ડર્સ'નું લગભગ અઢી મિનિટનું ટ્રેલર એક ક્ષણ માટે પણ આંખોમાંથી હટવા દેતું નથી. કરીના કપૂર 'ધ બકિંગહામ મર્ડર્સ'માં જસમીત ભામરા નામના બ્રિટિશ ભારતીય જાસૂસનું પાત્ર ભજવી રહી છે. ટ્રેલરની વાત કરીએ તો તેની શરૂઆત કરીના કપૂર ખાનની પૂછપરછથી થાય છે. ટ્રેલર પરથી જાણવા મળ્યું છે કે આ ફિલ્મ એક સગીર બાળકની હત્યા વિશે છે, જેની હત્યા માટે એક સગીર છોકરાને આરોપી બનાવવામાં આવ્યો છે. હવે કેસ ઉકેલવામાં બીજી સમસ્યા એ છે કે જે બાળક પર હત્યાનો આરોપ છે તે મુસ્લિમ છે. આવી સ્થિતિમાં આ કેસને ઉકેલવા માટે કરીના કપૂરને ઘણી મહેનત કરવી પડી રહી છે. હંસલ મહેતાએ આ ફિલ્મનું નિર્દેશન કર્યું છે. ફિલ્મ સસ્પેન્સથી ભરપૂર છે. ફિલ્મની વાર્તા અસીમ અરોરાએ લખી છે. આ ફિલ્મ હિન્દી અને અંગ્રેજી બંને ભાષામાં બની છે. આ ફિલ્મમાં કેતન સોઢાનું મ્યુઝિક છે અને ગીતો કરણ કુલકર્ણી અને બેઈલી સાગુએ લખ્યા છે. આ ફિલ્મ ૧૩ સપ્ટેમ્બરના રોજ રીલિઝ થઈ રહી છે. ફિલ્મના નિર્માતા એકતા કપૂર, કરીના કપૂર ખાન, શોભા કપૂર છે. તમને જણાવી દઈએ કે, કરીના કપૂર ખાન આ ફિલ્મથી ફિલ્મ મેકિંગમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. કરીનાની સામે 'શાહિદ'નો ઉલ્લેખ થતાં જ અભિનેત્રી ચોંકી ગઈ હતી. નામ આવતાની સાથે જ તે તેના ચહેરાના હાવભાવ છુપાવી શકી નહીં. પરંતુ, તમે વિચારતા પહેલા કે અહીં કરીનાના એક્સ બોયફ્રેન્ડ અને બોલિવૂડ એક્ટર શાહિદ કપૂરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કરીના કપૂર ખાન બોલિવૂડની સૌથી સુંદર, લોકપ્રિય અને સફળ અભિનેત્રીઓમાંની એક છે. આ દિવસોમાં, કરીના તેની આગામી ફિલ્મ 'ધ બકિંગહામ મર્ડર્સ' માટે હેડલાઈન્સમાં છે, જેનું ટ્રેલર તાજેતરમાં રિલીઝ થયું હતું. હવે કરીના આ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે જે ૧૩ સપ્ટેમ્બરે રિલીઝ થઈ રહી છે. જેમાં તે પોલીસ ઓફિસરની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મમાં કરીના માત્ર લીડ રોલ જ નથી કરી રહી પરંતુ તે તેની પ્રોડ્યુસર પણ છે. આ દરમિયાન બેબોનો એક વીડિયો હેડલાઈન્સમાં છે, જેમાં તે 'શાહિદ'નો ઉલ્લેખ થતા જ તેના રિએક્શન બદલાઈ જાય છે. કરીના કપૂર ખાન બોલિવૂડની સૌથી સુંદર, લોકપ્રિય અને સફળ અભિનેત્રીઓમાંની એક છે. આ દિવસોમાં, કરીના તેની આગામી ફિલ્મ 'ધ બકિંગહામ મર્ડર્સ' માટે હેડલાઈન્સમાં છે, જેનું ટ્રેલર તાજેતરમાં રિલીઝ થયું હતું. હવે કરીના આ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે જે ૧૩ સપ્ટેમ્બરે રિલીઝ થઈ રહી છે. જેમાં તે પોલીસ ઓફિસરની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મમાં કરીના માત્ર લીડ રોલ જ નથી કરી રહી પરંતુ તે તેની પ્રોડ્યુસર પણ છે. આ દરમિયાન બેબોનો એક વીડિયો હેડલાઈન્સમાં છે, જેમાં તે 'શાહિદ'નો ઉલ્લેખ થતા જ તેના રિએક્શન બદલાઈ જાય છે.




### ફરહાન ૧૨૦ બ્રેવહાર્ટ્સમાં મહત્વની ભૂમિકા ભજવતો જોવા મળશે

# ફરહાન અખ્તર ભારત અને ચીન વચ્ચે થયેલા પ્રથમ યુદ્ધ આધારિત ફિલ્મ લાવશે

## ૧૨૦ બહાદુરો ત્રણ હજાર ચીની સૈનિકો સામે લડ્યા હતા અને ફરહાન અખ્તર જ પોતાના દેશવાસીઓને આ બહાદુરીની વાર્તા કહેવા માંગે છે

જ્યારે પણ ફરહાન અખ્તર કોઈપણ વિષય પર ફિલ્મ બનાવવાની જાહેરાત કરે છે, ત્યારે ચાહકોને વિશ્વાસ હોય છે કે ફિલ્મ સારી વાર્તાથી ભરેલી હશે. એક્સેલ એન્ટરટેઈનમેન્ટ હેઠળ બનેલી ફિલ્મોનો રેકોર્ડ અત્યાર સુધી સારો રહ્યો છે. આ દિવસોમાં બોલિવૂડમાં જ્યાં વાસ્તવિક ઘટનાઓ પર આધારિત ફિલ્મો બનાવવાનો અથવા વ્યક્તિના વાસ્તવિક વ્યક્તિત્વને દર્શાવવાનો ટ્રેન્ડ વધી ગયો છે, ત્યારે ફરહાન અખ્તરે '૧૨૦ બહાદુર'ની જાહેરાત કરી છે. જો કે આ પહેલા તેણે વાસ્તવિક ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તેણીએ 'ભાગ મિલ્ખા ભાગ'માં ભારતીય ટ્રેક અને ફિલ્ડ દોડવીર મિલ્કા સિંહની ભૂમિકા ભજવી હતી. હવે ફરહાન ૧૨૦ બ્રેવહાર્ટ્સમાં મહત્વની ભૂમિકા ભજવતો જોવા મળશે. આ ફિલ્મની જાહેરાતની સાથે જ ફરહાન અખ્તરે પણ આ ફિલ્મના પ્લોટ પર એક હિંટ આપી હતી. તે ભારતીય સેનાના અધિકારી મેજર શૈતાન સિંહની ભૂમિકામાં જોવા મળશે. ૧૨૦ બહાદુરો ત્રણ હજાર ચીની સૈનિકો સામે લડ્યા હતા અને ફરહાન અખ્તર પોતાના દેશવાસીઓને આ બહાદુરીની વાર્તા કહેવા માંગે છે રજનીશ રાજી ઘાઈ દ્વારા નિર્દેશિત, આ ફિલ્મ ૧૯૬૨ માં થયેલા ભારત-ચીન યુદ્ધ પર આધારિત છે, જ્યારે બંને દેશો વચ્ચે પ્રથમ યુદ્ધ થયું હતું. ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધનું નામ રેઝાંગ કાયદા યુદ્ધના નામ પરથી રાખવામાં આવ્યું છે, જે લદ્દાખ અને સપનુગર તળાવ બેસિન વચ્ચેનો પર્વતીય માર્ગ છે. અહીં ૧૨૦ બહાદુરો ત્રણ હજાર ચીની સૈનિકો સામે લડ્યા હતા અને ફરહાન અખ્તર પોતાના દેશવાસીઓને આ બહાદુરીની વાર્તા બતાવવા અને કહેવા માંગે છે. ફિલ્મનું મોશન પોસ્ટર શેર કરવાની સાથે ફરહાને મેજર શૈતાન સિંહના પરિવારનો પણ આભાર માન્યો છે. તેણે લખ્યું, "હું મેજર શૈતાન સિંહ પીવીસીના પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું કે તેમણે તેમના પાત્રને ભજવવા માટે મારા પર વિશ્વાસ કર્યો. તમારા પ્રેમ અને સમર્થન માટે હૃદયપૂર્વક આભાર.






### કંધાર વિમાન અપહરણની ઘટના ૧૯૯૯માં બની હતી

# કંધાર હાઈજેક: પ્રોપગેન્ડા વિવાદ રોકવા ડિસ્ક્લેમર મૂકવામાં આવ્યું

## સૂચના-પ્રસારણની નોટિસ બાદ દિલ્હી હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી

આતંકવાદીઓની સાચી ઓળખ છુપાવીને પ્રોપગેન્ડા ચલાવવાના આરોપ 'IC 814: કંધાર હાઈજેક' પર થઈ રહ્યા છે. નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહેલી આ વેબસિરીઝમાં પ્લેન હાઈજેક કરનારા આતંકવાદીઓની ઓળખ અને ધર્મ બદલીને હિન્દુ ધર્મની છબિ ખરડવાનો તથા આતંકવાદીઓને ગ્લોરિફાય કરવાના આરોપ મૂકાયા છે. કેન્દ્ર સરકારે પણ આ વિવાદને ગંભીરતાથી લીધા બાદ વેબ સિરીઝમાં એક ડિસ્ક્લેમર મૂકવામાં આવ્યું છે. કંધાર વિમાન અપહરણની ઘટના ૧૯૯૯માં બની હતી. તેના પરથી બનેલી વેબ સિરીઝમાં આતંકવાદીઓની ઓળખ શંકર અને ભોલા જેવા નામથી અપાઈ છે. હકીકતમાં પાંચ આતંકવાદી ઈબ્રાહિમ અખ્તર, સની અહેમદ કાઝી, ઝહુર ઈબ્રાહિમ, શાહિદ અખ્તર અને સૈયદ શાકિરે વિમાનનું અપહરણ કર્યું હતું. ફિલ્મમાં આતંકવાદીઓની સાચી ઓળખ આપવાના બદલે તેમના કુકર્મ પર પડદો પાડવા પ્રયાસ થયો હોવાના આક્ષેપ લાગી રહ્યા છે. આ સાથે તેને પ્રોપગેન્ડા સિરીઝ ગણાવી બોયકોટ કરવા અનેક સોશિયલ મીડિયા યુઝર્સે ટ્રેન્ડ શરૂ કર્યો છે. આ ટ્રેન્ડ દિવસે-દિવસે વેગ પકડી રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકારના સૂચના-પ્રસારણ મંત્રાલયે પણ નેટફ્લિક્સને નોટિસ આપી ખુલાસો માગ્યો હતો. ભારતીય સંવેદના સાથે ચેડાં થયા હોવાનું લાગતા સરકારે નોટિસ આપી હતી અને ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનું સન્માન જળવાય તેવી લાગણી સરકારે વ્યક્ત કરી હતી. સૂચના-પ્રસારણ મંત્રાલયની નોટિસ બાદ દિલ્હી હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી થઈ નોટિસ અંગે જવાબ આતાં નેટફ્લિક્સ ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ મોનિકા શેરગિલે જણાવ્યું હતું કે, ૧૯૯૯માં વિમાન હાઈજેકની ઘટના અંગે માહિતગાર ન હોય તેવા ઓડિયન્સ માટે ઓપનિંગ ડિસ્ક્લેમર અપડેટ કરાયું છે જેમાં હાઈજેકર્સના સાચા નામ અને કોડ નેમ મૂકવામાં આવ્યા છે. અપહરણ વખતે આતંકવાદીઓએ કોડનેમ રાખ્યા હતા અને સિરીઝમાં કોડનેમ બતાવાયા છે. નેટફ્લિક્સ દ્વારા થયેલા આ ખુલાસા બાદ પણ સિરીઝ સામેનો વિરોધ શમ્યો નથી. દિલ્હી હાઈકોર્ટમાં આ સિરીઝ માટે જાહેર હિતની અરજી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અનુભવ સિંહાએ ડાયરેક્ટ કરેલી સિરીઝ 'આઈસી ૮૧૪ કંધાર હાઈજેક'માં વિજય વર્મા, નસીરુદ્દીન શાહ, પંકજ કપૂર, મનોજ પાહવા, કુમુદ મિશ્રા, અરવિંદ સ્વામી, દિયા મિર્ઝા અને પત્રલેખા લીડ રોલમાં છે.



# ઝાલોદ તાલુકાના કાળીમહુડી આંગણવાડી કેન્દ્રની આકસ્મિક મુલાકાત લેતા જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણ

## ઝાલોદ તાલુકાના રૂપાખેડા સેજામાં આવેલ કાળીમહુડી આંગણવાડી કેન્દ્રની આકસ્મિક મુલાકાત લેતા જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

આ આકસ્મિક મુલાકાતમાં આંગણવાડી કાર્યકર/તેડાગર હાજર હતા. કાળીમહુડી આંગણવાડી કેન્દ્રની મુલાકાત લીધી જેમાં પોષણ ટ્રેકર મુજબ લાભાર્થી છે કે નથી તે ચેક કરવામાં આવ્યું બાળકો ને થીમ પ્રમાણે કાર્યકર દ્વારા પ્રવુતિ કરવામાં આવી. મેનુ મુજબ બાળકોને સવારનો નાસ્તો દૂધ સંજીવની યોજના અંતર્ગત આપવામાં આવ્યું. બપોરનો નાસ્તો બાળકો માટે અને પોષણ સુધાનું જમવાનું આપવામાં આવ્યું. અને નાના નાના ભૂલકાઓને પ્રોગ્રામ ઓફિસર દ્વારા બાળકોને પગરખાં વિતરણ કરી બાળકોને



પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તેમજ આંગણવાડી કેન્દ્રની ચકાસણી કરવામાં આવી. જેમાં આવેલ (એચ.સી.એમ સ્ટોક, THR સ્ટોક) ની ચકાસણી કરવામાં આવી. બાળકો દ્વારા કરવામાં આવેલ પૂર્વ પ્રાથમિક શિક્ષણની ચકાસણી કરવામાં આવી.

# ઝાલોદ નગરના માઇ ભક્તોનું પગપાળા સંઘ અંબાજી યાત્રાએ જવા નીકળ્યું

## ખોડિયાર માતાના મંદિરે આરતી પૂજન અને ધ્વજાનુ પૂજન કરી ઢોલનગારા અને ફટાકડાની ભવ્ય આતસબાજી સાથે નીકળ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ નગરમાં વાયરસ ગ્રુપ દ્વારા છેલ્લા ૨૪ વર્ષો થી પગપાળા યાત્રા સંઘ અંબાજી મંદિરે જવા આયોજન કરવામાં આવે છે. આ પગપાળા યાત્રા સંઘ ૨૦૦૦ ના વર્ષ થી ચાલે છે ફક્ત ૫ વ્યક્તિઓ થી ચાલુ કરવામાં આવેલ આ યાત્રાએ આજે મોટું રૂપ ધારણ કરેલ છે. આજની ૨૫ મી પગપાળા યાત્રાને વધાવવા મોટા પ્રમાણમાં નગરજનો ઉમટી પડેલ હતા. વાયરસ ગ્રુપ દ્વારા અંબાજી યાત્રામાં જનાર ભક્તોના નામ ૧ મહીના અગાઉથી લખવામાં આવે છે. જેથી યાત્રા દરમ્યાન કોઈ પણ પદયાત્રીને કોઈ પણ જાતની તકલીફ ન પડે.

ઝાલોદ નગરનો અંબાજી મંદિરે પગપાળા સંઘ આજરોજ તારીખ ૦૪-૦૯-૨૦૨૪ ના રોજ રાત્રીના ૮ વાગે ખોડિયાર મંદિરે ઉપસ્થિત રહ્યો હતો. ઉપસ્થિત સહુ લોકોએ ખોડિયાર મંદિરે આરતી પૂજા તેમજ ધ્વજાનુ પૂજા અર્ચન કરી માઁ અંબાના આશીર્વાદ લઈ સહુ માઈ ભક્તો બોલ માડી અંબે જય જય અંબેના જયઘોષ સાથે નીકળ્યું હતું. નગરમાં પગપાળા સંઘની યાત્રા જેમ જેમ નીકળવા લાગી તેમ યાત્રાને વધાવવા તેમજ માતાના રથના આશીર્વાદ લેવા મોટા પ્રમાણમાં લોકો ઉમટી પડ્યા હતા. આ પગપાળા સંઘના યાત્રીઓને અંબાજી જવા આશીર્વાદ આપવાં નગરના માર્ગો પર મોટા પ્રમાણમાં માનવ મહેરામણ ઉમટી



પડયું હતું. પગપાળા સંઘ જેમ જેમ યાત્રામાં આગળ વધતો જતો હતો તેમ તેમ નગરના દરેક માર્ગો પર માઁ અંબાના આશીર્વાદ લેવા ભક્તોનો ઘસારો જોવા મળતો હતો. નગરના દરેક માર્ગો પર પગપાળા સંઘ બેંડબાજા અને નાશિક ઢોલના તાલે નીકળતા માઈ ભક્તો નાચતા ઝૂમતા જોવા મળતા હતા. નગરના દરેક માર્ગો પર ફટાકડાની ભવ્ય આતસબાજી કરવામાં આવતી હતી. પગપાળા સંઘને નગરના મુવાડા ચોકડી સુધી મૂકવા નગરના લોકો આવેલ હતા. સહુ નગરજનો એ માઈ ભક્તોની પગપાળા યાત્રા સફળ રહે તેવા આશીર્વાદ આપી પગપાળા સંઘને નગરમાંથી વિદાય આપી હતી. માઈ ભક્તો પણ નગરના સહુ લોકોના આશીર્વાદ લઈ ધન્ય માની માઁ અંબાના આશીર્વાદ થકી બોલ માડી અંબે જય જય અંબેના જય જયકાર સાથે અંબાજી જવા રવાના થયું હતું.

# ઝાલોદની આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદની કે. આર. દેસાઈ આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે ૫મી સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં ૮૫ વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને ઉત્સાહ પૂર્વક શૈક્ષણિક કાર્ય કર્યું હતું. શૈક્ષણિક કાર્ય કર્યાબાદ આજના દિવસે શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ દ્વારા કોલેજના પ્રાધ્યાપકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પોતાનો પ્રતિભાવ અને અનુભવનું કથન કર્યું હતું. કોલેજના આચાર્ય સહિત તમામ પ્રાધ્યાપકોએ સૌને આશીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયનાબેન અને છાયાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ ઝુલેલાલ મંદિરે ચાલીહા ઉત્સવ સમાપન ધામધૂમ થી ભક્તિભાવ વાતાવરણ વચ્ચે યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ સિંધી સમાજનો ચાલીહા મહોત્સવના ૪૦ માં દિવસે આજે તારીખ ૦૪-૦૯-૨૦૨૪ ના રોજ પૂરા ધાર્મિક વાતાવરણ વચ્ચે ઝુલેલાલ મંદિરે સમાપન કરવામાં આવ્યું હતું. તારીખ ૨૪-૦૭-૨૦૨૪ થી ૦૪-૦૯-૨૦૨૪ સુધી પૂરા ચાલીસ દિવસ સુધી નિત્ય ભજન કીર્તન સાથે આ પર્વ યોજાયો હતો. આજના ઉત્સવના સમાપનને લઈ ઝુલેલાલ ભગવાનના મંદિરે સિંધી સમાજના સહુ લોકો મોટા પ્રમાણમાં ભેગા થયેલ હતા. નગરના સિંધી સમાજ દ્વારા ચાલીહા મહોત્સવ અંતર્ગત અમરલાલ ગ્રુપ દ્વારા ભગવાન ઝુલેલાલના કીર્તન, ભજન, સત્સંગ નિત્ય કરવામાં આવી રહેલ હતા. અમરલાલ ગ્રુપ દ્વારા ઝુલેલાલ ભગવાનના સત્સંગ ચાલીહા મહોત્સવ દરમ્યાન સિંધી સમાજના ઘરે ઘરે જઈને કરવામાં આવતો હતો.

ચાલીહા મહોત્સવ અંતર્ગત સિંધી સમાજ ઝુલેલાલ મંદિરે નિત્ય ધાર્મિક પ્રોગ્રામ કરી ઝુલેલાલ ભગવાનના ભજન કરતા હતા. આજરોજ તારીખ ૦૪-૦૯-૨૦૨૪ બુધવારના રોજ સિંધી સમાજના ઝુંલેલાલ મંદિરે ૪૦ માં દિવસે સમાપન પર્વ નિમિતે બહેરાણા સાહેબ જેવા કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. આજના સમાપન પર્વ નિમિત્તે ઝૂલેલાલ મંદિરે થી બહેરાણા સાહેબની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા દરમ્યાન સહુ લોકો સિંધી સમાજના ભજન કીર્તન પ્રસંગે ભક્તિમાં લીન થઈ નાચતા ઝૂમતા જોવા મળતા હતા. આ શોભાયાત્રા ઝૂલેલાલ મંદિરે થી મીઠાચોક, વૈષ્ણવ હવેલી થઈ રામ સાગર ખાતે સમાપન કરવામાં આવી હતી. સિંધી સમાજના મહિલાઓ, બાળકો, પુરુષો મોટા પ્રમાણમાં આ ઉત્સવ નિમિતે ઉપસ્થિત રહેલ હતા. સહુ લોકોએ ઝુલેલાલ મંદિરે મહાઆરતી કરી મહાપ્રસાદ સાથે લીધેલ હતો.

# ઝાલોદ પોલિસ સ્ટેશનમા નવા નિમાયેલ પી.આઈ એસ.સી.રાઠવા એ ચાર્જ સંભાળ્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ગુજરાત સરકાર દ્વારા પોલિસ સ્ટેશનોમા પી.એસ. આઈ ની જગ્યાએ વિસ્તારની દ્રષ્ટિએ પી.આઈ ની નિમણુંક કરવાના ઓર્ડર આપેલ છે તે અન્વયે ઝાલોદ નગરના પોલિસ સ્ટેશનને પણ નવા પી.આઈ આપી પોલિસ સ્ટેશનને અપડેટ કરવામાં આવેલ છે જેથી પોલિસની કામગીરી વધુ સરળ બને. ઝાલોદ નગરને નવાં પી.આઈ થી અપડેટ કરવામાં આવતા નવાં નિમાયેલ પી.આઈ



એચ.સી.રાઠવાને પી.એસ.આઈ એમ.એમ.માળી એ ચાર્જ આપ્યો હતો. નવા નિમાયેલ પી.આઈ એચ.સી.રાઠવાનનુ સ્વાગત પુષ્પ ગુચ્છ દ્વારા ફર્સ્ટ પી.એસ.આઈ એમ.એમ.માળી અને સે.પી. એસ.આઈ સિસોદિયા દ્વારા કરવામાં આવેલ હતું.

# ઝાલોદ તાલુકાના કંબોઈ ખાતે રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

પોષણ અભિયાન અંતર્ગત ઝાલોદ તાલુકાના કંબોઈ આંગણવાડી કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવી.

આ પ્રસંગે જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણએ જણાવ્યું કે, પોષણ અભિયાનનો આરંભ દાહોદ જિલ્લાથી કર્યો છે. પોષણ અભિયાનને સફળ બનાવવા માટે સૌથી અગત્યની બાબત જનભાગીદારી છે. તેમાં પાલક વાલીની ભૂમિકા ખૂબ અગત્યની છે. પાલક વાલી દર અઠવાડિયે બાળકની મુલાકાત લે. વાલીની મુલાકાત લે અને તેની ઉંમર પ્રમાણે વજન, ઉંચાઈ છે કે નહી તેની ખાસ કાળજી રાખે. જરૂર જણાય તો યોગ્ય ડોકટરી સારવાર પણ માટે પણ વાલીને સમજાવે. બાળકોને સુપોષિત કરવા એ દેશઘડતરનું ઉમદા કામ છે. તેમણે આંગણવાડી કાર્યકર્તા પોષણ ત્રિવેણીની અગત્યતા સમજાવતા જણાવ્યું કે, કુદરતે તમને સાચા અર્થમાં માતા યશોદા બનવાની તક આપી છે. પોષણ ત્રિવેણી તેમને સોંપેલ કામગીરી નિયત માપદંડ પ્રમાણે કરશે તો તે સાચી સમાજસેવા ગણાશે. તમને આપવામાં આવેલા સ્માર્ટ ફોનનો પણ યોગ્ય ઉપયોગ કરવો જોઈએ જેનાથી બાળકોની પોષણ બાબતે વ્યક્તિગત ટ્રેકિંગ રાખી શકાય છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, સમાજના નાગરિકોએ પણ કુપોષણ બાબતે જાગૃક બનવું ખૂબ જરૂરી છે. બાળકોના નખ કાપીને રાખવા, નિયમિત આંગણવાડી મોકલવા, બાળકોમાં સ્વચ્છતાની સુટેવો વિકસાવવા જેવી બાબતો કુંટુંબમાં જ સંસ્કાર થકી થઈ શકે છે. કુંટુંબના સભ્યોએ બાળકોના પોષણ બાબતે ખાસ ધ્યાન રાખવું જોઈએ. સરકાર દ્વારા આપવામાં આવતું ટેક હોમ રાશન ખૂબ સંશોધન બાદ તૈયાર કરવામાં આવ્યું છે તેનો બાળકો માટે આગ્રહપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. સગર્ભાવસ્થાના ૨૭૦ દિવસથી લઈને બાળકનાં ૨ વર્ષની ઉંમર સુધીનો સમયગાળો એટલે કે ૧૦૦૦ દિવસ પૂરતું પોષણ બાળકના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ મદદરૂપ છે. માટે આ સમયગાળા દરમ્યાન ખૂબ કાળજી લેવી જરૂરી છે.

**મહાનુભાવો દ્વારા વાનગી નિદર્શન સ્ટોલની પણ મુલાકાત લીધી હતી**

આ અભિયાન અંતર્ગત સપ્ટેમ્બર માસ દરમિયાન બાળકો, કિશોરો, સગર્ભા તેમજ ધાત્રી માતાઓના સ્વાસ્થ્યને સુપોષિત કરવા તેમજ ખાસ કરીને કુપોષણ નાબૂદ કરવા માટે વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે, સાથોસાથ પોષણયુક્ત આહાર બાબતે જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે. આ પ્રસંગે ગામના સરપંચ, ઝાલોદના સી.ડી.પી.ઓ નીલુબેન, આરોગ્યના કર્મચારી શ્રીઓ, શાળાના આચાર્ય સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કે.કે કદમ કન્યા વિદ્યાલય વ્યારા ખાતે શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

। (માહિતી) ગાંધીનગર, તા.૫ ।

શિક્ષક આદર્શ સમાજના નિર્માણની પરિભાષા છે. શિક્ષકોના અમૂલ્ય યોગદાન માટે સન્માન અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા તાપી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવાની પ્રેરક ઉપસ્થિતિમાં કે.કે કદમ કન્યા વિદ્યાલય વ્યારા ખાતે ૫ સપટેમ્બર શિક્ષક દિન નિમિત્તે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જિલ્લા કક્ષાએ શાળામાં શ્રેષ્ઠ કામગીરી કરનારા શિક્ષકોને અને વિવિધ પરીક્ષાઓમાં સિદ્ધી હાંસલ કરનારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પારિતોષિક એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. માતા-પિતા બાળકનું શારીરિક વિકાસ કરે છે, જ્યારે શિક્ષકો બાળકના માનસિક વિકાસનું ઘડતર કરીને બાળકના ઉજ્જવળ ભવિષ્યની ચિંતા કરીને વધુને વધુ શ્રેષ્ઠ અને સક્ષમ બનાવવા પ્રયત્નશીલ હોય



છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી વસાવાએ જણાવ્યું કે, એક કલમ, એક પુસ્તક અને એક શિક્ષક સમગ્ર વિશ્વને બદલવાની ક્ષમતા ધરાવે છે. શિક્ષક બાળકમાં શિસ્ત, ક્ષમા અને કરૂણાનું સિંચન કરીને આદર્શ સમાજનો એક જવાબદાર નાગરિક બનાવે છે. તાપી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી વસાવાએ આ પ્રસંગે સર્વ શિક્ષકમિત્રોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, વિદ્યાર્થીના જીવનમાં માતા-પિતાની સાથે શિક્ષકની ભૂમિકા ખુબ મહત્વની છે જે બાળકોના ઉજ્જવળ ભાવિને સુનિશ્ચિત કરવાનું કાર્ય કરે છે.

# આહવા ખાતે યોજાયો 'શિક્ષક દિન' : શ્રેષ્ઠ શિક્ષકો તથા તેજસ્વી વિદ્યાર્થીઓનુ કરાયુ બહુમાન

। (માહિતી) ગાંધીનગર, તા.૫ ।

દરેક વ્યક્તિની સફળતા પાછળ એક શિક્ષકનો બહુમૂલ્ય ફાળો હોય છે તેમ જણાવતા, ડાંગના ધારાસભ્ય-વ-વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે, ગુરૂજનોને વંદન કરીને 'શિક્ષક દિન'ની ઉજવણીનો ઉદ્દેશ સ્પસ્ટ કર્યો હતો. ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણના જીવન કવનનો ઉલ્લેખ કરીને, એક શિક્ષકની ભૂમિકાને ગૌરવ બક્ષતા તેમના કાર્યોમાંથી પ્રેરણા લેવાની અપીલ કરતા શ્રી પટેલે, 'શિક્ષક' અને 'સડક' મુસાફરને



તેની મંઝિલ સુધી પહોંચાડવાનું કામ કરે છે તેમ જણાવ્યું હતું. શ્રી વિજયભાઈ પટેલે, જીવનને સાચા માર્ગે વાળવામાં શિક્ષકોનો ફાળો ખૂબ જ મોટો છે તેમ કહ્યું હતું. ડાંગ જિલ્લાના 'શિક્ષક દિવસ' ઉજવણી કાર્યક્રમમાં જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકો તથા તેજસ્વી વિદ્યાર્થીઓનુ બહુમાન કર્યા બાદ પોતાના અધ્યક્ષીય વક્તવ્યમા નાયબ મુખ્ય દંડકશ્રીએ, શિક્ષકોનું ઋણ કયારેય ચૂકવી શકાતું નથી તેમ જણાવી, બાળકના સ્વપ્નને પાંખો પ્રદાન કરીને તેને તેની મંઝિલ સુધી પહોંચાડવામાં શિક્ષકોનો સિંહફાળો હોય છે તેમ જણાવ્યુ હતું. સન્માનપાત્ર શિક્ષકોને અભિનંદન પાઠવતા ધારાસભ્યશ્રીએ, ડાંગના બાળકોને ઉત્તમ શિક્ષણ આપનારા શિક્ષકોની કર્તવ્ય ભાવનાને પણ આ વેળા બિરદાવી હતી. ઉત્તરોત્તર જિલ્લાના પરિણામોમા આવી રહેલો સુધારો, એ શિક્ષણ ક્ષેત્રે આવેલા બદલાવનું પરિણામ છે તેમ જણાવતા શ્રી પટેલે શિક્ષણ વિભાગ, સિક્ષક સંઘ, અને જિલ્લા વહીવટી તંત્રના સહિયારા પ્રયાસોથી, શિક્ષણ ક્ષેત્રના સર્વાંગીણ વિકાસની નેમ વ્યક્ત કરી હતી. ધારાસભ્યશ્રીએ, રાજય પારિતોષિક વિજેતા શિક્ષિકા શ્રીમતિ બીજુબાલા પટેલની સફળતાની પણ સરાહના કરી હતી. સમાજને પ્રેરણા પૂરી પાડતા શિક્ષકોને શિસ્ત અને ચારિત્ર્ય બાબતે સતત સજાગતા રાખવા સાથે સમાજને પ્રેરણા પૂરી પાડવાની હિમાયત કરી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે વાહન ચલાવતી વખતે ચેતતા રહેજો ખાસ કરીને વળાંક પર. અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. ઘરમાં સમસ્યા ઊભી થઈ શકે છે-પણ તમારા નાની-નાની બાબતોમાં તમારા જીવનસાથીની ટીકા કરવાનું બંધ કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. તમને ખુશ રાખવા તમારા બાળકો તેમનાથા બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરશે. એવા લોકો કે જેઓ અત્યાર સુધી એકલા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે નફરતની લાગણી મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો. કામમાં પરિસ્થિતિ તમારી તરફેણમાં હોય એવું જણાય છે. તમારા દેખાવ અને વ્યક્તિત્વને નીખારવા કરેલા પ્રયત્નો તમારા સંતોષ મુજબનું પરિણામ આપશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. શું કરવું એ બાબતે તમે જો સરમુખ્યત્યાર જેવું વર્તન કરશો તો તમારા પ્રેમી-પ્રેમિકા સાથે તમને ગંભીર સમસ્યાઓ થશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. ઝડપ થી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. પ્રેમી ને આજે તમારી કંઈક વાત ખોટી લાગી શકે છે. તેઓ તમારી સાથે ગુસ્સે થાય તે પહેલાં,પોતાની ભૂલ નો અહેસાસ કરો અને તેમને મનાવી લો. કળા તથા રંગભૂમિ સાથે સંકળાયેલા લોકોને રચનાત્મક રીતે તેમનું શ્રેષ્ઠ આપવા માટે આજે અનેક નવી તકો મળશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. ઘરમાં કોઈક વિધી કરાવશો. તમારા પ્રેમી-પ્રેમિકા દ્વારા કરવામાં આવતી ટિપ્પણીઓ અંગે તમે ખૂબ જ સંવેદનશીલ હશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુળ ફેરફાર કરશો. તમારા સ્મિતોનો કોઈ જ અર્થ નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. કોઈ ની સલાહ લીધા વગર તમને આજે પૈસા નિવેશ ના કરવા જોઈએ? ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારા પ્રિયપાત્રનું. આજે તમારા કામની સરાહના થશે.

## ન્યૂઝ બ્રિફ

### હરિયાણામાં માર્યા ગયેલા મજૂરની વિધવાને મમતા સરકારે નોકરી આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

હરિયાણામાં સાબીર મલિક નામના મજૂરને ગૌમાંસ ખાવાની શંકામાં ગાય સંરક્ષણ જૂથના સભ્યોએ નિર્દયતાથી માર માર્યો હતો. આરોપી અભિષેક, મોહિત, રવિન્દર, કમલજીત અને સાહિલે પીડિત સાબીર મલિકને પ્લાસ્ટિકની ખાલી બોટલો વેચવાના બહાને એક દુકાનમાં બોલાવી હતી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બુધવારે હરિયાણામાં માર્યા ગયેલા રાજ્યના પરપ્રાંતિય મજૂર સાબીર મલિકની વિધવા અને ચાર વર્ષની પુત્રીને મદદની ઓફર કરી હતી. એજન્સી અનુસાર, એક અધિકારીએ જણાવ્યું કે સીએમ મમતા બેનર્જીએ વળતર પેકેજના ભાગરૂપે મજૂરની વિધવાને સરકારી નોકરી આપી છે.અધિકારીએ કહ્યું કે વિધવાને નિમણૂક પત્ર સોંપવામાં આવ્યો છે અને તેણીને બસંતી બીએલઆરઓ ઓફિસમાં પરિચરના પદ પર નિયુક્ત કરવામાં આવી છે. મજૂરની પત્ની અને તેની પુત્રીએ દિવસ દરમિયાન રાજ્યના સચિવાલય નબન્નાની મુલાકાત લીધી અને મુખ્યમંત્રીને મળ્યા.મળતી માહિતી મુજબ, મમતા બેનર્જીએ ખાતરી આપી છે કે તેમની સરકાર બાળકના શિક્ષણની જવાબદારી લેશે.૨૪ વર્ષીય મલિકને ૨૮ ઓગસ્ટના રોજ ચરખી દાદરી જિલ્લામાં પાંચ લોકોએ માર માર્યો હતો. હુમલાખોરોએ તેના પર ગૌમાંસ ખાવાનો આરોપ લગાવ્યો હતો. મલિકની લિંચિંગ બાદ વ્યાપક રોષ ફેલાયો હતો. આ કારણે સાંપ્રદાયિક હિંસા અને ભેદભાવના મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. હવે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મૃતકની પત્નીને નોકરી આપી છે. હત્યાની ઘટના બાદ માહિતી સામે આવી હતી.

### હવે રતિયાના ધારાસભ્ય લક્ષ્મણ નાપાએ પાર્ટી છોડી

। (એજન્સી) હરિયાણા, તા.૫ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણી પહેલા રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. હરિયાણાના ફતેહાબાદના રતિયાના ભાજપના ધારાસભ્ય લક્ષ્મણ નાપાએ પાર્ટી છોડી દીધી છે. તેમણે ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે.કહેવામાં આવી રહ્યું છે કે આગામી ચૂંટણીમાં ટિકિટ ન મળવાને કારણે લક્ષ્મણ નાપાએ પાર્ટી છોડી દીધી છે. રતિયા બેઠક પરથી ભાજપે સુનીતા દુગ્ગલને ટિકિટ આપી છે.આ પહેલા બીજેપીના અન્ય એક વરિષ્ઠ નેતા શમશેર ગિલે પાર્ટીનું પ્રાથમિક સભ્યપદ છોડી દીધું હતું અને તમામ જવાબદારીઓમાંથી રાજીનામું આપી દીધું હતું. ઉકલાણા વિધાનસભા મતવિસ્તારમાંથી પક્ષની ખોટી ટિકિટ ફાળવણીના વિરોધમાં તેમણે આ પગલું ભર્યું હતું. ગિલ કહે છે કે આ ટિકિટ ફાળવણી માત્ર પાર્ટીને જ નારાજ કરશે પરંતુ સમગ્ર હરિયાણાને ભારે નુકસાન પહોંચાડશે. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી હવે અટલ બિહારી વાજપેયીના સિદ્ધાંતો પર આધારિત પાર્ટી નથી રહી.રાજીનામું આપતી વખતે ગિલે કહ્યું કે હું ભાજપની પ્રાથમિક સભ્યપદ અને તમામ જવાબદારીઓમાંથી રાજીનામું આપી રહ્યો છું. ઉકલાના વિધાનસભા મતવિસ્તારમાંથી ટિકિટની ખોટી ફાળવણીથી માત્ર આ વિસ્તારમાં જ નહીં પરંતુ સમગ્ર હરિયાણામાં પાર્ટીને ભારે નુકસાન થશે.'' તેમણે આ નિર્ણય અંગે પાર્ટી નેતૃત્વ પર ગંભીર સવાલો ઉઠાવ્યા અને કહ્યું કે ટિકિટનો આ નિર્ણય સંપૂર્ણપણે અયોગ્ય છે.

# ભારત-સિંગાપોર વચ્ચે સેમિકન્ડક્ટર સહિત ૪ કરાર

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય સિંગાપોરની મુલાકાતે છે, સિંગાપોર પહોંચતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું**

। નવી દિલ્હી, તા.૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય સિંગાપોરની મુલાકાતે છે. બુધવારે સિંગાપોર પહોંચતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દિવસે તેઓ વડાપ્રધાન લોરેન્સ વોંગને મળ્યા હતા અને ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. તેમની મુલાકાતનો બીજો દિવસ પણ ઘણો મહત્વનો રહેવાનો છે.PM મોદીએ તેમની સિંગાપોરની મુલાકાતના બીજા દિવસે સિંગાપોરના વડા પ્રધાન લોરેન્સ વોંગ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરી. આ દરમિયાન પીએમ મોદી સાથે વિદેશ મંત્રી જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સામેલ છે. આ સમયગાળા દરમિયાન, ભારત અને સિંગાપોર ઘણા કરારો પર હસ્તાક્ષર કરવા જઈ રહ્યા છે, જેમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ બનાવવા અંગેનો મહત્વપૂર્ણ કરાર પણ સામેલ છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં, સિંગાપોરે વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં પોતાના માટે એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે. સિંગાપોર તેની સ્થિતિ જાળવી રાખવા માટે હાર્ડ અને સોફ્ટ બંને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવાનું ચાલુ રાખે છે. સિંગાપોરની યુનિવર્સિટીઓએ સેમિકન્ડક્ટર



ક્ષેત્ર માટે વિશેષ અભ્યાસક્રમો શરૂ કર્યા છે.પીએમ નરેન્દ્ર મોદી સિંગાપોરની સરકારી મુલાકાતે છે. તેમની આ મુલાકાત બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોની સ્થાપનાની ૬૦મી વર્ષગાંઠના અવસર પર થઈ રહી છે.પીએમ મોદી છ વર્ષ બાદ સિંગાપોર પહોંચ્યા છે. મોદીની સિંગાપોર મુલાકાત ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી માટે મહત્વની છે. આસિયાન દેશોમાં સિંગાપોર ભારતનું સૌથી મોટું વેપાર ભાગીદાર છે. આ દરમિયાન પીએમ મોદી બિઝનેસ લીડર્સ અને ઘણી મોટી કંપનીઓના સીઈઓ સાથે મુલાકાત કરશે. આ દરમિયાન દક્ષિણ ચીન સાગર અને મ્યાનમાર જેવા ક્ષેત્રીય મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે. વડા પ્રધાનની સિંગાપોર મુલાકાત વેપાર અને રોકાણની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. આસિયાન દેશોમાં સિંગાપોર ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. સિંગાપોર વિશ્વમાં ભારતનું છઠ્ઠું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. સિંગાપોર ભારતમાં આવતા વિદેશી સીધા રોકાણ (FDI)નો મુખ્ય સ્ત્રોત છે. સિંગાપોર વૈશ્વિક સેમિકન્ડક્ટર ઈકો સિસ્ટમમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સિંગાપોર પાસે આ ક્ષેત્રમાં ૨૦ વર્ષથી વધુનો અનુભવ છે.હાલમાં ભારતનો સમગ્ર ભાર એક્ટ ઈસ્ટ પોલિસી પર છે. ભારતે નવેમ્બર ૨૦૧૪માં ૧૨મી આસિયાન-ઈન્ડિયા સમિટ દરમિયાન આ નીતિની શરૂઆત કરી હતી. આ નીતિનો ઉદ્દેશ હિંદ મહાસાગરમાં વધતી જતી દરિયાઈ ક્ષમતાનો સામનો કરવાનો અને દક્ષિણ ચીન સમુદ્ર અને હિંદ મહાસાગરમાં વ્યૂહાત્મક ભાગીદારી બનાવવાનો છે.ચીન સાઉથ ચાઈના સીમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા સતત પ્રયાસ કરી રહ્યું છે. આ કારણે ચીન ઘણા દેશો સાથે સતત વિવાદમાં છે. ચીન દક્ષિણ ચીન સાગરના કેટલાક ભાગો પર પોતાનો દાવો કરે છે, જેના કારણે પ્રાદેશિક સ્તરે શાંતિ પ્રભાવિત થઈ છે. આવી સ્થિતિમાં ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી હેઠળ પીએમ મોદીની બ્રુનેઈ અને સિંગાપોરની મુલાકાતને ઘણી મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

**NDPએ સમર્થન પાછું ખેંચ્યું**

## રાજકીય સંકટમાં કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડો

। (એજન્સી) કેનેડા , તા.૫ ।

NDP નેતા જગમીત સિંહે ટ્રુડો સાથેનો સોદો ૨૦૨૨માં ''રદ'' થવાની જાહેરાત કરતાં કહ્યું કે તેમની ધીરજ ખૂટી ગઈ છે. જો કે, ટ્રુડોએ પ્રારંભિક ચૂંટણીની ચર્ચાને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે તેમની પ્રાથમિકતા કેનેડિયન જનતા માટે સામાજિક કાર્યક્રમોને આગળ વધારવાની છે. ''અમે કેનેડિયનો માટે કામ કરીશું અને આગામી ચૂંટણી સુધીમાં અમારા કાર્યક્રમો પૂર્ણ કરવાની આશા રાખીએ છીએ,'' તેમણે કહ્યું. કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોને બુધવાર, ૪ સપ્ટેમ્બરના રોજ મોટો ફટકો પડ્યો હતો જ્યારે તેમની લઘુમતી સરકારને ટેકો આપતી ન્યુ ડેમોક્રેટિક પાર્ટી (NDP) એ તેમનો ટેકો પાછો ખેંચી લીધો હતો. આ પગલા પછી ટ્રુડોએ તેમની સરકાર ચલાવવા માટે નવા ગઠબંધનની શોધ કરવી પડશે.NDP નેતા જગમીત સિંહે ટ્રુડો સાથેનો સોદો ૨૦૨૨માં ''રદ'' થવાની જાહેરાત કરતાં કહ્યું કે તેમની ધીરજ ખૂટી ગઈ છે. જો કે, ટ્રુડોએ પ્રારંભિક ચૂંટણીની ચર્ચાને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે તેમની પ્રાથમિકતા કેનેડિયન જનતા માટે સામાજિક કાર્યક્રમોને આગળ વધારવાની છે. ''અમે કેનેડિયનો માટે કામ કરીશું અને આગામી ચૂંટણી સુધીમાં અમારા કાર્યક્રમો પૂર્ણ કરવાની આશા રાખીએ છીએ,'' તેમણે કહ્યું.આ સમર્થન પાછું ખેંચ્યા પછી, ટ્રુડો હવે વિરોધ પક્ષો પર નિર્ભર રહેશે, ખાસ કરીને જ્યારે સંસદમાં વિશ્વાસનો મત જરૂરી હોય. જો હવે ચૂંટણી યોજાય તો તાજેતરના સર્વે મુજબ ટ્રુડોની લિબરલ પાર્ટીને જંગી હારનો સામનો કરવો પડી શકે છે. જો કે, કેનેડામાં આગામી ચૂંટણી ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં થવી જોઈએ. ૨૦૧૫ થી વડા પ્રધાન રહેલા ટ્રુડોને છેલ્લા કેટલાક વર્ષોમાં વિરોધ પક્ષો, ખાસ કરીને કન્ઝર્વેટિવ પાર્ટી, ફુગાવા અને હાઉસિંગ કટોકટીને લઈને ટીકાઓનો સામનો કરવો પડ્યો છે. એનડીપીના સમર્થનથી, તેમની સરકારે ઘણા સામાજિક કાર્યક્રમો અમલમાં મૂક્યા છે, જેમાંથી એક નેશનલ ડેન્ટલ પ્રોગ્રામ છે.જો કે, જગમીત સિંહે તાજેતરના મહિનાઓમાં ટ્રુડોના નેતૃત્વ પ્રત્યે નિરાશા વ્યક્ત કરી છે, ખાસ કરીને ખાદ્યપદાર્થોની વધતી કિંમતોને લઈને. ''જસ્ટિન ટ્રુડો વારંવાર કોર્પોરેટ લોભને વશ થયા છે. ઉદારવાદીઓએ જનતા સાથે દગો કર્યો છે અને તેમને બીજી તક ન મળવી જોઈએ,'' સિંઘે સોશિયલ મીડિયા પર એક વીડિયોમાં જણાવ્યું હતું.

**બનાવટીના આરોપમાં પતિ-પત્નીની ધરપકડ**

## મહારાષ્ટ્રમાં 'લાડલી બેહન યોજના'નો લાભ લેવા માટે ૨૬ જેટલા ફોર્મ ભરાયા

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

ખારઘરમાં રહેતી પૂજા મહામુની નામની મહિલાનું ફોર્મ વારંવાર રિજેક્ટ કરવામાં આવી રહ્યું હતું ત્યારે 'લાડલી બેહન યોજના' માટે બનાવટી અરજીનો મામલો પ્રકાશમાં આવ્યો હતો. જે બાદ ભાજપના પૂર્વ કાઉન્સિલર નિલેશ બાવીસ્કરે આ અંગે ફરિયાદ કરી હતી. મહારાષ્ટ્રમાં 'લાડલી બેહન યોજના' સાથે જોડાયેલા એક રસપ્રદ સમાચાર સામે આવ્યા છે. સાતારાના ગણેશ ઘડગે નામના વ્યક્તિએ આ યોજનાનો લાભ લેવા માટે સંપૂર્ણ યોજના બનાવી અને તેની પત્ની પ્રતિક્ષા પોપટ જાધવ ઉર્ફે પ્રતિક્ષા ગણેશ ગાવડેના નામે ૨૬ ફોર્મ ભર્યા. ઈન્ટરનેટ દ્વારા અને સંબંધીઓને તેમના આધાર કાર્ડનો ઉપયોગ કરીને જાણ કર્યા વિના છેતરપિંડીથી લાડલી



બેહન યોજનાના ફોર્મ ભર્યા.ગણેશ વ્યવસાયે ભિવંડીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરે છે. મહારાષ્ટ્ર સરકાર રાજ્યની મહિલાઓ માટે લાડલી બેહન યોજના લાવી હતી, જેમાં તેમને દર મહિને દોઢ હજાર રૂપિયા મળવાના હતા. પરંતુ છેતરપિંડી કરવાના ઈરાદે ગણેશે વધુ પૈસા કમાવવાના લોભમાં તેની પત્નીના નામે વધુ ફોર્મ ભરવાનું આયોજન કર્યું હતું.ખારઘરમાં રહેતી પૂજા મહામુની નામની મહિલાનું ફોર્મ વારંવાર રિજેક્ટ થઈ રહ્યું છે.

**નાસભાગમાં ૧૨૯નાં મોત**

## કોંગોમાં જેલ તોડવાના પ્રયાસને પગલે ફાયરિંગ

। (એજન્સી) કિન્શાસા, તા.૫ ।

કોંગોની મુખ્ય જેલને તોડવાના પ્રયાસમાં ૧૨૯ લોકોના મૃત્યુ થયા છે. સત્તાવાળાએ મંગળવારે જણાવ્યું હતું કે, મૃત્યુ પામેલા લોકોમાં ગોળીબાર અને નાસભાગમાં માર્યા ગયેલા લોકોનો સમાવેશ થાય છે. કોંગોના આંતરિક મંત્રી જેકમિન શબાનીએ એક્સપર જણાવ્યું હતું કે, ''કેદીઓએ સોમવારે રાજધાની કિન્શાસાની 'મકાલા સેન્ટ્રલ જેલ'માંથી ભાગવાનો પ્રયાસ કર્યો ત્યારે સુરક્ષાકર્મીઓ દ્વારા કરાયેલા ગોળીબારમાં ૨૪ કેદીઓના મોત થયા હોવાનો પ્રારંભિક અંદાજ છે. ઉપરાંત, સરકારે ૫૯ ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડ્યા હતા. મહિલાઓના બળાત્કારના પણ કેસ નોંધાયા હતા.'' તેમણે કહ્યું હતું કે, ''હવે જેલમાં સ્થિતિ પૂર્વવત્ બની છે.



જેલ તોડવાના પ્રયાસમાં તેનો અમુક ભાગ બળી ગયો છે.'' મંત્રીએ બળાત્કારના બનાવો અંગે વિસ્તૃત માહિતી આપી ન હતી. જેલમાં પુરુષ અને મહિલા કેદીઓ રાખવામાં આવે છે. મૃત્યુ પામેલા તમામ ૧૨૯ લોકો કેદી હતા તેની માહિતી હજુ મળી નથી. જેલ તોડવાની ઘટના અંગે ખાસ વિગત નહીં હોવાથી નાસભાગ કેવી રીતે થઈ તેની જાણકારી પણ સ્પષ્ટ થઈ શકી નથી. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે તાજેતરમાં એક અહેવાલમાં જણાવ્યું હતું કે, મકાલા કોંગોની સૌથી મોટી જેલ છે.

**દિલ્હી પોલીસે કોર્ટમાં દાખલ કરેલા એફિડેવિટમાં દાવો કર્યો**

## 'પૂજા ખેડકરનું ડિસેબિલિટી સર્ટિફિકેટ પણ નકલી છે'

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હી પોલીસે પૂર્વ IAS તાલીમાર્થી પૂજા ખેડકરના કેસમાં હાઈકોર્ટમાં કાઉન્ટર એફિડેવિટ દાખલ કરી છે. પોલીસે દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું છે કે ભૂતપૂર્વ IAS પૂજા ખેડકરે બે વિકલાંગતા પ્રમાણપત્રો રજૂ કર્યા હતા જેથી તે બતાવવામાં આવે કે તેણી બહુવિધ વિકલાંગતા ધરાવે છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આમાંથી એક દસ્તાવેજ 'બનાવટી' અને 'બનાવટી' હોઈ શકે છે.ખેડકરની આગોતરા જામીન અરજીના જવાબમાં દિલ્હી પોલીસે આ દલીલ કરી છે. પોલીસે જણાવ્યું કે ખેડકરે અનુક્રમે સિવિલ સર્વિસ પરીક્ષા- ૨૦૨૨ અને સિવિલ સર્વિસ પરીક્ષા- ૨૦૨૩ માટે બે અલગ-અલગ વિકલાંગતા પ્રમાણપત્રો સબમિટ કર્યા છે. ચકાસણી પછી, 'જારી કરતી મેડિકલ ઓથોરિટી, અહમદનગર, મહારાષ્ટ્ર' એ દાવો કર્યો છે કે 'સિવિલ સર્જન ઑફિસના રેકોર્ડ્સ' મુજબ અપંગતા, સાંભળવાની ક્ષતિ અને ઓછી



દ્રષ્ટિ દર્શાવતું પ્રમાણપત્ર આપવામાં આવ્યું ન હતું. સ્ટેટસ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડિસેબિલિટી સર્ટિફિકેટ બનાવટી અને છેતરપિંડી હોવાની પ્રબળ સંભાવના છે.આ કેસની સુનાવણી આજે એટલે કે ૫મી સપ્ટેમ્બરે થવાની છે. પૂજા ખેડકર પર છેતરપિંડી અને અન્ય પછાત વર્ગ (OBC) અને વિકલાંગતા ક્વોટાનો અન્યાયી લાભ લેવાનો આરોપ છે. પૂજાએ દિલ્હી હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી છે. પૂજા ખેડકર ૨૦૨૩ બેચની IAS તાલીમાર્થી હતી. તેણે સિવિલ સર્વિસ પરીક્ષા-૨૦૨૨માં ૮૪૧મો રેન્ક મેળવ્યો હતો. તેમની તાલીમ જૂન ૨૦૨૪ થી મસૂરી સ્થિત લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમિનિસ્ટ્રેશન (LBSNAA) માં ચાલી રહી હતી. તેમના પર અનામતનો લાભ મેળવવા માટે UPSCને પોતાના વિશે ખોટી માહિતી આપવાનો આરોપ છે. તેના પર તેની ઉંમર અને માતા-પિતા સંબંધિત ખોટી માહિતી આપવા, તેની ઓળખ બદલવા, નિર્ધારિત મર્યાદા કરતાં વધુ વખત સિવિલ સર્વિસની પરીક્ષા આપવા, નકલી જાતિ અને વિકલાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનો આરોપ છે. UPSC, તેની આંતરિક તપાસમાં, પૂજા ખેડકરને છેતરપિંડી માટે દોષી ઠેરવવામાં આવી હતી અને ૩૧ જુલાઈ, ૨૦૨ ના રોજ તેણીની પસંદગી રદ કરી હતી.આ મામલામાં PSC દ્વારા તેમની વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે અને તેમના પર ધરપકડનો ખતરો છે. પૂજા ખેડકર અગાઉ તેની ધરપકડ પર રોક લગાવવા માટે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટ પહોંચી હતી.

**કોલકાતાની ઘટનામાં જીવ ગુમાવનાર મહિલા ડોક્ટરના પિતાનો આરોપ**

## 'પોલીસ કેસને દબાવી રહી છે, લાંચ આપવાનો પણ પ્રયાસ થયા'

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

કોલકાતાની આરજી કાર હોસ્પિટલના ડોક્ટરના પિતાનું કહેવું છે કે પોલીસ શરૂઆતથી જ આ કેસને દબાવવાનો પ્રયાસ કરી રહી હતી. અમને અમારી દીકરીનો મૃતદેહ જોવાની પણ મંજૂરી આપવામાં આવી ન હતી અને પોલીસ સ્ટેશનમાં કલાકો સુધી રાહ જોવાની ફરજ પડી હતી. બાદમાં પોસ્ટમોર્ટમ બાદ લાશ અમને સોંપવામાં આવી હતી. કોલકાતાની આરજી કાર મેડિકલ હોસ્પિટલમાં ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર અને હત્યાનો મામલો હજુ પણ ચર્ચામાં છે. પીડિતાને ન્યાયની માંગ સાથે સતત દેખાવો થઈ રહ્યા છે. આ દરમિયાન પીડિતાના પિતાએ કોલકાતા પોલીસને લઈને મોટું નિવેદન આપ્યું છે. પીડિતાના પિતાનું કહેવું છે કે કોલકાતા પોલીસે મૃતદેહનો ઉતાવળે અંતિમ સંસ્કાર કરીને મામલો દબાવવાનો પ્રયાસ કર્યો હતો. તેણે આરોપ લગાવ્યો કે આ મામલો સામે આવ્યા બાદ કોલકાતા પોલીસના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ અમને લાંચ આપવાનો પ્રયાસ કર્યો હતો.તેમણે કહ્યું કે કોલકાતા પોલીસ શરૂઆતથી જ આ કેસને દબાવવાનો પ્રયાસ કરી રહી છે. અમને અમારી દીકરીનો મૃતદેહ જોવાની પણ મંજૂરી આપવામાં આવી ન હતી અને પોલીસ સ્ટેશનમાં કલાકો સુધી રાહ જોવામાં આવી હતી.

**વિશેષ**

**સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં**

# રૂ.૨૭ કરોડના ખર્ચે જળસંરક્ષણ જનભાગીદારી અભિયાન અંતર્ગત ભૂગર્ભ જળ રિચાર્જ કાર્યોનું ખાતમૂહુર્ત કરતા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ

। (માહિતી) ગાંધીનગર ।

'ભાવિ આયોજન અંતર્ગત શહેરીજનોને પીવાના પાણીની મુશ્કેલી ન પડે એવી સુદ્રઢ વ્યવસ્થા મનપા તંત્ર દ્વારા કરાઈ છે: કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ

સુરત મહાનગરપાલિકા દ્વારા જળ સંરક્ષણ જનભાગીદારી અભિયાન અંતર્ગત વિવિધ ઝોન વિસ્તારમાં રૂ.૨૭ કરોડના ખર્ચે અંદાજિત ૨૦૦૦ થી વધુ ભૂગર્ભ જળરિચાર્જ કાર્યોનું ભૂમિપૂજન કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉધના સ્થિત શ્રી છત્રપતિ શિવાજી સ્પોર્ટસ સંકુલ ખાતે આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ લોકોની પ્રાથમિક જરૂરિયાતોને પૂર્ણ કરવાં અગ્રેસર મહાનગરપાલિકા તંત્રની સરાહના કરતા કહ્યું કે, સુરત શહેરનો વિકાસ દેશના અન્ય શહેરો માટે પ્રેરણારૂપ છે. એક સમયે સ્વચ્છતા માટે ટીકાપાત્ર સુરત શહેર





આજે સ્વચ્છતામાં દેશમાં પ્રથમ ક્રમે ઉભર્યું છે, એ જ રીતે અન્ય ક્ષેત્રોમાં પણ લીડ મેળવી રહ્યું છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, ભાવિ આયોજન અંતર્ગત શહેરીજનોને પીવાના પાણીની મુશ્કેલી ન પડે એવી સુદ્રઢ વ્યવસ્થા મનપા તંત્ર દ્વારા કરાઈ છે. મંત્રીશ્રીએ ભૂગર્ભ જલસ્તર ઊંચા આવે અને ભાવિ પેઢીને પાણીની મુશ્કેલી ન પડે અને સમૃદ્ધ જળવારસાની ભેટ મળે એની કેન્દ્ર અને રાજ્ય સરકારે કાળજી લેતા જળસંરક્ષણ જનભાગીદારી અભિયાનની પહેલ કરી છે. શહેરીજનોને ઘર, સોસાયટી કે ઈન્ડસ્ટ્રીઝ સહિતની કોઈ પણ જગ્યાએ વરસાદી પાણીનો સંગ્રહ કરવાનું માળખું ઊભું કરવા તંત્રની મદદ-માર્ગદર્શન લેવા અપીલ કરી હતી, અને જનભાગીદારીની ક્રાંતિરૂપે વરસાદી પાણીનો સંચય અવશ્ય કરવા આગ્રહ કર્યો હતો. આ પ્રસંગે સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલ, મ્યુ.કમિશનર શાલિની અગ્રવાલ, ડે.મેયરશ્રી નરેન્દ્ર પાટીલ, સ્થાયી ચેરમેન રાજન પટેલ, શાસક પક્ષના નેતા શશીબેન ત્રિપાઠી, દંડક ધર્મેશ વાણીયાવાલા, અગ્રણી નિરંજનભાઈ ઝાંઝમેરા, કોર્પોરેટરો, વિવિધ સમિતિના ચેરમેનો અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાની તૈયારીઓ

। (એજન્સી) અંબાજી, તા.૫ ।

શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળાને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે લાખો પદયાત્રીઓની સુરક્ષા સામે સવાલ ઊભો થયો છે. અંબાજી પહોંચતા પદયાત્રીઓ માટે દાતા-અંબાજી માર્ગ પર ભેખડ ધસી પડવાનું જોખમ છે. ત્રિશૂળિયા ઘાટ પરની ભેખડોના કારણે પદયાત્રીઓ પર જોખમની ભીતિ છે. ત્રિશુળિયા ઘાટ પર અગાઉ અકસ્માતો થતા હતા એટલે ત્રિશૂળિયા ઘાટ પર રહેલા પર્વતોને કાપી અને માર્ગને પહોળો કરવામાં આવ્યો હતો. હવે ચોમાસાની ઋતુમાં ભેખડ અને પથ્થરો ધસી પડવાની ઘટના બને છે. ત્યારે પદયાત્રીઓની સલામતી માટે યાત્રાળુઓના માર્ગ પર પ્રોટેક્શન જાળી લગાવવાની માંગણી ઉઠી રહી છે. ભલા રાજપૂત નામના પદયાત્રિ જણાવે છે કે ભાદરવી પૂનમના મેળાને પગલે યાત્રિકોનો ધસારો વધુ રહે છે.

### સટ્ટા કિંગ દિપક ઠક્કરની પ્રોપર્ટીની તપાસમાં ડીસા અને બનાસકાંઠાના મોટા માથાં ભેરવાશે

। (એજન્સી) પાલનપુર, તા.૫ ।

ટ્રેડિંગ અને ક્રિકેટ સટ્ટાકાંડના માસ્ટર માઈન્ડ દીપક ઠક્કર ઉર્ફે ડીલક્ષને પોલીસ દુબઈથી ગુજરાત લઈ આવી ત્યાર પછી પોલીસે ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. જેમાં તપાસ આગળ વધતા દીપક ઠક્કરે ૧૦૦ કરોડની મિલકતો વસાવી હોવાનું પોલીસે શોધી કાઢ્યું છે. મૂળ બનાસકાંઠા જીલ્લાના ભાભરનો વતની દીપક ભાભર છોડીને થોડા સમયે માટે ડીસા પણ રહ્યો હતો, દરમિયાન ડીસામાં રહીને કેટલીક મિલકતો વસાવી હતી. ત્યારબાદ અમદાવાદ જતો રહ્યો હતો. જો કે આ સમયે ગાળા દરમિયાન ડીસા, પાલનપુર, અમદાવાદ સહિતના વિસ્તારોમાં પેટ્રોલ પંપ બંગલા અને જમીનો સહિતની મિલકતો વસાવી હતી. સ્ટેટ મોનીટરીંગ સેલને સોંપાયેલી તપાસમાં હવે દિપક ઠક્કરએ જે મિલકતો વસાવી છે. જેમાં તપાસ નો રેલો ડીસા ખાતે પણ આવી શકે છે.

### આગામી ૭ દિવસ રાજ્યમાં ફરી વરસાદની આગાહી કરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

રાજ્યમાં વરસાદનો હજુ એક રાઉન્ડ જોવા મળશે. આગામી ૭ દિવસ રાજ્યમાં ફરી વરસાદની આગાહી કરાઈ છે. આજે ઉત્તર ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી છે. જેમા સાબરકાંઠા અને બનાસકાંઠામાં અતિભારે વરસાદ પડી શકે છે. આ બંને જિલ્લામાં હવામાન વિભાગે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે અરવલ્લી, મહેસાણા, પાટણ અને ગાંધીનગરમાં યલો એલર્ટ આપ્યુ છે. કચ્છ, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં પણ અતિભારે વરસાદ પડી શકે છે. હાલ રાજ્યમાં બે વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. સાયક્લોનિક સર્ક્યુલેશન અને મોન્સુન ટ્રફના કારણે ગુજરાતમાં હળવા વરસાદી ઝાપટા પડશે.

---

**નોટિફિકેશન જાહેર ન થતાં ઉમેદવારોએ આંદોલનની જાહેરાત કરી હતી**

# ગાંધીનગરમાં ટેટ-ટાટ પાસ ઉમેદવારોનો કાયમી ભરતીને લઈને ઉગ્ર વિરોધ

**શિક્ષક દિને જ શિક્ષકો આંદોલનના મૂડમાં જણાતાં પોલીસે તેમની અટકાયત કરી લીધી છે**

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

દેશભરમાં આજે શિક્ષક દિનની ઉજવણી થઈ રહી છે. ત્યારે ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં સચિવાલય ખાતે પોતાના હક માટે ભાવિ શિક્ષકોએ બાયો ચઢાવી છે. કાયમી ભરતી કરવા અને નોટિફિકેશન બહાર પાડવાની માગ સાથે મોટી સંખ્યામાં ટેટ-ટાટ પાસ ઉમેદવારો રજૂઆત કરવા માટે પહોંચ્યા છે. ઉમેદવારોનું કહેવું છે કે મુખ્યમંત્રીએ જાહેરાત કર્યા પછી પણ કાયમી ભરતી કરાતી નથી. શિક્ષક દિને જ શિક્ષકો આંદોલનના મૂડમાં જણાતાં પોલીસે તેમની અટકાયત કરી લીધી છે. સચિવાલય બહાર વિરોધ કરી રહેલા ઉમેદવારોને ડિટેઈન કરાતાં અન્ય ઉમેદવારો ચ-૩ અને ઘ-૩ સર્કલ પર પહોંચ્યા હતા અને ત્યાં પણ ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

રાજ્ય સરકારે અગાઉ શિક્ષકોની ભરતીની જાહેરાત કરી હતી, જેમાં TAT HSની ૪ હજાર જગ્યાની ભરતી માટે ૧ સપ્ટેમ્બરે નોટિફિકેશન જાહેર થશે એવું કહેવામાં આવ્યું હતું. નોટિફિકેશન જાહેર ન થતાં ઉમેદવારોએ આંદોલનની જાહેરાત કરી હતી. ત્યારે આજે TAT પાસ ઉમેદવારો 'શિક્ષક દિન' નિમિત્તે ગાંધીનગર ખાતે ધરણાં પ્રદર્શન કરવા પહોંચ્યા છે. રાજ્યમાં ખાલી પડેલી ઉમેદવારોની જગ્યા પર ભરતી અંગે આજે ગાંધીનગરમાં ઉમેદવારો ધરણાં પ્રદર્શન કરવા માટે પહોંચ્યા હતા. આજે ગુજરાત સહિત દેશભરમાં 'શિક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ગાંધીનગરમાં એકવાર ફરી ઉમેદવારો દ્વારા ભરતી, પગાર સહિતના વિવિદ મુદ્દાઓ સાથે ધરણાં પ્રદર્શન કરવામાં આવ્યું. વિરોધપ્રદર્શન કરી રહેલા ઉમેદવારોનું કહેવું છે કે રાજ્ય સરકારે અગાઉ ઉમેદવારોની ખાલી પડેલી જગ્યાઓ પર ભરતી કરવાની જાહેરાત કરી હતી. ઉમેદવારોએ આગળ જણાવ્યું, આ જાહેરાતમાં TAT HSની ૪ હજાર જગ્યાની ભરતી માટે ૧ સપ્ટેમ્બરના રોજ નોટિફિકેશન જાહેર થશે એવું કહેવામાં આવ્યું હતું, પરંતુ ત્યાર સુધી સરકાર દ્વારા નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું નથી. આથી અમે ફરી એકવાર ગાંધીનગર આંદોલન કરવાના છીએ. સરકાર અમારી માગોનું જલદી નિરાકરણ લાવે એવી અમારી માગ છે. ટેટ-ટાટ પાસ ઉમેદવારે જણાવ્યું હતું કે અમે ૧૮ જૂને રજૂઆત કરવા આવ્યા હતા, ત્યારે અમને સચિવાલયમાં રજૂઆત કરવા જવા દીધા ન હતા. એ બાદ ઋષિકેશ પટેલે એવું કહ્યું હતું કે અમે જલદી નોટિફિકેશન બહાર પાડીશું અને ૨૪૭૦૦ની ભરતી બહાર પાડીશું. ત્યારે ૧ સપ્ટેમ્બરની વાત કહેવામાં આવી હતી. આજે ૫ સપ્ટેમ્બર છે. ૪ તારીખ સુધી અમે રાહ જોઈ, પણ કોઈ નોટિફિકેશન આવ્યું નહિ, જેથી આજે અમે મુખ્યમંત્રીને રજૂઆત કરવા આવ્યા છીએ. જ્યારે ગુજરાતનો શિક્ષક રસ્તે રખડતો હોય અને પોતાના ન્યાય માટે માગણી કરતો હોય તોય રજૂઆત કરવા દેતા નથી. અમને એવું કહ્યું હતું કે ૫ લોકોને અમે રજૂઆત કરવા લઈ જશું. જ્યારે પરીક્ષાની જાહેરાત કરી એના ૧૪ દિવસમાં જ પરીક્ષા લઈ લીધી હતી, અમને વાંચવાનો પણ વધુ ટાઈમ આપ્યો નહોતો.

---

# અમદાવાદ જિલ્લાના વિવિધ આંગણવાડી કેન્દ્રોમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી

**આંગણવાડીમાં અભ્યાસ કરતા ભૂલકાંઓએ ઉત્સાહપૂર્વક આંગણવાડી કાર્યકર, તેડાગર અને શિક્ષકની ભૂમિકા ભજવી**





। (માહિતી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ જિલ્લા પંચાયતના આઈ.સી ડી.એસ. વિભાગ દ્વારા વિવિધ તાલુકાઓની આંગણવાડીઓમાં શિક્ષક દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ બાવળાના ધનવાડા ગામે કેન્દ્ર-૩, સાણંદ-૨, વિરોચનગર અને ખોરજ-૩ના આંગણવાડી કેન્દ્રોમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આંગણવાડીના બાળકોએ ઉત્સાહભેર આંગણવાડી કાર્યકર, તેડાગર અને શિક્ષકની ભૂમિકા ભજવી હતી.

તદુપરાંત, આ તમામ આંગણવાડી કેન્દ્રોમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષક દિવસ નિમિત્તે કરવામાં આવેલા આયોજનમાં આંગણવાડી કેન્દ્રના બાળકોએ ખૂબ જ આનંદ અને ઉત્સાહથી ભાગ લીધો હતો.

---

# થરા વિનય વિદ્યા મંદિર ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૫ ।

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા ખાતે આવેલી શ્રી વિનય વિદ્યા મંદિર થરા ખાતે મંડળના પ્રમુખ શ્રી અણદાભાઈ આર પટેલના માર્ગદર્શન હેઠળ દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ શ્રી ડૉ. સર્વપલીરાધાકૃષ્ણનના જન્મ દિવસ નિમિત્તે સમગ્ર દેશમાં ૧૯૬૨થી શિક્ષક દિન તરીકે મનાવવામાં આવે છે તેના અનુ સંધાને ગઈકાલે શાળામાં શિક્ષક દિનની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય શ્રી અને સ્ટાફ ગણ દ્વારા એક દિવસના આચાર્ય સુપરવાઈઝર અને શિક્ષકોની નિમણૂંક કરી હતી જેમાં આચાર્ય હિરલબા એસ. વાઘેલા,સુપરવાઈ ઝર હિના પરમાર,કિંજલ દેસાઈ અને નેહલ ઠાકોર અને અન્ય વિદ્યાર્થીઓ એ શિક્ષક, ક્લાર્ક અને સેવક તરીકે સુંદર સેવા બજાવી હતી. આ પ્રસંગે આચાર્ય હરેશભાઈ પટેલ, ઈશ્વરભાઈ બોકા તથા સ્ટાફ પરિવાર ઊપ સ્થિત રહી પ્રોત્સાહિત કરેલ. થરા પોલીસ સ્ટેશનના નવનિયુક્ત પી. આઈ. રમેશભાઈ હીરાભાઈ જારીયાએ શાળામાં આવી બાળકોને મોબાઈલનો યોગ્ય રીતે ઉપયોગ કરી સાઈબર ક્રાઈમથી બચવાની વાત કરી હતી. છેલ્લે છ તાસનું શૈક્ષણિક આયોજન અને ત્યાર બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત બાળકોને સમૂહમાં બેસાડી રમતો રમાડવામાં આવી અને આ દિવસના મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા. અંતે આજના દિવસના આચાર્યએ પોતાના વક્તવ્યમાં બાળકો દ્વારા મળેલ સહકાર બદલ આભાર માન્યો હતો.

---

### અમદાવાદ-કોલકાતા સાપ્તાહિક એક્સપ્રેસનું બરગવાં સ્ટેશન પર સ્ટોપેજ

। અમદાવાદ, તા.૫ ।

પશ્ચિમ રેલવેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, ટ્રેન નંબર ૧૯૪૧૩/૧૯૪૧૪ અમદાવાદ-કોલકાતા-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસનું જબલપુર મંડળના બરગવાં સ્ટેશન પર તાત્કાલિક અસરથી પ્રાયોગિક ધોરણે સ્ટોપેજ આપવાનો નિર્ણય લીધો છે. અમદાવાદ મંડળના વરિષ્ઠ જનસંપર્ક અધિકારી શ્રી પ્રદીપ શર્મા દ્વારા બહાર પાડવામાં આવેલી અખબારી યાદી મુજબ તેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૧૯૪૧૩ અમદાવાદ-કોલકાતા એક્સપ્રેસનો બરગવાં સ્ટેશન પર આગમન-પ્રસ્થાનનો સમય ૨૦:૧૮/૨૦:૨૦ કલાકે રહેશે.

ટ્રેન નંબર ૧૯૪૧૪ કોલકાતા-અમદાવાદ એક્સપ્રેસનો બરગવાં સ્ટેશન પર આગમન-પ્રસ્થાનનો સમય ૦૫:૪૬/૦૫:૪૮ કલાકે રહેશે.

ટ્રેનના સંચાલન સમય, સ્ટોપ અને સનરચનાવિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

---

# દે.બારીઆ શ્રીમંત જયદીપસિંહ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકદિન તથા સ્વશાસન દિનની ઉજવણી કરાઈ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૫ ।



તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

તા.૫/૯/૨૦૨૪ ના રોજ દેવગઢ બારીઆ ખાતે આવેલ શ્રીમંત જયદીપસિંહ મા.અને ઉચ્ચતર મા.શાળા માં શિક્ષકદિન અને સ્વશાસન દિન ની ઉજવણી કરવા માં આવી અગાઉ દિવસે શાળા ના આચાર્ય એમ.બી.ખાબડ સાહેબે મિટિંગ રાખેલ હતી અને આ કાર્યક્રમ ની ઉજવણી કરવા માટે નું માર્ગદર્શન આપેલ આ કાર્યક્રમ માં શ્રીમતી એન.કે.જાડેજા. એન.કે. પટેલીયાને કનવિનર તરીકે નિયુક્ત કરેલા હતા તેમને તમામ વર્ગ માં જઈ ને વિદ્યાર્થીઓ ના નામ લીધા હતા આ કાર્યક્રમ માં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એ ભાગ લીધેલો તેમાં ૪૩ વિદ્યાર્થીઓએ બે સેવકમિત્રો તરીકે અને ને વિદ્યાર્થીઓ એ વહીવટી માં ભાગ લીધેલ ૫/૯/૨૦૨૪ સવાર ના રોજ સવાર ના ૧૦.૩૦ કલાકે તમામ વિદ્યાર્થીનીઓ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા અને કાર્યક્રમ ની શરૂઆત પ્રાર્થના થી લઈ શાળા ના આચાર્ય શિક્ષકદિન નિમિત્તે ડો.રાધાકૃષ્ણ સર્વપલ્લી ના જન્મ અને શિક્ષણ વિશે સમજણ આપી આપી હતી અને એન.કે.જાડેજા એ સ્વશાસન વિશે માર્ગદર્શન આપ્યું હતું ત્યારબાદ ડી.ઈસ.પટેલ સાહેબે પણ વિદ્યાર્થીઓ શિક્ષક ની ભૂમિકા ભજવે છે તેવું માર્ગદર્શન આપેલ ત્યાર બાદ સવશાસનદિન નિમિતે જે શિક્ષકો બન્યા તેમને આખા દિવસ ની ખુબ સરસ કામગીરી કરી અને ૪.૧૦ કલાકે તમામ વિદ્યાર્થીઓ પ્રાર્થના સભા માં ભેગા થયા આ કાર્યક્રમ ખુબ જ ચીવટ પૂર્વક હર્ષોલ્લાસ સાથે કાર્યક્રમ ની ઉજવણી કરવા માં આવી અને શાળા ના કાર્યક્રમ ના સુપર વાઈઝરે કાર્યક્રમ માં ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓ નો આભાર માન્યો હતો.

---

# આદિવાસી સમાજનો યુવાન સાયકલ પર ઉત્તરાખંડની યાત્રા કરી પરત ફર્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામા ભોજેલા ગામનો યુવાન ચિરાગ વળવાઈ ૧ જુલાઈ ૨૦૨૪ ના રોજ સાયકલ પર ઉત્તરાખંડની ચારધામની યાત્રા એ નીકળ્યો હતો. ઉત્તરાખંડના ચારધામ એટલે બદ્રીનાથ , કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રી જે યાત્રાની દ્રષ્ટિએ થોડા કઠિન છે. ચિરાગ વળવાઈ ને સાયકલ યાત્રા દરમ્યાન કુદરતી રીતે ઘણી તકલીફ પડી હતી તેમજ ત્યાં વાદળ ફાટી જવાની ઘટનામાં તેઓ ત્યાં ફસાઈ પણ ગયા હતા છતાંય મનમાં અડગ ભાવના અને શ્રદ્ધા થકી ચારેધામની યાત્રા પૂરી કરી હતી આ યાત્રા પછી અંદાજીત ૬૫ દિવસ પછી આ યુવક તારીખ ૬-૦૯-૨૦૨૪ ના રોજ પોતાના વતન પર પહોંચવાના છે. અંદાજીત ૨૫૦૦ કિલોમીટરની સાયકલ યાત્રા આ યુવક દ્વારા કરવામાં આવી છે. આજરોજ તારીખ ૦૫-૦૯-૨૦૨૪ ના રોજ સાંજના ૫ વાગે આ યુવક ઝાલોદ મુકામે પહોંચ્યો હતો ત્યારે આ યુવાનનું સ્વાગત નગરના હિન્દુ સંગઠનના યુવાનો દ્વારા સરદાર પટેલ ચોક ખાતે કરવામાં આવ્યું હતું. આ યુવકના ચહેરા પર ઉત્તરાખંડની ચારધામની યાત્રા પૂરી કરવાનો અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળતો હતો.

---

# દેવ દરબાર શ્રી ઓગડનાથ જાગીરમઠના મહંત બે મહિના ની મૌન તપશ્ચર્યા કરી નિજ મંદિરે પધાર્યા



। (પ્રતિનિધી) થરા, તા.૫ ।

કાંકરેજ તાલુકાની પ્રજા માટે આસ્થા શ્રદ્ધાની દિવ્ય જયોત સમાન પ્રાચીન દેવ દરબાર શ્રી ઓગડનાથ જાગીરમઠના મહંત શ્રી ૧૦૦૮ બળદેવનાથજી ગુરૂ વસંતનાથજી મહારાજ ચાર્તુમાસ ના ૨ (બે) મહિના એટલેઅષાઢી બીજથી ભાદરવા સુદ બીજ સુધી મૌન વ્રત ધારણ કરી ગાયના દૂધ લઈ તપસ્યા ઓગડ નાથજીના પગલાં ખાતે કરી ગઈકાલે દેવ દરબારની પવિત્ર ભૂમી પર શાહી સવારીમાં સમગ્ર વિસ્તારમાંથી સૌ ભાવિક ભક્ત ભાઈઓ- બહેનો સાથે પધાર્યા ત્યારે થળી મઠના મહંત જગદિશપુરીજી ગુરૂ હરીપુરીજી મહારાજ, થરા ઝાઝાવડા વાળીનાથ મહાદેવ તિર્થના મહંત ઘનશ્યામ પુરીજી ગુરૂ શિવપુરીજી મહારાજ તથા રાજકીય સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવ્યા.

---

**સુરતમાં ગણેશ સ્થાપના બાબતે વિવાદ થયો**

# સાંસદ મુકેશ દલાલના ઘરે પહોંચી સ્થાનિકોએ કર્યો ભારે હોબાળો

। (એજન્સી) સુરત, તા.૫ ।

સુરત શહેરમાં એક તરફ ગણપતિ ઉત્સવ માટે તડામાર તૈયારી થઈ રહી છે ત્યારે બીજી તરફ સુરતના અડાજણ વિસ્તારના હળપતિવાસના લોકો સાંસદ મુકેશ દલાલના ઘરે પહોંચીને ગણપતિ બાપ્પા મોરિયા, હમારી માંગે પૂરી કરો ના નારા સાથે મોરચો માંડીને બેઠા છે. લોકો દ્વારા સંસદના ઘરે મોરચો લઈ જતા પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ગણેશ મંડપ બાબતે બે ગ્રુપ વચ્ચે પ્રશ્નો સર્જાતા મામલો ગુંચવાયો છે. પોલીસ દરમિયાનગીરી કરી રહી છે પરંતુ હજી સમસ્યાનો હલ આવતો નથી. સુરતના અડાજણ વિસ્તારમાં હળપતિવાસ દ્વારા કરવામાં આવતા ગણેશ ઉત્સવની ઉજવણી માટેના મંડપ મુદ્દે વિવાદ ઊભો થયો છે. છેલ્લા ૪૦ વર્ષથી હળપતિ વાસના લોકો અડાજણ ચાર રસ્તા પાસે સરકારી જમીનમાં મંડપ ઊભો કરી ગણેશ ઉત્સવની ઉજવણી કરે છે. જોકે છેલ્લા કેટલાક વખતથી આ જગ્યાએ નોનવેજની લારી મૂકવામાં આવી છે. ગણેશ ઉત્સવ પહેલા આ લારી દસ દિવસ માટે હટાવવા અંગે પોલીસ સ્ટેશનમાં વાતાઘટ થઈ હતી. જોકે હાલમાં સરકારી જગ્યામાં નોનવેજની લારી મુકનારે લારી હટાવવાનીના પાડી દેતા મામલો ઉગ્ર બન્યો છે.

---

**બુલેટ ટ્રેન પ્રોજેક્ટ બાબતે મોટા સમાચાર**

# નવસારી જિલ્લાની કાવેરી નદી પર બુલેટ ટ્રેન માટેના પુલનું નિર્માણ કાર્ય પૂર્ણ

। (એજન્સી) નવસારી, તા.૫ ।

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ ટ્રેનથી આપણા દેશમાં રેલવે મુસાફરીનો અનુભવ હંમેશા માટે બદલાઈ જવાનો છે. મુંબઈ-અમદાવાદ વચ્ચે પ્રથમ બુલેટ ટ્રેન દોડવા જઈ રહી છે, જેના માટે રેલવે ટ્રેકની સાથે અરબી સમુદ્રની નીચે પાણીની ઉંડાણમાં ટનલ બનાવવાનું કામ પણ ચાલી રહ્યું છે. આ દરમિયાન નવસારી જિલ્લાની કાવેરી નદી પર બુલેટ ટ્રેન માટેના પુલનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે. ત્યારે ગુજરાતમાં આકાર પામનારા ૨૦ બ્રિજમાંથી ૧૧ નદીઓ પરના બ્રિજનું કામ પૂર્ણ થયું છે. મળતા અહેવાલો અનુસાર, નવસારી જિલ્લામાં આવેલી કાવેરી નદી પર બ્રિજનું કામ ગત ૨૫મી ઓગસ્ટે પૂર્ણ થયું હતું. આ બ્રિજની અન્ય વિગતો અંગે જાણીએ તો બ્રિજની લંબાઈ ૧૨૦ મીટર છે. જેમાં ૩ ફુલ સ્પાન ગર્ડર (દરેક ૪૦ મીટર)નો સમાવેશ થાય છે. બ્રિજના થાંભલાઓની ઉંચાઈ ૧૩થી ૨૧ મીટર જેટલી છે. જેમાં ૪ મીટર વ્યાસનો એક થાંભલો અને ૫ મીટર વ્યાસના ત્રણ થાંભલા છે. આ પુલ વાપી અને બીલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે છે. આ બંને સ્ટેશનો વચ્ચે કોલક, પાર અને ઔરંગા નદીઓ પર પુલનું નિર્માણ પણ પૂર્ણ થઈ ગયું છે.

---

**ગાંધીનગરની બે શાળાના વિદ્યાર્થીઓએ ફાળો સ્વીકાર્યો**

# શિક્ષક દિને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળો અર્પણ કર્યો

। (એજન્સી) અમરેલી, તા.૫ ।



ભારતના દ્વિતીય રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતીએ-શિક્ષક દિવસ નિમિત્તે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ શિક્ષક કલ્યાણ નિધિમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સેક્ટર-૮ અને સ્કૂલ ઑફ એચીવર, કુડાસણના વિદ્યાર્થીઓએ રાજભવન આવીને રાજ્યપાલશ્રી પાસેથી ફંડનો સ્વીકાર કર્યો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ અવસરે કહ્યું હતું કે, શિક્ષણ જ મનુષ્યનો વિકાસ કરે છે. મનુષ્યના જીવનમાં શિક્ષણ સૌથી વધુ મહત્વનું છે. તેમણે બાળકોને મન દઈને ભણવા અને શિક્ષણની સાથોસાથ સંસ્કાર તથા સ્વાસ્થ્યને પણ મહત્વ આપવાની શીખ આપી હતી. આ અવસરે ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી મેહુલ દવે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી. જે. પટેલ, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી ડૉ. બી. એન. પ્રજાપતિ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી ડૉ. પિયુષ પટેલ, નોડલ ઓફિસર શ્રી મુકેશસિંહ ચાવડા અને સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના શિક્ષિકા શ્રીમતી સ્મિતા એન્જિનિયર ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨